CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અખાના છપ્પા



Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અખાના છપ્પા

•

: સંપાદક :
નીલેશ મહેતા

•

: પ્રકાશક :
નવયુગ પુસ્તક ભંડાર
બુકસેલર્સ : પબ્લિશર્સ
નવા નાકા રોડ, ૧લે માળે
રાજકોટ-૩૬૦૦૦૧ (સૌરાષ્ટ્ર)
ફોન : (૦૨૮૧) ૨૨૨૫૫૯૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧લે માળે,
રાજકોટ-૩૬૦૦૦૧ (સૌરાષ્ટ્ર)
ફોન : (૦૨૮૧) ૨૨૨૫૯૬

●

© નીલેશ મહેતા

●

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫

●

ISBN : 978-93-85268-09-0

●

કિંમત
રૂા. ૮૦-૦૦

●

: મુદ્રક :
સર્વોદય ઓફસેટ
૧૩, ગજાનંદ એસ્ટેટ, માણેકચોક મિલ કંપાઉન્ડ,
ઈદગાહ પોલીસચોકી પાસે, અમદાવાદ-૩૮૦૦૧૬
ફોન : ૨૨૧૭૪૫૧૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રસ્તાવના

વેદાન્તકવિશિરોમણિ અખો જ્ઞાતિએ પરિજિયો સોની હતો. તેમને બાવન વર્ષની વયે આત્મસાક્ષાત્કાર થયો હતો. અખો એ ગુજરાતીનો એકનો એક તત્ત્વજ્ઞ કવિ છે. જેતલપુરથી પંદર-સોળ વર્ષની વયે અમદાવાદમાં આવી એણે નિવાસ કર્યો હતો. એના પિતા અને એની બહેનને લઈને રોજગાર માટે અમદાવાદમાં દેસાઈની પોળમાં રહ્યા હતા. એની વીસ વર્ષની વય પહેલાં એના પિતાનો સ્વર્ગવાસ થયો અને એ પછી થોડા જ સમયમાં એની એક બહેન કે જેના પર એનો ગાઢ સ્નેહ હતો તેણે દેવવાસ કર્યો. બાળલગ્નથી પ્રાપ્ત થયેલી યુવાન સ્ત્રી પણ એ જ સમયમાં મૃત્યુ પામી. આમ નજીકનાં સંબંધીઓને ઉપરાઉપરી ગુમાવવાથી વિરાગનું બીજ એના અંતઃકરણમાં રોપાઈ ચૂક્યું. એક દંતકથા છે કે એને એક ધર્મભગિની હતી. પોતાની સગી બહેનના સ્વર્ગવાસ પછી એ બહેન ઉપર એને ગાઢ સ્નેહ બંધાયો હતો. એ બહેને અખાને ત્યાં સુમારે ત્રણસો રૂપિયાની થાપણ મૂકી રાખેલી હતી. એ રૂપિયા ઉપાડી લેવાની ઇચ્છાથી એ સ્ત્રીએ પોતાની મૂડીમાંથી સોનાની એક કંઠી કરી આપવાને અખાને કહ્યું. સરળ હૃદયના અખાએ પોતાના પદરના રૂપિયા સો એમાં ઉમેરી ચારસો રૂપિયાની કંઠી કરી આપી. 'સોની તો સગી માનું પણ ચોરે' એમ કહેવત છે. અખો પણ સોની જ હોવાથી એના પર પેલી બાઈને અવિશ્વાસ આવ્યો. જેથી તેણે કંઠીમાંનો એક મણકો કપાવી જોયો. કાપ મૂકી જોઈને ચોકસીએ કંઠીની કિંમત ચારસોની આંકી. બહેનને પશ્ચાત્તાપ થયો અને એ કાપેલો મણકો પાછો નખાવી લેવા સારુ તે અખા પાસે ગઈ. તેણે કહ્યું કે કંઠી ઉંદરે કાપી નાખી છે માટે ફરી જોડી આપો. કાપ જોતાં જ અખાને લાગ્યું કે ઉંદરનો એ કાપ નથી. અખાએ બહેન પાસેથી સાચી હકીકત મેળવી. સંસારીઓના જૂઠા સંબંધની અને તેમના સ્નેહમાં રહેલા અવિશ્વાસની અને સ્વાર્થની અખાને આથી વિશેષ ખાતરી થઈ. એ સમયની ટંકશાળમાં એ અમલદાર હતો. એવી પણ એ કથા છે કે સત્ય નિષ્ઠાવાળો હોવા છતાં એના હાથ નીચેના નોકરોએ બાદશાહને તેના સંબંધમાં સાચું-ખોટું સમજાવ્યું. સોના-ચાંદીના સિક્કાઓમાં હલકી ધાતુનો ભેગ કરી એ નિમકહરામી કરે છે એવી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાત કોઈએ બાદશાહને કાને પહોંચાડી. બાદશાહે તેની તપાસ ચલાવી. અખો એ પરીક્ષામાં નિમકહલાલ ઠર્યો. પણ એ પ્રસંગથી એના ચિત્ત પર વિરાગની એવી તો સજ્જડ છાપ પડી કે એણે નોકરી મૂકી દીધી. પોતાના ધંધાનાં સર્વ હથિયાર કૂવામાં ફેંકી દઈને જગતના અવિશ્વાસને પાત્ર એવો સોનીનો ધંધો છોડી દઈને તે એકલો સંત-મહાત્માઓના સત્સંગમાં સત્‌પદાર્થની શોધમાં નીકળી પડ્યો. ત્યારથી એના આત્મમંથનનો કાળ શરૂ થયો અને તીર્થપર્યટન કરવાનો પ્રારંભ કર્યો. ભારતભરમાં પર્યટન કરતા તેમને જ્ઞાની સંતો મહાત્માના સત્સંગનો લાભ લીધો. તીર્થપર્યટન કરતાં-કરતાં કાશીમાં એક મઠમાં એક સમર્થ જ્ઞાની બ્રહ્માનંદજીનાં દર્શન થયાં. એક વર્ષ સુધી તેમનો રાત્રી ઉપદેશ સાંભળ્યો અને બ્રહ્માનંદજીએ તેની પરીક્ષા કરવા માટે તેને કેટલાએક જ્ઞાનવિષયક પ્રશ્ન પૂછ્યા: અખાને એના બહુ સ્પષ્ટ ઉત્તર આપ્યા અને એ બધા એમની કથા સાંભળેલી તેને અનુસરતા જ હતા. એટલે બ્રહ્માનંદજીને અખો ઉત્તમ અધિકારી છે એમ ખાતરી થઈ. હવે તો એને નિત્ય નિયમિત રીતે એમના સત્સંગનો લાભ મળવા માંડ્યો. એ જ સદ્‌ગુરુના પ્રતાપે એને આત્મસાક્ષાત્કાર થયો. અખાના છપ્પામાં જગતના આડંબરભર્યા લોકો પર સખત પ્રહાર કર્યો છે.

— સંપાદક
નીલેશ મહેતા

સંવત : ૨૦૭૧ : દેવદિવાળી
૭, પ્રહલાદ પ્લોટ,
'નવિન',
રાજકોટ-૩૬૦૦૦૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુક્રમણિકા

વેશનિંદા અંગ ૭

આભડછેટ અંગ ૭

ગુરુ અંગ ૮

સહજ અંગ ૮

કવિ અંગ ૯

વૈરાગ્ય અંગ ૯

વિચાર અંગ ૧૦

દોષ અંગ ૧૧

માયા અંગ ૧૨

ક્ષમા અંગ ૧૪

તીર્થ અંગ ૧૫

સ્વાતીત અંગ ૧૬

ચેતન અંગ ૧૭

કૃપા અંગ ૧૮

ધીરજ અંગ ૧૯

સૂઝ અંગ ૧૯

મહાલક્ષ અંગ ૨૧

વિશ્વરૂપ અંગ ૨૨

સ્વભાવ અંગ ૨૨

પ્રપંચ અંગ ૨૩

જ્ઞાની અંગ ૨૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવ-ઈશ્વર અંગ ૨૪
ચાનક અંગ ૨૮
ભક્તિ અંગ ૨૯
દોષ અંગ ૨૯
ચાણાક અંગ ૨૯
પ્રાપ્તિ અંગ ૩૧
ભાષા અંગ ૩૨
પ્રતીતિ અંગ ૩૩
ખળજ્ઞાની અંગ ૩૩
જડભક્તિ અંગ ૩૫
સગુણભક્તિ અંગ ૩૭
દંભભક્તિ અંગ ૩૮
આત્મલક્ષ અંગ ૪૦
જ્ઞાનદગ્ધ અંગ ૪૨
વિભ્રમ અંગ ૪૩
આત્મા અંગ ૪૭
વેષવિચાર અંગ ૫૦
જીવ અંગ ૫૨
દશવિધ જ્ઞાની અંગ ૫૫
વેદ અંગ ૫૭
અજ્ઞાન અંગ ૬૬
મુક્તિ અંગ ૬૭
ફુટકળ અંગ ૬૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અખાના છપ્પા

• વેશનિંદા અંગ •

સુતર આવે તેમ તું રહે, જયમત્યમ કરીને હરિને લહે;
વેશ ટેક છે આડી ગલી, માંહી પેઠો તે ન શકે નીકળી;
અખા કૃત્યનો ચઢશે કષાય, રખે તું કાંઈ કરવા જાય. (૧)

રંગ ચઢે તે જાણો મેલ, પોત રહે તે સામું સહેલ;
આપે આતમ સ્વયંપ્રકાશ, કર્મધર્મનો કાઢી પાસ;
અખા એવી સદ્‌ગુરુની કલા, સમજે નહિ તો વાધે બલા. (૨)

ખટ્‌દર્શનના જૂજવા મતા, માંહોમાંહી ખાધા ખતા;
એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અધિકો ગણે;
અખા એ જ અંધારો કૂવો, ઝઘડો ભાંગી કો નવ મૂવો. (૩)

સમજી રહે તો સઘળો લાભ, કાયાકલેશે વાધે ગાભ;
હું-માનીનતા હોયે સંતાન, આતમતાનું થાયે જાન;
અખા હરિ જાણી હું ટાળ, જન્મ કોટિની ઊતરે ગાળ. (૪)

માનીનતા માયાનો ભાગ, માને માયા પામે લાગ;
કેવળમાં જે બીજું ભળે, કલ્પિત ભ્રમ ટળ્યો ન ટળે;
અખા નિજ આતમને સાધ્ય, ઔષધવોણી જાયે વ્યાધ્ય. (૫)

હું ટાળી અછતો થૈં રહે, હરિપ્રવાહ માંહે થૈ વહે;
પોતાપણેથી જે નર ટળે, અણઆયાસે હરિમાં ભળે;
અખા વાત સમજી લે વિધે, જાંહાં છે ત્યાં આકાશ જ મધે. (૬)

પડે નહીં જે પૃથ્વી સૂએ, કને નહીં તો કો' શું ખૂએ?
ટાઢું-ઊનું નોહે આકાશ, પાણીમાં નોહે માખણ-છાશ;
બ્રહ્મજ્ઞાન એવું છે અખા, જ્યાં નૈં સ્વામી સેવક ને સખા. (૭)

એક નહીં તો બીજું કશું, જાણું નૈં શું વસો વસું?
પંચ નહીં ત્યાં કેની સાખ? વણ રક્ષાના અચવ્યો રસ ચાખ;
અખા સમજે તો સમજી જુએ, બાપના બાપને ઘેલા રુએ. (૮)

• આભડછેટ અંગ •

આભડછેટ અંત્યજની જણી, બ્રાહ્મણ વૈષ્ણવ કીધા ધણી;
બાર માસ ભોગવે એ બે, સૌને ઘેર આવી ગઈ રે';
અખા હરિ જાણે જડ જાય, ને તો મનસા વાચા પેશી રે' કાય. (૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાનાં પડખાં નવ જુએ, હાડ ચામડાં મૂરખ ધુએ;
શુદ્ધ કેમ થાય જો ચામડું, મોટું માંહે એ વાંકડું;
હરિ જાણ્યા વિના ભૂલ્યા ભમે, અખા પાર ન પામે ક્યમ? (૧૦)

ઈશ્વર જાણ્યો તે આચાર, પણ એ તો છે ઉપલો ઉપચાર;
મીઠડાં મહુડાં માન્યાં દ્રાક્ષ, અન્ન નોય અન્નમાંની રાખ;
સોનામખી સોનું નવ થાય, અખા આંધળીને પાથરતાં વા'ણું વાય. (૧૧)

• ગુરુ અંગ •

ગુરુ તૈ બેઠો હોંશે કરી, કંઠે પા'ણ શકે ક્યમ તરી?
જ્યમ નાર નાનડી હવું પ્રસૂત, વળતી વાધે નૈં અદ્ભુત;
શિષ્યને ભારે ભારે વહ્યો, અખા તે મૂલગેથો ગયો. (૧૨)

પોતે હરિને નૈં જાણે લેશ, કાઢી બેઠો ગુરુનો વેશ;
સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યો ઘેર આપ;
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા, શું મૂકે ભવપાર? (૧૩)

તું તારું સમજીને બેશ, કાં ચોળે ડીલ પ્યારી મેશ?
તૂમડું જ્યમ માંહેથું મરે, જે લૈ પેસે તે સૌ તરે;
તરુવર ફળ દેવા નવ જાય, અખા આવી જાચે તે ખાય. (૧૪)

પે'લો તું પરમારથ પ્રીછ, પછે ગુરુ થવાને ઇછ;
પારો મૂઓ તે રોગ નિગમે, પછે ભોજન બો'ળું તે જમે;
ત્યમ નિરાશે મલે નારાણ, અખા તું પહેલે એવું જાણ. (૧૫)

તું તારા મનમાંહી પ્રીછ, શાને મોટપ લે છે શીશ?
ઝીણું મળીને મોટું થાય, મોટું કણયકા થૈને જાય;
અખા વાત વિચારે વિધ્યે રિધ્ય ઘણી તો રે' સંનિધ્યે. (૧૬)

આપે આપ પૂરણ બ્રહ્મહરિ, પોત પસાર્યું રચના કરી;
ચૈતન્ય બ્રહ્મશલાનું ચિત્ર, ઋષિ જક્ષ માનવ પશુ પિત્ર;
થાય જાય એ માયાભેદ, અખા ચૈતન્યનો નોહે ઉચ્છેદ. (૧૭)

• સહજ અંગ •

ધર્મ સતવાદી ભીમ બળવંત સેદેવ જોશી જાણે તંત;
અર્જુન બાણાવાળી નકુળ ચતુર, સાથ જેને શ્રીકૃષ્ણ હજૂર;
વન ભોગવતા દુખિયા થયા, પામી રાજ્ય અધૂરા ગયા. (૧૮)

સહેજે જે થાયે તે થાય, કર્તવ્યનું બળ અખો ન ગાય;
સૂધું સમજી સુખિયો થા, મૂકી આપ ઈશ્વરમાં જા;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધરમ, અરથ, મોક્ષ ને કામ, એ માયા પગ મૂક્યા ઠામ;
નિઃસ્પૃહી તે નિરાળો રહે, અખા લાલચિયો લીધે વહે. (૧૯)

સમજે તો અવળું છે તાન, બીજું ઇચ્છે એ જ જાન;
સોનામાંહે બીજું ભળે, મૂળ રૂપ તેનું જયમ ટળે;
જેમ છે તેમ એ છે આત્મા, અખા કેની એવી છે ક્ષમા? (૨૦)

• કવિ અંગ •

કવિતા ઘણા કવિ કવી ગયા, અદ્યાપિ કવે પ્રત્યક્ષ રહ્યા;
વળી આગળ કવશે બહુ કવિ મનની વૃત્ય જોજો અનુભવી;
અખા મનાતીત ત્યમનું ત્યમ, મનની વૃત્યમાં મનની ગમ. (૨૧)

જ્ઞાનીની કવિતા ન ગણીશ; કિરણ સૂર્યનાં કેમ વરણીશ?
શબ્દ તણો છેડો કેમ થાય? આકાશને કેમ તોળ્યું જાય?
એવું વચન અલિંગી તણું અખા નહિ કોય પર આપણું. (૨૨)

સ્થિતિ નહીં આપાપર તણી, પંડ્ય બ્રહ્માંડનો થાયે ધણી;
અચવ્યું સરખું દીસે આપ, ભૂત ભવિષ્યનો નોહે થાપ;
અખા જોતાં ચિદ્ આકાશ, આવિર્ભાવ વિના શો નાશ? (૨૩)

• વૈરાગ્ય અંગ •

જો ઊપજે તો ખરો વૈરાગ, બીજા કૃત્યનો ન છબે પાગ;
હેલામાં હરિ પામે વેદ, જો ઊપજે સાચો નિરવેદ;
જ્યમ ફૂલ પાછળથું ફળ નિદાન, અકા વૈરાગ્ય તે પરમ નિધાન. (૨૪)

વૈરાગ્ય વિના તે ઊપજે, ખેદ મારું તારું ભેદાભેદ.
સત્ય વૈરાગ ગોળીની ચોટ, લાગે તો તે થાયે લોટપાટ;
જો ભાગે અખા પર કે પાગ, તોય ટળે ઊડવા લાગ. (૨૫)

સત્ય વૈરાગ્ય સ્વામીનું રદે, મહાપુરુષ સર્વે એમ વદે;
જે વૈરાગ દેખાડે કરી, એ તો મન કેરી મશ્કરી;
પલકેપલકે પલટે ઢંગ, એ તો અખા માયાના રંગ. (૨૬)

સૂરજ તેમ સાચો વૈરાગ્ય, તપતે ન જુએ જાગ્ય કુજાગ્ય;
સહુને તેજ કરે તે સહી, પરછાયો પોતામાં નહીં;
જ્યાં ઊપજે સાચો નિર્વેદ, નોહે અખા ત્યાં ભેદાભેદ. (૨૭)

સત્ય વૈરાગ સ્વે જાણો હરિ, ત્યાં માયાને શું ગ્રહિયે આદરી?
જેમ નવગ્રહના રત્ન મુલવાય, પણ પારસનું મૂલકોયે ન થાય;
અખા તે વૈરાગ વિચાર, વેશ તુને નૈં મૂકે પાર. (૨૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પતિ કહાવે તો મનને જીત, બાકી જે કરશે તે રીત;
ચાર વર્ણ ને આશ્રમ ચાર, જ્યાં અવતરે ત્યાં વેશ વે'વાર;
અખા વાત પામ્યો શી નવી? જે લાગ્યું તે છૂટ્યો ભોગવી. (૨૯)

એમ સમજે નર પામે પાર, જે મુજ પહેલો હુતો કર્તાર;
મુજ જાતે રે'છે હરિ, વચ્ચે હું રહ્યો માથે કરી;
અખા એમ વિચારી રહે, શીશ રોટલો નાખી વહે. (૩૦)

ગોળે મરે કાં શોધે વખ ? તપી ભમી કાં પામે દખ?
ફરતા ફરતા દીસે ઘણા, જેમ તાતી વેળુ માંહે ચણા—
અખા ઊડી જા અળગો પડે, વસ્તુવિચાર સદ્‌ગુરુથી જડે. (૩૧)

હેત વિના પ્રવૃત્તિ વધે, હોંશે કુબુદ્ધિ બેસે ગધે;
દેખાદેખી સહુ કો કરે, પણ કો ન જુએ, જે શું છે સરે;
અખા જો વિચારી જુએ, રોતાં દેખી સૌ કોઈ રુએ. (૩૨)

ઘરમાં ઘાયલ મનઃકામના, કર્મ મોહ્યા દમચામના;
કૂલે શેકે કેમ હોય નિર્વાણ, જો નૈં ઊપજે આતમજાણ?
સૌનામાં સૌ ઊપજે મરે, અખા સમજ તે મોટી સરે. (૩૩)

ભૂનાં ભાંડ એક જોતાં સર્યું, લાગ્યો અગ્નિ કહાવ્યું ઠીકરું;
તેમ જીવશિવ વસ્તુગત એક, અહંતા કેરી લાગી ટેક;
અખા જીવ અહંતાભાગ, ઉજ્જ્વળમાં જેમ કાળો દાગ. (૩૪)

અગમ પંથમાં મોટો ભલ્લ, ચાલી શકે કો એકલમલ્લ;
સામો મળે ન વાંકો જાય, નિજબળ બળિયો ત્યાં ઠેરાય;
બાકી અખા હોંકારા કરે, ભૂમિ વિના પગ કોઈક ધરે. (૩૫)

વણ ખાંડે જગતીમાં જીત, જો કોઈ સમજે આતમરીત;
જાઈશ મા ખોવા પામવા, ઈચ્છીશ મા ટળવા ને થવા,
પ્રવૃત્તિ નિવૃત્તિ દાસી છે બે, જો અખા તો એ ઘેર રહે. (૩૬)

• વિચાર અંગ •

આપ વિચારે મળશે રામ, વણસમજ્યો લે કોનું નામ?
બોલે ચાલે જે વડે સુણે, તેને જીવ લેખે નવ ગણે;
કેમ અખા હરિ મળશે તને, કંઠે હાર, પાછળ પડ્યો કને? (૩૭)

પૂરો તે જે પૂરણ લહે, બીજા વે'તા કેડે વહે;
જે નર દેખે સઘળે હરિ પૂર્ણ ભક્તિ તો તેણે કરી;
જ્યાં જેવો ત્યાં તેવો રામ, અખા સઘળાં એનાં નામ. (૩૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધીર ધીર મન ધસતું રાખ્ય, કર્મશાસ્ત્રની ન પૂછે સાખ્ય;
આગળ મન વિષયે લાલચી, તેને બ્રહ્મ દેખાડે રચી;
અખા મોટું છે એ વાંકડું, જેમ કરડ્યું વીંછીએ માંકડું. (૩૯)

સાચું કે'તાં જૂઠું શમે, પણ સૂધી વાત સૌને નવ ગમે;
જેમ દીવે અંધારું ટળે, તેમ બ્રહ્મજ્ઞાને પરપંચ પળે;
જગત તણી જુગતીશું પ્રીત, અખા ન સમજે આતમરીત. (૪૦)

ત્રણ ગુણનો સંસાર, ગુણ વડે ચાલે દેહવ્યાપાર;
કળ ભરાવ્યે ચાલે ગાંઠ, મન આદિ સઘળો આ ઠાઠ;
અખા વસ્તુની ચૈતન્યશક્તિ, જે સમજ્યા તે પામ્યા મુક્તિ. (૪૧)

હું નહીં ગુણ ઈન્દ્રિય દેહવાન, પ્રકૃતિ પુરુષનું નહિ મુજ માન;
મુજમાં સહુ હું સર્વાતીત, હું છું ત્યાંહાં નૈં દ્વૈતાદ્વૈત;
અખા એમ સમજી રહે જેહ, જીવન્મુક્ત યોગેશ્વર તેહ. (૪૨)

પ્રીછે તો ગુણપારે રહે, ગુણમાં આવે તેને દહે;
જે ઊડ્યો જાયે આકાશ, તેને નોય પૃથ્વીનો નાશ;
અખા એમ સમજ્યો તે હરિ, તેને સરખી દરી-સુંદરી. (૪૩)

અહંબ્રહ્મ જાણીને રહે, શબ્દપ્રવાહમાં શેને વહે?
વસ્તુ વિચાર વિના અન્ય અભ્યસે, જેમ કંચન તે કથીરે ઘસે;
અખા સમજી રે' તું મનમાંહ બીજાની નવ ઝાલીશ બાંહ. (૪૪)

• દોષ અંગ •

દોષ ન જોઈશ કેના ભૂર, તો હરિ દેખીશ બૌ ભરપૂર;
મેલી આંખે ક્યમ દીસે વસ્તુ, જેણે જોયાં આમિષ ને અસ્ત?
અખા તો જ દીસે આતમા, જો નાવે રસના તાસમાં. (૪૫)

હરિજન સ્વે હરિ-નહિ માનવી, જેમ સરિતા ભળી જ્યાં જાહ્નવી;
તેની નિંદા કરતાં ક્રૂર, નિજ આતમથી પડશે દૂર,
હરિજન સર્વાંગે હરિ વડે, અખા વેલો તાણ્યો આવે થડે. (૪૬)

પુરુષાકારે પૂરણ બ્રહ્મ જેણે સમજ્યો મૂળગો મર્મ;
કર્મવાક્ય જીવબુદ્ધિ ગાય, સ્વયં વિના સિદ્ધાંત ન થાય;
નિજ તું જ્ઞાન નિજરૂપે હોય, પાલો જ અખા જેમ થાયે તોય. (૪૭)

પૂરણતામાં સર્વ સમાય, નદી વડે સાગર ન ભરાય;
જેમ દાવાનળ બાળે સર્વ, તેમ જ્ઞાન. દોષ દહે સર્વ;
દેહવિકાર હરિજનને કશા! અખા જેહની મોટી દશા. (૪૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અણલિંગી હરિજનની કળા, કર્મ ન બાંધે આઘી બલા;
અહંતાપોત વિના નોહે ભાત, દિવસ વિના તે શેની રાત?
લૌકિક લેખું રહે લોકમાં, અખા જીત નહિ ફોકફોકમાં. (૪૯)

રૂડું જાણી નથી રાખવા, કૂડું જાણી નથી તાગવા;
તન તપાસી તુજને શોધ, બાહ્ય ઉપચાર મૂકી બુધ્ય બોધ;
તજ્યા ભજ્યા વણ તે યોગેશ, અખા જો માને ઉપદેશ. (૫૦)

તજતાં ભજતાં નહિ પૂરવે, જૂનું તજે મન લાગે નવે;
જ્યાં જીવો જીવ કાઢે વેશ, તે સાથે મન કરે પ્રવેશ;
મનની રીત જે ગૂંથે જાળ, કાઢ અખા આતમની ભાળ. (૫૧)

હરિ જાણીને સૂએ નચંત, સુલભ મારગ સમ જ્યાં સંત;
સનકાદિકે ન ભજ્યો પ્રપંચ, જનકાદિકને ન તજિયો રંચ;
તજવું ભજવું તે સંસાર, અખા સમજતાં આવે પાર. (૫૨)

સર્વાતીત શ્રુતિ કે'તા હવા, માયારંગ બીજા નવનવા;
મનને જોડ માયાશું ઘણો, કરે ઉપાય તે ભજવા તણો;
વસ્તુ વિષે છે મનનો અંત, તેહ અખા લેહ વિરલા સંત. (૫૩)

હું નહીં તું નહીં તે ન કે'વાય, જે જોતાં જોનારો જાય;
ત્રણ પ્રકાર વિના જેમ તેમ, તેથી હેઠો મનનો વે'મ;
નહીં પદાર્થ જોવા ઝાલવા, અખા સરખું છે નહિ પ્રીછવા. (૫૪)

વસ્તુ અનુપમ છે તે માંય, તો તે કહીએ કેમ ઉપાય?
ઉપમા સર્વ છે માયા વડે, તે તો કૈવલ્યને નૈં અડે;
અખા વસ્તુ ગૂંગાનો ગોળ, ત્યાં ઉપમા તે માયાની ટોળ. (૫૫)

સગુણને ઉપમા સર્વે ઘટે, જે ઉપમા ને ગુણ બંને વટે;
જ્યાં થાવા તે જાવા નથી, ત્યાં વાણી શું કાઢે કથી;
અખા તે વડે સર્વ જાણ, તો તેને કથી શકે ક્યમ વાણ? (૫૬)

• માયા અંગ •

માયાના ગુણ કર્મ રૂપ નામ, માયાના ગુણ શ્વેત ને શ્યામ;
માયાને મારા પારકા, દેવ દાનવ બે માયા થકા;
માયાના ગુણ જ્યાં નવ છબે, તેને અખા તે કોણ આલંબે? (૫૭)

વસ્તુ નથી ઇન્દ્રિને ગ્રાહ્ય, શાથી જંત ટળે, શું બાહ્ય?
બાહ્ય મધ્ય અંતરપટ વડે, અંતરપટ માયા રહી ઘડે;
માયાનાં કૃત્ય માયા લગે, અખા વિચાર પડશે વગે. (૫૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક્ષર પિંડ ને અક્ષર આત્મા, જે સમર્યો સરજ્યો વાતમાં;
તત્ત્વ ચોવીશ તણો સમુદાય, મુજ વડે સહુ આવે જાય;
હું પૂરણ ચૈતન્યઘન એક, નામ રૂપ ગુણ કર્મ અનેક;
અખા સમજ્યો તે અણચવ્યો, જેણે એ માર્ગ અનુભવ્યો. (૫૯)

મનશું વાત વિચારી અખે, જ્ઞાની તે જે માયા ભખે;
નાઠો છૂટે નૈં એ થકી, અલગી નૈં છાયા દેહથકી;
જે આશ્રમ દર્શનને ગ્રહે, રસબસ થૈ માયા ત્યાં રહે. (૬૦)

ભેદુ માયા સમૂળી ગળે, સામું ટળે ને આપે ટળે;
આપાપર ટળતે ઊગરે, રોજ લક્ષ તેમાં સ્થિત કરે;
અખા જીત્યાનું ન ધરે માન, જીત્યો હારે ઝાલે કાન. (૬૧)

મહા વલગણી માયા પાપણી, જેમ સેવતાં ડસે સાપણી;
સિદ્ધિકાજે યોગીજન, થાવા અજરામર ઠરે જતન;
મંત્ર અઘોર ખવારે નર્ક, અખા ન દેખાડે આતમ અર્ક. (૬૨)

દેહ ઈન્દ્રિ ગુણનાં સર્વ કર્તા, રીસે માયા કરતી તર્ત;
તે કાં શિર તાણી લે અખા? માન વિના પણ રે'શે કખા;
સર્વે જાણે ભૂતવિકાર, સમજે સે'જે પામે પાર. (૬૩)

અખા જીવ તણે એ વજા, અજને ઠામે પૂજા અજા;
ઈન્દ્રિયગ્રાહ્ય નહિ હરિલિંગ, જીવને જોઈએ નાના રંગ;
રંગઢંગ માયામાં ઘણા, સૌ કો સેવક માયા તણા. (૬૪)

સૌ કોની માયા છે માત, મળવા ન દિયે કેને તાત;
પિતા તણું વદન જે જુએ, માતાને ખોળે નવ સૂએ;
તાત ભજતા આડી થાય, અખા સહુ માયાગુણ ગાય. (૬૫)

મુક્તિ વાંછવી એ જ બંધન નામ, જેમ ઘડી માપતાં પ્રગટ્યે જામ;
વસ્તુ અમોઘ ઈન્દ્રિય ગુણવ્રત્ય, માયાની જાણો સંસ્રત્ય;
અખા વિચારે ત્યમનું ત્યમ, તો સમજે જો હોય ગુરુગમ. (૬૬)

જ્યમ સરપે નર સમણે ડસ્યો, તે દેખે વેખે મરતક જસો;
મણિ મંત્ર મેલી ઔષધિ, મૃત્યુ પામ્યો કરતાં વિધિ;
સર્પ મંત્ર ઔષધ ઉપચાર, જાગે અખા ટળ્યો સંસાર. (૬૭)

અખા સર્વ માનીનતાને ભેદ, માનીનતાનો વિધિનિષેધ;
બંધમોક્ષ ચૈતન્યને કશા? જોતાં જડની જડશે દશા;
એ તો વિચાર વિના અંધેર, દીસે ફરતું ફરતાં ફેર. (૬૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માનણહર શોધ્યે નવ જડે, વણશોધ્યે ભવ ભમવું પડે;
પડછંદો નર માન્યો નરે, જેમ બોલે તેમ ઉત્તર કરે;
મૂળ તાપસી જોયું અખે, મારો ભ્રમ પૂર્યો મુજ વિખે. (૬૯)

અણલંગી કરતાની કથી, માંઈ બાર ચસમાને નથી;
તો તેજબળ પોખે આંખ્યને, જો જો ભેગ યોગસાંખ્યને;
મહેતામાં તે સમજી જશે, અંખા ગુરુનો કર શિર હશે. (૭૦)

• ક્ષમા અંગ •

કિલ્બિષ જન્મકાલનાં જાય, જેના નામ તણો મહિમાય;
એવા નામ તણો જે ધણી, તેની મોટમ જોતા ઘણી;
તેની ભક્તિ કરે ઓળખી, એ સમરેથી અખા નર સુખી. (૭૧)

જે બોલે ચાલે સાંભળે, કરતાં થકો કેમાં નવ ભળે;
નર નારી તે નપુંસકલિંગ, જળચર થળચર ખેચર અંગ;
કર્તા ભર્તા હર્તા જેહ, અખા ભક્ત જે જાણે એહ. (૭૨)

પૂજ્ય તેને સમજી ઓળખી, જે વચને વચને ટાળે દુઃખી;
નરવેષે હરિ પૂરણબ્રહ્મ, જે જુક્તે કરી સમજાવે મર્મ;
ગુણાતીત ગુણ અંગીકારી, આપે આપ સમજાવે હરિ. (૭૩)

પૂજતાં પ્રતિમા ગુણ સે'જ, પણ બોલતી મૂર્તિમાં હરિ છે જ.
જડમૂર્તિ મુખ બોલે નહીં, ચેતન તે તુજ સેવા સહી;
પિંડ ન જોઈશ જાજે વસ્ત, અખા મળે હરિ હસ્તેહસ્ત. (૭૪)

અખિલ જગત મૂર્તિ રામની, મહાજ્ઞાનીની મૂરત છે કામની;
જડથી ચેતન મૂરત ભલી, જ્ઞાનીમૂરત સર્વોપરી;
કારણ તેનું એક વિશેષ, અખા હું ન મળે જ્યાંહાં શેષ. (૭૫)

કોટિ વર્ષ પ્રતિમા પૂજીએ, પણ જ્ઞાની મૂરત પામી સેવીએ;
પોતા સરખો હરિજન કરે, મોટું મા'તમ જ્ઞાતા ધરે;
જડચેતન ગમે તે પૂજ, અખા સેવન તેની સૂઝ. (૭૬)

પૂજાનો એ ભાળે ભેવ, જે પૂજી નીપના શુકદેવ;
જનકવિદેહી સેવ્યા દ્વિજે, તે બેઠા જ્ઞાનને ધ્વજે;
અખા જ્ઞાનીનો મહિમા ઘણો, ઈશે ઈશ રખે કોઈ ગણો. (૭૭)

દીસે સૌ સરખાં વરતંત, ખાતાપીતાં મરતાં જંત;
એક અધિકતા જ્ઞાની ધરે, હરિશું વૃત્ય સ્વતંત્ર જ કરે;
અખા તે વૃત્યમાં બહુ ભાવ, જ્યમ જળને ભારે તર્યું જાય નાવ. (૭૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્તિ એકાશી પૂરી થઈ, બ્યાસીમે બુધ્ય આવી રહી;
તેવો ભક્ત જ્ઞાનીને ભજે, નવની સકલ્ય નહીં રહે રજે;
પંચ કરે તે સૌ કો કરે, અખા એવું વિરલા મન ધરે. ૭૯

સોળે અંશે હરિ જાણી રદે, જેની વાણી બીજું નવ વદે;
જેમ અગ્નિથી દીવો થયો, દીવામાં દાવાનલ રયો;
તે માટે હરિજન સ્વે હરિ, અખા રખે કો પૂછો ફરી. (૮૦)

• તીર્થ અંગ •

તીરથ કોટિ હરિજનને ચરણ, કૃપા હશે તે જાણે શરણ;
બારે કાળ હરિજનને રદે, હરિ બોલાવે તે જન વદે;
મહા મોટા જનનો પરતાપ, અખા ગયા હરિ આપે આપ. (૮૧)

જો મુક્તિ વાંચ્છે માનવી, તો એ કાશી ને એ જાહ્નવી;
પ્રગટ મુક્તિ આપે હરિદાસ, હરિ દેખાડે સર્વાવાસ;
અખા નહિ ઉધારે પડી, હરિજન મુક્તિ આપે રોકડી. (૮૨)

રામ રડવડતાં કેને મળ્યો ? ઘેલો તે ઘરસુખથી ટળ્યો;
હું મારું ખોયાશું કામ, મળે અખા ઘરબેઠા રામ;
હરિવણ જાણે ક્ષેપણ કાણ, ધોયે હીર ન થાયે વાળ. (૮૩)

છળનિંદા જો નૈં વીસરે, ખડિયો કાંધે શું નીસરે ?
મન જાણે હું પાવન થયો, પણ રેખ દોષ પે'લો નવ ગયો;
અખા પડી એ સઘળી વેઠ, જો નૈં લાધી હરિની પેઠ. (૮૪)

હેતેશું હરિજનને મળે, મૂકી માન મારગમાં ભળે;
હરિની તું પ્રીછી લે પેર, પછે ફરવા હાલ કે બેસી રે' ઘેર;
અખા આ પાંત ન જોઈએ હાડ, દહીં મથી ઘી અળગું કાઢ. (૮૫)

એમ સમજે તે પામે પાર, હરિથી બીજો તે સંસાર;
તપ ત્યાગ કરી તીરથ ફેર, વને તપે બેસી રે' ઘેર;
કાળા ધોળા સઘળા કેશ, અખા હરિ જાણીને બેસ. (૮૬)

લોભે લોક બડાઈ તણો, ઉંદર કાજે ડુંગર ખણો;
આગળ એક રીઝવવું મન, તેને કાજે બહુ જતન;
અખા શું છે કીધે થવા, વ્યસની ચાલ્યો ખાવા હવા. (૮૭)

જે કર્તવ્ય મોટા આદરે, કરતાં દેખી સૌ કો કરે;
માયા મન નિરંતર સાવ, સૌ બેઠા પણ એક જ નાવ;
અખો તેહને મોટો વદે, જેને રામ રમે છે રદે. (૮૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધને તને કોઈ મોટો કુળે, કોઈ વિદ્યા કોઈ ખાંડાબળે;
એ મોટમ સઘળી જાય ટળી, આતશબાજી પલકે બળી;
અખા કારણ વિના વડપણ વહું, જેમ સ્વલ્પમૂલ્ય તારે તુંબડું. (૮૯)

કૃત્યે ન મળે વસ્તુ અમૂલ, મટે જાડ્ય તો ભાંગે ભૂલ;
કોઈ શૂરા કોઈ દાતા દયા, કોઈ તપસી સતવાદી થયા;
સૌને જાડ્ય અધિક થૈ મળે, અખા વસ્તુથી સૌ કો ટળે. (૯૦)

સાચી વાત ન માને રગ્યે, સૌ લાગ્યા માયાની ઠગ્યે;
પ્રત્યક્ષ દેવ પોતામાં વસે, મૂર્ખ સામો જાણી ધસે;
જેમ છે તેમ ન શકે ઓળખી, અખા શી પેરે થાશે સુખી? (૯૧)

ચૂસે અસ્થિ શ્વાન મહા દુઃખે, નીસરે રુધિર પોતાને મુખે;
રાતો રંગ દેખી મલકાય, પણ કારણ પડ્યું પોતામાંય;
સઘળે રચાણું તારું મન, અખા ગમે તેમ કરે જતન. (૯૨)

શબ્દ તણી માંડી છે જાળ, ચાળા કરે છે માયાકાળ;
ચણ મૂકે માંહી ફળકામના, મોહ્યા પશુ વડે દામ-ચામના;
ત્રણ ભુવનમાં એક પારધી, અખા, કોક ઊગરે સારધી. (૯૩)

જ્યારે ઊપની મનઃકામના, ત્યારે ફેર પડ્યા ગામના;
સે'જે નર થાયે નિષ્કામ, તો નથી લેવા જાવો રામ;
જેમ સૂર ઊગેથી વાદળ ટળ્યું, અખા ધામ દીસે નિર્મળું. (૯૪)

અર્થ સમજે છૂટે અનર્થ, જ્યમ અળગો છોડી નાખ્યો રથ;
કટકે નામ જૂજવાં સહી, પણ વૈ'લ વચ્ચેથી દીસે નહિ;
અખા દેહ ગુણના વ્યાપાર, વાસ્તે તું રાખે નિર્ધાર. (૯૫)

સ્વામીનું પદ સર્વાતીત, જે કોઈ સમજે આતમરીત;
ચુંબક દેખી લોહ ચેતન થાય, ચુંબક તેમનો તેમ છે પ્રાય;
ત્રણ ગુણ તેમ છે દેહ વ્યાપાર, અખા આત્મા આપ વિચાર. (૯૬)

• સ્વાતીત અંગ •

દેશકાળનો મહિમાક્રમ, ભાવભેદ નહિ પદ પર્મ;
સત્યજુગ ત્રેતા દ્વાપર કળિ, લઘુ દીરઘ હસ્તે આંગળી;
અખા હાથ ચૈતન્ય તેમ એક, એમ સમજવો વસ્તુવિવેક. (૯૭)

હીસે મન જુગ મહિમા સુણી, અદકે ઓછે નૈં કોણ ધણી;
જુગજુગના જૂજવા વર્તમાન, ક્યારે જગ તપ યજ્ઞ ને ધ્યાન;
અખા એ માયાવિસ્તાર, ચારેના ઉદરમાં ચાર. (૯૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મુક્તિબંધ નહિ જુગ માટ, એ તો અજાણ્યા જીવ બાંધે ઘાટ;
સાઠ સહસ્ર સગરના તન, થયા અવગતિયા પામ્યા પતન;
ત્યારે અખા કલિજુગ ક્યાં હતો? એ બારે કાળ માયાનો મતો. (૯૯)

અચાનક જ્ઞાન ઊપજે એમ જાણ, કાંઈ દેશકાળનું નૈં પરમાણ;
જેમ અકસ્માત્ પડે પર્જન્ય, ઋતુ કુઋતુ નહિ મેઘને મન;
વય વર્ણ દેશ કાળ જ કશા? અખા જ્ઞાનની મોટી દશા. (૧૦૦)

ધરા અવતાર ચોવીસે વિષ્ણુ, તેમાં પૂરણબ્રહ્મ કા'વ્યા કૃષ્ણ;
તેથી બળિયા બીજા હતા, માન દાનવ બૌ દેવતા;
છતે પિંડે કૈવલ્ય કૃષ્ણ રહ્યા, અખા અધિક તે તેણે કહ્યા. (૧૦૧)

કૈવલ્યને આધારે સહુ, બ્રહ્મા વિષ્ણુ મહેશ જ બહુ;
સહુ તેમાં થઈ રહે ને જાય, અધકી ઓછી વસ્તુ ન થાય;
તું તદ્રૂપ વિચારે અખા, બાકી શબ્દ સઘળા મોરખા. (૧૦૨)

• ચેતન અંગ •

વારંવાર માનવદેહ નથી, પામ્યો તો ચેતે ધરથી;
જ્યારે જર્જર થાશે અંગ, ઇન્દ્રિય મૂકી જાશે સંગ;
ત્યારે અખા જપમાલા ગ્રહે, ભાંગે ઘડે પાણી કેમ રહે? (૧૦૩)

તા મેલે જેમ લોઢા તણો, વાયે અગ્નિ કાંઈ થોડોઘણો;
તકેતક થઈ આવે કાજ, હાજર રાખે સઘળો સાજ;
એમ અખા પરમેશ્વર ભજે, પડ્યે મને કાંઈ નહિ નીપડે. (૧૦૪)

અવસર ચેતે તે નર ભલો, શૂરો જેમ ઝૂઝે એકલો;
મહારથી તેમ સાચા હરિજન, મનમાં નાણે તન ને ધન;
જેમ તેમ કરી સારે નિજકામ, અખા જાઓ કે રે'જો લાજ. (૧૦૫)

વૃદ્ધ થયો વંઠ્યું મન, તન, ઉપાય ટળ્યો ને ખૂટ્યું ધન;
ત્યારે ધર્મ સાધવા જાય, કોહ્યું કાપડ સોદો થાય?
અખા ભજી નૈં જાણ્યો નાથ, ભોંયે પડિયા ચારે હાથ. ૧૦૬
હરિ ભજતાં જોઈએ હેત પ્રીત, માંહે આતુરતા સંતની રીત;
સદ્ગુરુનું શરણ ગ્રહેવું ખપે, હરિને કાજે મન બૌ તપે;
તે નર હરિને પામે વેદ, અખા એ જ ભજવાનો ભેદ. (૧૦૭)

આરત વિના ભજે શું થશે? પીતળ સોનામાં કેમ જશે?
દુખિયો દુઃખ નિગમવા કાજ, નવરો રડી ચલાવવા બાજ;
કથા કીર્તન બૌ કરતા ફરે, અખા હરિ પ્રાપ્ત લેખે સરે. (૧૦૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આતુરતા આણી આરાધ, સંમુખ થૈ સદ્‌ગુરુને સાધ;
સદ્‌ગુરુ મળે તો સે'જે તરે, સમજ વિના સૌ ફેરા ફરે;
હરિ વિના ફોગટ ફાંફાં જાણ, અખા રામ નોહે પાણી પાણ. (૧૦૯)

• કૃપા અંગ •

પૂરણબ્રહ્મ પ્રીછવા કાજ, નવધા ભક્તિ વૈષ્ણવ સાજ;
જેમ કશી વસ્તુ કનેથી પડી, આદર કરતાં પાછી જડી;
અલ્પ આદરે જો આવે હાથ, તો અખા કાજ શું શોધ્યા સાથ? (૧૧૦)

હરિમણિકંઠો પોતાને અમૂલ, તે પડ્યો જાણી બા'ર ખોળે ધૂળ;
ત્યાં કર્મકાચની કણિકા જડી, તેણે વ્યસને લાગ્યો કાઢે હડી;
અલ્પ પ્રાપ્ત ને અતિ આયાસ, અખા ન જાણે આતમ પાસ. (૧૧૧)

હરિની ઈચ્છાએ હરિ મળે, તે તો અખા અંતરમાં ગળે;
જનક ખટ્વાંગે ક્યાં નવધા કરી? વિચાર કરતાં પામ્યા હરિ;
કૃપાહરિ હસ્તણીશું કાજ, ઢોળે કળશ તો પામે રાજ. (૧૧૨)

સાત દિને પરીક્ષત રાજાન, ભ્રમ ગયો ભેટ્યા ભગવાન;
બીજા બૌ ત્યાં બેઠા હતા. શુકના મુખની સુણતા કથા;
તે તેવાના તેવા રયા, અખા હરિની જોઈએ મયા. (૧૧૩)

અખા કામ છે સમજ્યા સાથ, પણ કૃપારૂપણી જોઈએ આથ;
બીજો સઘળો દેહવ્યાપાર જન્મમરણ ન ટળે સંસાર;
કૃપા સમજને અર્થે સર્વે કર્ત, જા ઊપજે તો પામે તર્ત. (૧૧૪)

વણસમજે સબળો સંસાર, સમજે જાયે સમૂળો ભાર;
જેમ જેમ સાચું માને જન, તેમ તેમ વાધે દંને દન;
અખા પ્રેત બીનાને ખાય, પણ ધીરજવાન તે કુશળો જાય. (૧૧૫)

એક અફીણ બીજો સંસારી રસ, અધિક કરે તેમ આપે કસ;
જેમ જેમ અધકું ખાતો જાય, અંગે અક્કલે હીણો થાય;
જો મૂકે તો મૂએ સરે, નૈં તો અખા તે ખાતો મરે. (૧૧૬)

ત્યમ એ ભોગ તણો સંસાર, જીર્ણ થયો પડિયો આહાર;
નવો નીપજે તેમ લાગે સવાદ, તો કેમ જાયે ભવની વ્યાધ?
અખા ખરા જેમ સંસાળ્યે થાય, ઘસી ફેડી તો સમૂળી જાય. (૧૧૭)

જાય સમૂળો તેમ સંસાર, કરતાં આતમતત્ત્વવિચાર;
અન્ય ઉપાયે નથી એ જવા, સામા બંધ બંધાયે નવા;
કર્મ કરતાં નાવે છેક, અખા વિચારે ન મળે શેષ. (૧૧૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

• ધીરજ અંગ •

બ્રહ્માદિક નવ પામ્યા પાર, એમ જાણીને ખાશો માર;
અગમ અગોચર સૌને હરિ, બ્રહ્માકીટ લગી માયા આવરી;
અખા હરિ જો મળનારા થાય, તો ન ગણે ઊંચનીચ રંકરાય. (૧૧૯)

કુળ અધિકાર અધ્યયન ચાતુરી, પાપી મૂર્ખ ત્યાં ન જુએ હરિ;
જેમ વાયની વળણે લાગે લાય, પણ ડાબું જમણું ન ગણે વાય;
ત્યમ ઊંચનીચ ન ગણે ના'રાણ, અખા એમ ખરાખરી જાણ. (૧૨૦)

• સૂઝ અંગ •

સમી સૂઝ સૂઝે તે પામ, સૂઝ વિના સૌ ચાંપ્યાં ચામ;
સૂઝે દુઃખ તે સુખ નીવડે, સૂઝ વિના જ્યાં ત્યાં આથડે;
અખા સુઝાળો તે નર હરિ, અણલિંગી સૂઝ આવી ખરી. (૧૨૧)

સૂઝે ભજવા તજવા નથી, રાજ કરે કે ભીખે ઘેરથી;
દુઃખસુખ કાળે આવે જાય, પણ સૂઝાળો તે ધણી ન થાય;
અખા સૂઝવહોણી તે હાણ, રાજે ભીખે ન ટળે તાણ. (૧૨૨)

સુઝાળાને સરખું સદા, કારણ વિના તે પામ્યો મુદા;
ચારે જુગ સૂઝ આગળ ફરે, પણ જુગબળ તેને નવ આવરે;
સૂઝ વસ્તુ નિરંતર ભજે, અખા અચાનક જો ઊપજે. (૧૨૩)

જ્યારે હવી અણલિંગી સૂઝ, આપાપરવિનાની જે બૂઝ;
એકલમલ અણલિંગી ઓજ, ચિદ અચાનક પામી ચોજ;
તે સ્થળનો સાક્ષી ત્યાં તે જ, અખા જેનું ગુણપારે હેજ. (૧૨૪)

નિર્ગુણમાં ગુણની ઉપાધ, જીવપણાની લાગી બાધ;
ગુણી જીવ નિર્ગુણી સાચા રદે, તે ધ્યેધ્યાતા સત્ય જાણી વદે;
દ્વૈતરોગ લાગ્યો મનવિખે, અખા અદ્વૈતપણું સમજ્યા પખે. (૧૨૫)

સાધન લખિયે વેદ પુરાણ, અદ્વૈતની ઊપજવા જાણ;
ધ્યેધ્યાતા જાણવા એક, નવધા ભક્તિનો કીધો વિવેક;
સાબુખારે પટ ઊજળું થાય, અખા ભક્તિવૈરાગ્યે દ્વૈત પળાય. (૧૨૬)

ચૈતન્ય બ્રહ્મ સદોદિત સદા, સે'જ કલ્લોલ કરે છે ચિદા;
નાટક ચાલ્યું જાય સદાય, કો કહે કર્મ ને કો કહે માય;
પણ એવાનું એવું અખા, વેચે અણછતી કર પક્ષપખા. (૧૨૭)

અંત્ય જુઓ જેની નહિ આદ્ય, પણ કોયે કાળ પડે નહિ ખાદ્ય;
નિત નિત થાતું જાયે નવું, પણ કો ન કહે મુજ આગળ હવું;
અખા વિચારી જો એહને પણ વળગીશ નહિ તું દેહને. (૧૨૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

)જ્યારે જગત વિચાર્યું જને, ઊઠ હાથને ન રહે તને;
દીસે સ્વતંત્ર ભૂતમાં ભૂત, અદકું ઓછું નૈં અદ્‌ભુત
અખા વિચાર વિના સંસાર જો સમજે તો ઘરમાં પાર. (૧૨૯)

જન કોઈ ભૂખ્યો ઊંઘી ગયો, કરે આહાર સ્વપ્નવશ થયો;
ભક્ષ કરે પણ માંહે ભૂખ, ઠાલી ઠાલી રહે કૂખ;
તેમ અખા સઘળો સંસાર, ત્રિગુણ ભોગનો કરતો આહાર. (૧૩૦)

પ્રત્યક્ષ મૂકી જુએ પરોક્ષ, કર્તવ્યને શિર મૂકે દોષ;
સભર ભરાઈ રહ્યો છે નાથ, હીંડતાં વાજે હરિને હાથ;
અખો કહે ફેરવવું મન, જો જાણો તો જાણે જન. (૧૩૧)

એમ જાણે તે હરિનો જન, મારે પોતે ક્યાંથું મન;
દેહ હરિઇચ્છાએ થયો, અણછતો હું તે આવી ગયો;
તારું કર્યું ને તું છે નાથ, એમ જાણી અખે ઝાટક્યા હાથ. (૧૩૨)

અહંકાર વિચારે કર્યો નિરધાર, હરિસાગરનો જોઈએ પાર;
અહંકાર પાર કાઢવા ગયો, વિચાર વિચારી બેસી રયો;
પાર કાઢતાં અહંકાર ટળ્યો, વિચાર અખા વર્ત્યો હરિ ભલો. (૧૩૩)

મળે વિચારે હરિ તે ખરો, બીજાં સરોડાં કાં સાંભરો?
કૃષ્ણ ઉદ્ધવનો એ નિરધાર, સ્વરૂપ મારું લહે સદ્વિચાર;
ગુણ ગુણને કાજે અવતરે, અખા દ્વૈત નોહે માહરે. (૧૩૪)

જેને જગત માને હરિ કરી, તે કૃષ્ણે ગીતા ઉચ્ચરી;
અર્જુન મારે નૈં અવતાર, ગુણ ગુણશું વરતે નિરધાર;
મારું ને હું બે જ્યાં નહિ, તે જ શકે અખા મુજ લહી. (૧૩૫)

હરિના હોય તે હરિને લહે, બીજા હરિની મોટમ કહે;
સાગર-ઉદર માંહેલો મર્મ, માલમ જાણે જે કુળધર્મ;
બીજા જળ વડે કરે વ્યાપાર, અખા જ્ઞાનીજન લે નિરધાર. (૧૩૬)

હરિસેવક ને કો હરિપુત્ર કુંવરનું બાંધ્યું ઘરસૂત્ર;
સેવક તે જાણે નિજ દાસ, આપ અન્ય ને રાખે પાસ;
આત્મજ તો છે એક આતમા, ત્યાં અખા કેની શી તમા? (૧૩૭)

તાત્પર્યમાં તાણાતાણ, સેજમાં નહિ વૃદ્ધને હાણ;
સેજ તે જ સ્વે હરિનું રૂપ, તાત્પર્ય તે જીવસ્વરૂપ;
અખા તે માટે સેજ જ સાર, ચૈતન્ય પરમેશ્વર નિરધાર. (૧૩૮)

માયા મૂકીશ મા તું અખા, નવરો થઈને સૂઈ જા;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મરતાં પહેલો જાને મરી અણહાલ્યું જળ રહે નીતરી;
ત્યાં કર્મરૂપિયા ઘાલ્યાં ઢોર, મેલું મન અંધારું ઘોર;
અખા જીવનો અવળો ન્યાય, મેલું વે'લું ફાટી જાય. (૧૩૯)

ઉન્મત્ત મનને યોગ સાધવો, જો કર્મ ઓઘ કરે નૈં નવો;
જેમ છૂટી ધેનુ મારતી ફરે, અંધારે બાંધે ટેવ વીસરે;
અખા તે જાણી કર્યો ઉપાય, ત્યાં સિદ્ધિરૂપી લાગ બગાય. (૧૪૦)

એક જ્ઞાની બીજા સાધનવંત, બેનો લક્ષ મળે નૈં તંત;
સ્થિતિ બાંધી સૌ સાધન કરે, અચવ્યું આપ તજજ્ઞ જ ઉચ્ચરે;
જેમ અનલ અવનિ પર નાવે ક્યમે, અખા ભૂચર તે ભૂપર શમે. (૧૪૧)

● મહાલક્ષ અંગ ●

તત્ત્વમસિ પદ કહાવે ત્રણ, વેદે જેનું કર્યું વિવર્ણ;
કૈવલ્ય ઈશ્વર ત્રીજો જંત, તેને જાણે પંડિત સંત;
જુક્ત ભલી સમજાવા મન, એ જ અખા અધ્યારોપ અન્ય. (૧૪૨)

જેમ છે તેમ રે શકતો નથી, જીવને ટેવ પડી ઘરથી;
અંતરભૂતને પ્રેરે માય, સંકલ્પ-વિકલ્પ મન કરતું જાય;
અખા એ બીજો અહંકાર, આપ નહિ તો નૈં સંસાર. (૧૪૩)

થયું નોતું હમણાં નથી થવા, રહ્યા સંકલ્પ ઊપજતા નવા;
નિયંતા ઈશ્વર હું નિમિત્ત જીવ, મારે પુરાતન કર્મ સદૈવ;
એમ કહેવાને કો નવ રહ્યો, જ્યારે અખા ભ્રમ મૂળગો ગયો. (૧૪૪)

અંતર ઊપજી મોટી બલા, હું ભૂંડો ને હરિ તે ભલા;
બે આરોપણ બેને વિષે, એને વેદ માયા કરી લખે;
અખા ઊપજતું રહે જો એહ, પ્રાયે જાણે કૈવલ્ય તેહ. (૧૪૫)

અદબદમાં ઊપજે તે જીવ, જીવના કલ્પ્યા ઈશ્વર શિવ;
જ્યારે જંતે તપાસ્યું આપ, રજ્જુ નહિ તો શેનો સાપ?
અખા તેમનું તેમ સદાય, બંધ મોક્ષ વણ સમજ્યાં ગાય. (૧૪૬)

વાત અલૌકિક અનુભવ તણી, પ્રપંચપારે રહેણ આપણી;
પંખી ઓછાયો પડિયો જાળ, પણ પોતે ઊડે નિલગ નિરાળ;
અખા જ્ઞાનીની એવી કળા, વર્ત્યા જાય તે ઉપરછલા. (૧૪૭)

અખા સમજ તે સાધન રાજ, બેઠાં બેસાર્યાં સીઝે કાજ;
નર નૌકામાં આસન કરે, બેઠો બાંધી પૃથ્વી ફરે;
કાયક્લેશ કરવો નવ પડે, સૂઝ સમજમાં સર્વે જડે. (૧૪૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સૂઝ વિના સઘળાં સાધન, વાધે અધકા દંનેદન;
ઘાણીનો બળદ ઘરમાં ફરે, દશ ડગમાંહે થાકી મરે;
એ અખા સઘળો સંસાર, સમજ વિના નૈં પાવે પાર. (૧૪૯)

• વિશ્વરૂપ અંગ •

આળા ચર્મ કેરાં બૌ રૂપ, નટ દેખાડે ભાત્ય અનુપ;
ચામખેડામાં બેઠો છપી, રમી રૂપ છપાવી લે ખપી;
ખેલ ચાલે જે દીપક વડે, તેના અખા કાંયે નવ નડે. (૧૫૦)

લક્ષ ચોરાશી ખાણે જંત, પડતાં ન મળે ઈશ્વર અંત;
દીપક તે પર્મ ચૈતન્ય બ્રહ્મ, જે વડે ચાલે ઈશ્વર કર્મ;
અખા એમ સમજી રહે જેહ, તેને નથી કોઈ કાળે દેહ. (૧૫૧)

પ્રભુ પામવા મારગ એક, સદ્‌ગુરુ શરણે જ્ઞાન વિવેક;
બીજા મારગ કોટાકોટ, રહે આવર્યા ગુણની ઓટ;
અખા નૌકાના મૂષક જથા, તે વાર પાર ન જાણે કથા. (૧૫૨)

વસ્તુ જાણવા સાધન કાજ, આરોપી બોલ્યા કવિરાજ;
ફળ તેનું તે જ્ઞાન વિવેક, જ્યમ ત્યમ કરી હરિ જાણે એક;
સમજી અખા સર્વ ધોઈ કાઢ, નૈં તો હરિમાર્ગમાં થાશે આડ. (૧૫૩)

• સ્વભાવ અંગ •

સ્વયંભાવે નભ ઊલસે સદા, જેમ હેમપર્વત અદબદા;
ઘનઘટા વિના થાયે વૃષ્ટ, એમ જ્ઞાનીને હોયે પુષ્ટ;
ગળી પાલો ગંગા થઈ વહે, ત્યાં અખો શું સાધન કહે? (૧૫૪)

નિરાધાર નાટક અટપટું સ્વતઃસિદ્ધ દીસે સામટું;
ઉત્પત્તિ સ્થિતિ લય સેજે થાય, પ્રવાહ તણી પેરે ચાલ્યું જાય;
તેમાં આચાર્યે કીધી જુક્તિ, કલ્પ્યો બંધ ને માની મુક્તિ. (૧૫૫)

દર્શનભેદ દાવા મત ઘણા, ગઢ બાંધી રહ્યા આપઆપણા;
એક એક પેં હૂંકી રયા, અમે પામ્યા બીજા વે'તા ગયા;
અખા નાટકની એવી રીત, મન લાગે છે દ્વૈતાદ્વૈત. (૧૫૬)

જે છે તે ત્યાં આપોઆપ, બીજો તે નારાયણ થાપ;
સમીસમજ સમજ્યા વિના સૌ, આપાપણા મત તાણે બૌ;
અખા ચાલ્યો મત માયાતણો, દ્વૈત અધ્યાસ સૌને છે ઘણો. (૧૫૭)

પંડિત ડાહ્યા વિચારો સાત, પણ સાત વાતની એક જ વાત;
જો પ્રગટ હરિ વસનારા થાય, ત્યાં સાધન ધર્મ ન જુએ કાંય;
અખા સાધન બીજાં જે બૌ, કાળકર્મકર સોંપ્યાં સૌ. (૧૫૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભણેગણે હરિ નાવે હાથ, દાન તપસ્યા કાળને સાથ;
વ્યાકરણ વેદ સમાધિ અભંગ, જોતાં સર્વ માયાનું અંગ;
અખા અણલિંગી પદ અનુપ, જ્યાં ધ્યેધ્યાતા ન રહે રૂપ. (૧૫૯)

પૂર્વજન્મ કર્મ અનુસાર, ઉત્તમ મધ્યમ ભોગ સંસાર;
જેણે હું મમતા સત્ય, માન્યો દેહ, ત્રિવિધ કર્મ કલ્પે છે તેહ;
પ્રાય અખા જ્યાંહાં દ્વૈત અભાવ, ત્યાં પૂર્વજન્મનો શો ઠરાવ? (૧૬૦)

મહા વિચાર વિચાર્યો અખે, જે ગગનચંદ નાવે જલ વિષે;
વચે લહરી તરંગ બુદબુદા, બિંદુવિકાર ઈન્દુને નહિ કદા;
એમ પરમાત્મા જાણે પિંડ, તે મહાત્મા તારક ભૂમંડ. (૧૬૧)

• પ્રપંચ અંગ •

પ્રાય પ્રપંચ આળપંપાળ પંડિતે તેનાં ગૂથ્યાં જાળ;
શ્લોક સુભાષિત મીઠી વાણ, તેણે મોહ્યા કવિ અજાણ;
કહે અખો મર્મ સમજ્યા પખે, સંસ્કૃતનું પ્રાકૃત કરી લખે. (૧૬૨)

કવિએ શક્ય જણવા કાજ, ગાજે જેમ રોહિણીનો ગાજ;
વૃષ્ટિ થવાને નવ ગડગડે, સામો અવધ્યથો પાછો પડે;
મિથ્યા સંસાર સાચો કવિ કવે, રખે અખા તું એવું લવે. (૧૬૩)

પૂજાવા મનમાં બૌ કોડ, શબ્દ તણા જોડે છે જોડ;
ભૂખ્યો નર બહુ જ તક્ર પિયે, જાણે ઉદર ભરીને પુષ્ટિ પામિયે;
તેણે ઘ્રાય નહિ તે વ઼ાધે રોગ, એમ અકા નોહે આતમભોગ. (૧૬૪)

કવિ થૈને અધિકું શું કવ્યું? જોતા નહીં બ્રહ્મ અણચવ્યું;
રાગદ્વૈષની પૂજી કરી, કવિ વ્યાપાર બેઠો આદરી;
તેમાં અખા શું પામે લાભ? વાયે ગયો જેમ સ્ત્રીનો ગાભ. (૧૬૫)

કહે અખો હું ઘણુંયે રટ્યો, હરિને કાજે મન આવટ્યો;
ઘણાં કૃત્ય કર્યાં મેં બાહ્ય, તોયે ન ભાંગી મનની દાઝ;
દરશન વેશ જોઈ બૌ રયો, પછે ગુરુ કરવાને ગોકુળ ગયો. (૧૬૬)

ગુરુ કર્યા મેં ગોકુળનાથ, નગુરા મનને ઘાલી નાથ;
મન મનાવી સગુરો થયો, પણ વિચાર નગુરાનો નગુરો રયો;
વિચાર કહે, પામ્યો શું અખા? જન્મજન્મનો ક્યાં છે સખા? (૧૬૭)

બહુ કાળ હું રોતો રયો, આવી અચાનક હરિ પ્રગટ થયો;
ત્રણ મહાપુરુષ ને ચોથો આપ, જેનો ન થાય વેદે ઉથાપ;
અખે ઉર અંતર લીધો જાણ, ત્યાર પછી ઊઘડી મુજ વાણ. (૧૬૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરાત્પરબ્રહ્મ પરગટ થયા, ગુણદોષો તે દિનના ગયા;
અચ્યુત આવ્યાનું એ એંધાણ, ચવ્યું ન ચાવે અખો અજાણ;
જે નરને આત્મા ગુરુ થશે, કહ્યું અખાનું તે પ્રીછશે. (૧૬૯)

• જ્ઞાની અંગ •

સકળ લોક ત્યમ જ્ઞાતા પૂર્ખ, એમ જાણે તે નર છે મૂર્ખ;
દેહ વિષે સૌ સરખા ગણે, જેમ કંચનતાર ત્રાપડમાં વણે
અખા અમૃત તે પાણી નોય, રસ જાણી ગણશો મા તોય. (૧૭૦)

જ્ઞાનીનો લક્ષ પરપંચપાર, જેમ નાવ ચાલે ધ્રુને આધાર;
વણવાળી જેમ વહે છે નદી, આવી મેલાણ કરે ઉદધિ;
જેમ દીપક કેરી ગત્ય ગગન, એમ પરબ્રહ્મમાં અખા તું ગણ. (૧૭૧)

સેજ સ્વભાવે સર્વાતીત, દ્વૈત તેજ ભાસ્યું અદ્વૈત;
જેમ દુમાસ વિષે બૌ દીસે ભાત્ય, પણ પોત થકી તે અળગી જાત્ય;
અખા જ્ઞાતા દેખે અશું, અદ્‌ભુત કારણ જ્યાં ઊલસ્યું. (૧૭૨)

સમજ્યો સમજ્યાની ગત લહે, જેમ સ્વપ્નસાખ્ય બીજો નવ કહે;
નિજ પિંડ આદે ચૌદે લોક, વસતાં રહે તે દેખે ફોક;
સમજણહાર વિના સમજવું, કહે અખો હું એવું કવું. (૧૭૩)

ભવન ત્રણ સ્ફુરણ મન તણું, જેમ સૂર્યકારણ રેણીદિન તણું;
સૂર વિના નોહે દિનરાત, ત્યમ મન વિના કોણ દેખે ભાત?
અખા ત્યમ જે મનને લહે, ત્યારે સેજે પરમ કારણ રહે. (૧૭૪)

પરાપાર પરમેશ્વર વસે, સે'જે સે'જ ત્યાંથી ઊલસે;
આપે આપની પામે ભાળ, ત્યારે જાય જગતજંજાળ;
અખા વાત એ સાચી જાણ, તેહ વિના મનરખતી વાણ. (૧૭૫)

• જીવ-ઈશ્વર અંગ •

કામ સકળ હરિથી નીપજે, પણ હરિ શિર પોતે નવ લે રજે;
જીવ થકી કાંઈ નવ થાય, હું હું થઈ ફોગટ બંધાય;
શકટતળે જેમ ચાલે શ્વાન, એમ અખા ધરવું સૌ માન. (૧૭૬)

ભલું જાણે તો હરિમાં ભળ, વાંકો જાતો વાટે વળ;
કર્મ કરે ને ફળની આશ, એ તો હરિમાર્ગમાં મેવાસ;
લોભે લાગો ચાલે ગામ, અખા સૂવાનું નાવે ઠામ. (૧૭૭)

ખરા વગૂતા પંડિત જાણ, કર્મ તણું બાંધ્યું બંધાણ;
ભણીગણી થઈ બેઠો પૂજ, પણ અળગું રહ્યું આત્માનું ગુજ;
ભેદ ન લહ્યો વાંચ્યાં ફાંકડાં, કાળે અખા ફેરવ્યાં માંકડાં. (૧૭૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિજન તો હરિલક્ષણે રહે, બાહ્ય ઈન્દ્રિય વિષે સર્વ ગ્રહે;
અંતર રહે અકરતા થઈ, ત્યારે કર્મ કરતા લાગે નઈ;
તેમ ભાજે ઘડે સે જે સંસાર, પણ અકરતા રહે કિરતાર. (૧૭૯)

દેહદમન મૂંડાનું કર્મ, મૂરખ જાણે માંડ્યો ધર્મ;
પીડે પિંડને પેટને કાજ, કાયા કસી જાચે મહારાજ;
વિષે વલૂંધ્યો વ્યસની થયો, અખા આત્મપરિચે થયો. (૧૮૦)

ભક્તાજક્તને વેર સદાય, હરિજન આપ્યું હરિનું ખાય;
દ્રવ્ય હરિનો હરિ દાતાર, વચ્ચે વતાગરો જીવ વહે ઉપકાર;
એ તો હરિનો શત્રુકાર, સ્થાવર જંગમ પામે આહાર;
એમ જાણી દીધે હરિ ફળે, અખા અહંકાર આણુ વળે. (૧૮૧)

આપોપું ગાળ્યે અર્થ સરે, મન મૂકી અણછતું ઊભું કરે;
મિથ્યા હુંપણું માને સત્ય, કર્મસંઘાથે તેને રત્ય;
પચ્યા વિના બૌ કાચા મરે, અખા સદ્ગુરુને ન મળ્યા શું સરે? (૧૮૨)

શિર ફેરે શિવ જાણ્યા માટ, જીવતે મૃત બેઠું જેને ઘાટ;
કામ કર્મ ને પિતૃ ગ્રહ દેવ, કેડે થઈ વહેતો અહમેવ;
હરિ અણજાણ્યે સર્વે ખરું, અખા પ્રભુ પ્રીછે પાધરું. (૧૮૩)

હરિજન હોય તો હીકી બોલ, રાજપુત્રને શેની દોલ?
ચાલ મલપતો ને ચાસંધ, ભ્રમકર્મના ભાંગ્યા બંધ;
અર્કથકો નાસે અંધકાર, અખા હરિજનને શો સંસાર? (૧૮૪)

હરિજન જક્તની અળગી દશા, જળચર સ્થળચર એકઠા વશા;
અવની ઉપર લાગી લાય, જળચર હોય તે જળમાં જાય;
ભૂચરની કાંઈ બીજી પેર, એમ જાણી અખા આદેર. (૧૮૫)

હરિના હો તો હરિ ઓળખો, વણચાવ્યું બીડું કાં ભખો?
સ્વાદ આવે રંગ ન થાય, તેમ ભક્ત ભક્ત કહી લોકો ગાય;
જ્યાં હું હવો ત્યાં હરિ તો ખરો, વંદો તેની નિંદા કાં કરો? (૧૮૬)

જેમ મછ પ્રત્યે માછી કે દાન, તેમ દંભભક્ત દુહુવે ભગવાન;
લોક લોભ ઉપાય બૌ કરે, જેમ જમતાં રમતાં સુખ ને સરે;
તે દેખી ન શકે સંસાર, કરે નિંદા અખા લે શિર ભાર. (૧૮૭)

ભક્ત તો તે જે પ્રીછી ભજે, નહિ તો ફોતરાં ફાકે-તાંદુળ તજે;
સર્વાવાસ લહે હરિ મળે, નહિ તો બેઠો કંકોડી દળે;
એક સ્વામી સઘળે વિસ્તર્યો, એમ છે અખા જાણો તે કરો. (૧૮૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ખટપટને ખટપટવા દે, તું અળગો આવી પ્રીછી લે;
જંગી ઢોલ ઘણા ગડગડે, ત્યાં ઝીણી વાત કાને નવ પડે;
નિરદાવાના જનને ખોળ, તે અખા બેસારે બોલેબોલ. (૧૮૯)

પાને-પોથે લખિયા હરિ, જેમ વેળુમાં ખાંડ વીખરી;
સંતે ખાધી કીડી થઈ, અને વંચકે તો સબૂધી વહી;
તે માટે તે તેવા રહ્યા, અખા સંત પારંગત થયા. (૧૯૦)

ભણ્યુંગણ્યું તે એટલું કરે, જેમ બેસે વાયુ સુકડ્ય વૈતરે;
તેણે ફળે કરી પંડિત પૂજ્ય, સંતને સુકડ્યની પડે સૂઝ્ય;
સંત તે હરિદનના ધણી, અખા ગત્ય આપે આપણી. (૧૯૧)

પંડિત તો છે વિદ્યા-કરસણી, સંત તો છે તે ફળના-ધણી;
બી પાણી હરિનું નિરધાર ઉપાય કરાવી આપે આહાર;
અખા ભોગ ભોગીને કાજ, વઢે સેવક રાજાને રાજ. (૧૯૨)

ફૂલીશ મા નામ વૈષ્ણવ ધરે, શું થયું ઘેરઘેર ખાતો ફરે ?
કાંઈ રાજા નામ ધર્યે નોય રાજ, નરપતિ થયે નરપતિનું કાજ;
અખા અર્થ ઈચ્છીશ મા કશા, અખા તે જ મોટાની દશા. (૧૯૩)

કોઈ આળસા કોઈ ક્રોધે થયો, વાટે વેષ પેરી'ને ગયો;
નહિ મહેનત વેઠે નહિ સાય, વંદે વિશ્વ એ ફળ મહિમાય.
હરિને અર્થે અખા એક વિચાર, પછે સમું પડે તેમ રહે સંસાર. (૧૯૪)

વિશ્વ વિચારે કાંઈ નવ લહે, વહેતા સાથે સૌ કો વહે;
આડંબર કરે મોહે કરી, જે જ્યાં તે ત્યાં બેઠા ઠરી;
અખા પશુ જેમ જવનને હળે, તો મહાજન મૂકી તે સંગે પળે. (૧૯૫)

અણસમજ્યો જીવ ને બીજું ઝાંખરું, જ્યાં દેખે ત્યાં વળગે ખરું;
પ્રકૃતિ મળે તો ત્યાં તે અડે, નૈં તો પાછું વાટે પડે;
એમ અખા સઘળો સંસાર, ઝામરઝોલે કરે વ્યાપાર. (૧૯૬)

ભલું જાણે તો પાછો ભાજ, પય ટળે જેમ પ્રગટે આજ;
દૂધ રહે તો થાય નહિ નવું, ઘૃત સહિત પડે ડાટવું;
એમ અખા વિશ્વ કાચું શમે, જામણ વિના બૌ ઘૃત નિગમે. (૧૯૭)

વિશ્વ વસ્તુમાં શાનો ફેર ? જે મણ એક ને ચાળીશ શેર;
નાનાં કાટલે સઘળા પિંડ, મણ કહીએ વૈરાટ બ્રહ્માંડ;
હરિમાં વિશ્વ ને વિશ્વમાં હરિ, એમ અખા સૌ ઘરનું ઘર કરી. (૧૯૮)

વિશ્વ ભજંતા વસ્તુ ભજાય, નીર નદીનાં સાગરે જાય;
લોક સકળ હરિ વેદ જ વદે, બ્રાહ્મણ મુખ ને સંત તે રુદે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મુખ જમે વાણી ઉચ્ચરે, પણ હરિ હૈયામાં હોય તે કરે;
તે માટે હરિ ભજવા સંત, અખા ભવનો આણો અંત. (૧૯૯)

મોટમ દીધી હરિજન ખમે, હરિશું બોલે હરિશું રમે;
જનને દીઠે હરિ સાંભરે, તે જો હરિજન સાથે ફરે;
જેમ દીવે સમરસ ઉજાસ, એમ અખા હરિ ને હરિદાસ. (૨૦૦)

હરિજનને ગ્રહે કહો શું કરે? જો ગ્રહે બાપડા પરવશ ફરે;
રવિ ભમંતો શશીનો, ખે, રાહુ તો ધડવોણો વહે;
કાણો શુક્ર ને લૂલો શનિ, બૃહસ્પતે સ્ત્રી ખોઈ આપણી;
ગ્રહનો ગ્રહ હરિ તે મુજ રદે, તો અખા દીન વચન કોણ વદે? (૨૦૧)

એક પરમેશ્વર ને સઘળા પંથ, એ તો અળગું ચાલ્યું ઠંથ;
જેમ અગ્નિ અગ્નિને સ્થાનક રયો, અને ધુંવાડો આકાશે ગયો;
અળગો ચાલ્યો તે ક્યમ મળે? એમ અખા સૌ અવળા વળે. (૨૦૨)

જાજરો જીવ જુગતું શું કરે? પ્રકૃતિ પાપણી પૂંઠે ફરે;
જે જે સાધન સાધે સહાય, તે જ વાતના મળ બંધાય;
અખા અમળ થયાનું કામ, રાખવા હીંડે સૌ કો નામ. (૨૦૩)

કીધું સર્વ હરિનું થાય, મૂરખ કર્મ તણા ગુણ ગાય;
નૃગ રાજા કાકીડો કર્યો, વિભીષણને શીર કર ધર્યો;
સત્ય પાળતો હરિચંદ્ર દુ:ખી થયો, જરાસુત વેરી તે વૈકુંઠ ગયો;
એવો અસંભાવ્ય હરિમન વસ્યો, એમ જાણી અખો આળસ્યો. (૨૦૪)

ક્રય-વિક્રય બાબત શોભવા, સ્વામી સેવક રંગ નવા નવા;
વચે લોભની વીટણ કરી, રસથી જીવ કરે આદરી;
આપે લે નિશ્ચે નારાણ, અખા તું તે એવું જાણ. (૨૦૫)

કર્મ નામ તે હરિનાં વતાં, મસ ઘાલ્યું પે'લા ક્યાં હતાં?
મનુ ઊપજતાં ક્ષત્રિ થયા, સનકાદિક તે યોગી રયા;
જગત નો'તું ત્યાં ક્યાંથાં કર્મ, અખા હરિનો મોટો મર્મ. (૨૦૬)

જીવ ભક્તિ કરે શા વડે? સામગ્રી હરિની નીવડે;
તેનું લાવી તેને સજે, પોતાને તો મળે નહિ રજે;
જાણ્યું આપ સમર્પું હસ્ત, તે તો નીવડી તેની વસ્ત;
અખો જે જે કરવા ગયો, ત્યાં એમ અણબોલ્યો રયો. (૨૦૭)

સમજી રહિયે તો સમું પડે, નહિ તો કાંઈનું કાંઈ નીવડે;
જે જે કરવું તે અહંકાર, તે ત્યાં હરિને લાગે બાર;
ભાર ચઢ્યો નિશ્ચે ઊતરે, એમ જાણી અખો શું કરે! (૨૦૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધામધૂમ તે ધનની ધગા, મોહ અહંકાર મેલીને ગા;
માવઠે મેં વરસે ગડગડે, ફળ ન ઊમટે ને લાગ્યાં પડે;
રત વિના કર્ષણ ક્યાંથી ફળે? એમ અખા હરિ ક્યાંથી મળે? (૨૦૯)

મર્મ ન સમજે ભર્મે પડ્યા, કરે અહંકાર હિંડે ઊથડ્યા;
ટીલાં ટપકાં કાઢે ખાસ, જાણ્યો મારગ પણ છે મેવાસ;
વંદે ચરણ ને નિંદે પંડ, ભક્તિ નોય અખા પાખંડ. (૨૧૦)

પોતે પરતક્ષ દેવ ઉપાસ, અન્ય ઉપાસન માયાહાસ;
જેમ જેમ મેલ ચડે લૂગડે, તેટલું ધોયે પોત ઊઘડે;
આદરવો આતમ અભ્યાસ, અખા સંભાળો આપણું પાસ. (૨૧૧)

કુબુદ્ધિ જીવ અને કપાસ, તે પીલ્યાવોણા ના'વે રાસ;
તે માટે કે' છે ભગવાન, જાણે દેહ દમે ને આવે સાન;
ઘેન ઊછળતીને ડેહરો ગળે, અખા જો હરિ વળણે વળે. (૨૧૨)

● ચાનક અંગ ●

હઠ કરીને ઓળક્યા હરિ, નહિ તો કાચો જીવ જાશે નીસરી;
જેમ નિભાડે ભાજન કાચું રયું, ન સર્યું કામ માટીથું ગયું,
છતી બુદ્ધિએ હરિ નૈં અભ્યસો, તો ડાહ્યા થતાં ઠેકાણે થશો. (૨૧૩)

ભણ્યાગણ્યા ભલ પાકે પંચ, ન્યાલ ઉકેલે જાણે સંચ;
સભાપતિ થઈ બેસે મધ્ય, આતમની નવ જાણે વધ્ય;
અખા ક્યાં જાન કુંવારી ગાય? ઠાલા આવ્યા ને ભૂલા જાય. (૨૧૪)

મૂક મછર ને પરહર માન, ચતુરાઈએ સામું છે જાન;
કરકરો થયે કાળ નવ બિયે, જારે જમ જીત્યો છે કિયે?
ગળિત થયે ઊતરશે ગાલ, અખા હરિ મળવાનો એ કાલ. (૨૧૫)

નિત્ય નિમિત્ત તો માથે પડ્યાં, જેમ પડ્યાં હીડે કાંધે ચડ્યાં;
પુણ્ય ન લાગે પાડ નવ થાય, પેઠે પડ્યાં કેમ નાંખ્યાં જાય?
નિષ્કામ થઈ નરહરિને જાણ, તો જ અખા ટળશે તુજ તાણ. (૨૧૬)

● ભક્તિ અંગ ●

ભલું ભૂડું કહે પૂરવતું નથી, પેરે પેરે મેં જોયું કથી;
એક પિંડ અવેવ તાં બહુ, નામ રૂપ ગુણ કર્મ ત્યમ સહુ;
એક શરીર અવેવ તાં ઘણાં, ત્યમ ઉત્તમ મધ્યમ ઇન્દ્રિ હરિતણાં. (૨૧૭)

જે ઇન્દ્રિયે જે કરવા કર્યું, તેથી કામ ત્યાં તેવું સર્યું;
મુખે બોલ બોલે છે બહુ, અને ગુદે બોલે તો નિંદે સહુ;
કુબુદ્ધિએ જીવ છે હરિ વડે, અખા એ ઠામે જોડ નવ પડે. (૨૧૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્યવાદી ને સૂર્ય એ બે, બોધ પ્રકાશ સૌ કોને દે;
જેમ અર્કઉદે ઉલૂકબળ શમે, તેમ કુબુદ્ધિને સાચું નવ ગમે;
અખા અદ્રોહી બુધ્યે બોલે સમ, રવિની રીત જે ટાળે તમ. (૨૧૯)

જ્ઞાની થૈ કો મારે ગાલ, મુક્ત થઈ વઢવાનો ખ્યાલ;
ભક્તિ જ્ઞાન ત્યાં ઠામે હશે, એ તો બેઉ વઢે છે રસે;
અખા એ જ નિષ્કારણ વેર, જેમ ચૌટે ભેંસ ને વઢવાણ ઘેર. (૨૨૦)

ભક્ત દેખે સઘળે ભગવંત, તેને દુહુવે તો શાના સંત?
જ્ઞાનીને નિર્દાવો ઘટે, તે નિત્ય બેસીને આછટે;
ભક્તિ જ્ઞાન નોહે એ ખેદ, વંઠ્યા જીવ અખો કહે વેદ. (૨૨૧)

• દોષ અંગ •

નહિ પાપી ને નહિ પુણ્યવંત, એકલમલ તે સાચો સંત;
કાળચક્ર સ્વભાવે ફરે, સેજે ઊપજે સેજે મરે;
એમ જાણીને અખા જા ભળી, ઓ પુનરપિની જચકચ ગૈ ટળી? (૨૨૨)

ગ્રંથમાં જ્યાં હો ત્યમ હો, પણ તરી નીસરી તેનો શેનો ધ્રો?
તું તાં તાહાર જીવે મેર, પછી દેણુંલેણું રહેશે ઘેર;
તાણો જીવ અખા ગયો ટળી, હવે શાંશું વાણો રેશે મળી? (૨૨૩)

સદ્‌ગુરુ મારગ સદા અલંગ, જેમ પંખીને ગત્ય સળંગ;
પગ નહિ દીસે પંથ કપાય, ત્યમ સદ્‌ગુરુ મારગ ઉપર જાય;
ઉપાય અખા નહિ લક્ષ શું કામ, કર્મ ધર્મ તો જ્યાં રૂપનામ. (૨૨૪)

• ચાણાક અંગ •

ટેઢી પાઘ ઠાકરને ઠામ, જો નૈં જાણો આતમરામ;
મરડી મૂછ ને મુખ વાંકાબોલ, કાલ વાગશે ઢીલા ઢોલ;
અખા વરણાગી વણસી જશે, ભૂંડાં ભગળ ઉઘાડાં થશે. (૨૨૫)

ખાટા થયે ખોટી નહિ વળો, કાં ખાટા થૈ ગોવિંદશા ટળો?
એક મેલો મંત્ર બીજો કુતર્ક, એ સાધકને મુખે નર્ક;
અખા ઈશ્વરને નૈં છેતરે; લાંબો દાંતો વહેલો ખરે. (૨૨૬)

કળવકળ કાળ મન કશી, શું બાળક છે જે છેતરશો હશી?
હિરણ્યકશ્યપે પ્રત ભેટ્યું છળે, હરિએ તે ઘાટ ઘાલ્યું કળે;
તો અખા હરિશું શી હોડ, હથેળીની ઊજળો તે કોડ. (૨૨૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અણછતો જીવ તું કાં થાય છતો? જોને વિચારી પહેલો ક્યાં હતો;
જે કાળથી નિરમ્યા જીવ, ત્યાર પે'લો ત્યાં હતો શિવ;
વચ્ચે બીજાનું ક્યાંથી વળી, એમ જાણી અખા જા ટળી. (૨૨૮)

વાપાણી સઘળો સંસાર, તેનો શું આણે ઈતબાર?
મારુત માટીને લઈ ચઢે, તેનું નામ તે પિંડ જ પડે;
વંટોળે તે વપુ વાવડે, અખા આતમને કાંઈ નવ અડે. (૨૨૯)

વડપણ મેલી વસ્તુ વિચાર, તન તપાસી રહે સંસાર;
કોઈ વર્ણ વેષ અહંકારે મરે, વા'ણ સોનાનું તે નવ તરે;
એક મિશાલે બ્રહ્મા કીટ, જોઈ વિચારી અખા ગુરુ મીટ. (૨૩૦)

ભૂત પંચનો આ સંસાર, મૂરખ વહે તે વર્ણ અહંકાર;
ભાત ચલાવા વર્ણાવર્ણ, કોઈ મસ્તક હસ્ત કટિ ચર્ણ;
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ને શૂદ્ર, હરિનો પિંડ અખા કોણ ક્ષુદ્ર? (૨૩૧)

જાણપણું મેલીને જાણ, આફણિયે રહેશે નિરવાણ;
જાણ થયે જાણ્યું નહિ જાય, જાણણહારો બીજો થાય;
ઓછાયો નરને શું કળે? સ્વે થાય અખા જો પોતે ટળે. (૨૩૨)

પિંડ બ્રહ્માંડ ને બ્રહ્માંડે પિંડ, વસ્તુ વિચારે જોને અખંડ;
શું શાથી કહો અળગું પડે, જો સમરસ પિંડ બ્રહ્માંડ જ વડે;
જેમ વૃક્ષને પાત્ર આવે ને ખરે, તો સ્વર્ગ-નર્ક અખા શું કરે? (૨૩૩)

ભ્રમે ભાવના બીજી થઈ, જેમ જાગૃત અવસ્થા સ્વપ્ને ગઈ;
તે જ મન બુદ્ધિ ચિત્ત અહંકાર, સ્થૂલ થઈ પ્રસર્યો સંસાર;
સ્વપ્ન સંસાર જાગ્રતમાં ટળે, એમ અખા વિશ્વ બ્રહ્મમાં ભળે. (૨૩૪)

ચારે આશ્રમે મન જે તણું, તેને નિદ્રા ઘેરે ઘણું;
નિજરૂપે ત્યાં રહી નવ શકે, નાના કર્મ ધર્મ બહુ બકે;
મધ્ય વ્યસન લાગે કરી જીવ, અખા આદિ અંત્યે તે શિવ. (૨૩૫)

કોઈ એક ઉત્તમ વ્યસની થયા, કોઈ એક મધ્યમ વ્યસનમાં વહ્યા;
ઉત્તમ મધ્યમ બેયે વ્યસન, જેમ મદ્ય કપૂર બે ઘેરે તન;
સત્કર્મ વિકર્મ બેય વિકાર, અખા નિજ રૂપે રહે નિરધાર. (૨૩૬)

• પ્રાપ્તિ અંગ •

બધું બોલે આવ્યું રાજ, બેઠા બેસાર્યા સીધ્યું કાજ;
વણ કીધે હરિ લેખે રહ્યો, પ્રીતે કરી પારંગત થયો;
હવે મારે સઘળે સુખરાસ, અખા સ્વતંતર દીઠો વાસ. (૨૩૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કામ સકળ મુજ પૂરણ થયાં, બ્રહ્મસાગર માંહે ગળી ગયાં;
બોલ્યું ચાલ્યું હરિની સાથ, અંતિ પોતે એ રહી આથ;
હું હરિમાં અને મુજમાં હરિ, એમ આખા નખશિખ રહ્યો ભરી. (૨૩૮)

આવું જાઉં જો અલગો હોઈ, જેમ વેંઝુ માર્યું ન ભૂલે ભોઈ
વ્યાપકની વ્યક્તિ કેમ થાય? કહો આકાશ કેમ વહેર્યું જાય?
સલંગ જાણ્યું, તું અલંગ, પાંખ આવી, પડતું રહ્યું ખંગ. (૨૩૯)

મારે એક પડ્યું પાધરું, હુંપણું મટ્યું એ જ આદરું;
કર્મ અહંકારતણું ગયું મૂળ, જ્યમ અર્કના ઊડે તૂલ.
ન લહ્યા સરખું મેં ત્યાં લહ્યું, એમ અખા જથારથ થયું. (૨૪૦)

વાંકું સમું જાણે ત્યાં હરિ, હું તો મારે બેઠો ઠરી;
ભલા ગૃહસ્થને વાડે ગાય, એમ આપ સોંપ્યું હરિમાંય;
છીંડું ખોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ. (૨૪૧)

બાવનથી બુધ્ય આઘી વટી, ભણ્યાગણ્યાથી રહી ઊગટી;
ઊધડ ભાજ્યું ટાળ્યું આપ, સેજે ટળિયો આ દ્વૈતનો થાપ;
હવે રહ્યો તે હું કે હરિ, વિગત કરે અખો શે કરી? (૨૪૨)

મારે મોટો હુંનર જડ્યો, જે ઈશ્વરરૂપી જહાજે ચડ્યો;
પંચ સહિત ઊતરિયો પાર, પગ નહિ બોળું જળસંસાર;
હું હસતો રમતો હરિમાં ભળ્યો, અખા જાણે તે વળણે વળ્યો. (૨૪૩)

એ સુખમારગ મેલીને શઠ, કાંઈ કલેશ કરે કાં હઠ?
ગીતામાં ગોવિંદ મુખ કહે, જે મારું શરણ ગ્રહીને રહે;
મુજ વાયક જે માને અખા, તેને સ્કંધ વહી ઉતારું સમસખા. (૨૪૪)

પરમ ગુહ્ય હરિનું એ રદે, મહાપુરુષ મુનિ એમ વદે;
જે અહંબ્રહ્મ જાણીને રહે, શરણ જાવું શિવ એને કહે;
અળગું નથી અખા શું કળો, આકાશને કે લાગે સળો? (૨૪૫)

• ભાષા અંગ •

ભાષાને શું વળગે ભૂર? જે રણમાં જીતે તે શૂર;
સંસ્કૃત બોલે તે શું થયું? કાંઈ પ્રાકૃતમાંથી નાસી ગયું?
બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણે પાર. (૨૪૬)

સંસ્કૃત પ્રાકૃત જે વડે ભણે, જ્યમ કાષ્ઠ વિશેષ રહે ભારાતણે;
તે છોડ્યા વા'ણો નાવે અર્થ, ત્યમ પ્રકૃતિ વિના સંસ્કૃત તે વ્યર્થ;
બાધા દામ વેપારી લખે, અખા વ્યાજ નોય છૂટા પખે. (૨૪૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરખે કરખે અનુભવમાં કશા, આકાશ ઉદરમાં વરતે દશે દિશા;
જ્યારે જેનું રાજ જ જાણું, ત્યારે માનવી તેની આણ;
જ્ઞાનગગનમાં નોહે દેશકાળ, એ તો અખા અજાણ્યા બોલે આળ. (૨૪૮)

જ્ઞાન અધકું નોહે સિદ્ધ વડે, સુ-સતી નામ શણગારે પડે;
એ કમની કહાવે સાધવી, ત્યમ સેજ ન ઈચ્છે સિધ્ય સાધવી;
અખા અણલિંગી નાવે સંસાર, એ તો ફોકટ માયા ઉડાવે વાર. (૨૪૯)

અષ્ટ મહાસિધ્ય ઈશ્વરને વિષે, તેને વેદ માયા કરી લેખે;
તેની કણ્યકા તે આ જીવ, તો સિધ્ય સહિત કેમ થાયે શિવ?
લોક પતીજે તે સિધ્ય વડે, પણ અખા અનુભવતે કંઈ નવ અડે. (૨૫૦)

મૂળગો અહંરોગ નથી ટળ્યો, તેમાં સિધ્યરૂપી ભ્રમ.જ ભળ્યો;
જેમ પહેલો ઘેલો હોય બુધ્ય વિષે, વળી વ્યસને લાગ્યો માદક ભખે;
અખા અહંકારને ટાળી જો, પછે તું રહે તો સિધ્ય સાથે મો. (૨૫૧)

પોત ન લહ્યું પછે પોતે થયા, પછે ઉત્તમ મધ્યમ વ્યસને વહ્યા;
માયાકૃતનો ના'વે અંત, માને નહિ તો જો વેદાંત;
અખા ઊપનું માન્યે આધ, ક્રેવ્યક્રે વિના શી વ્રધખાધ? (૨૫૨)

પ્રપંચ પ્રીછી જોયો ખરો, નહિ ઊપજ ને નહિ તે વરો;
જ્યાંથું ઊપનું ત્યાં નવ ઘટે, અને શઢ ન વળે જ્યાં જઈ આવટે;
જાતું મરતું દીસે ખરું, અંતે અખા ભર્યાનું ભર્યું. (૨૫૩)

જેમ દૂધે ફીણફિસોટા થાય, તેણે તોલ ન વધે, આકાશ રૂંધાય;
જેમ અગ્નિજોગે જળ ઊભરે તેમ તત્ત્વે તત્ત્વ જગત અવતરે;
વકર્યાં તત્ત્વ ધરે રૂપ નામ, અખા ઉત્પત્ય લે ઠામનું ઠામ. (૨૫૪)

પંચતણાં પચવીશે તત્ત્વ, વાસનાલિંગ તે તેનું સત્ત્વ;
ભૂત ભૂત પ્રત્યે વિચરે, અને મૃત્યુ નામ પંપોટો મરે;
ભૂતકલ્લોલ સદા સર્વદા, ચિદ્વિલાસ અખા મન મુદા. (૨૫૫)

ચલન વલન તે ચેતન તણી, પંચરૂપે આપે થયો ધણી;
આપ આપમાંહે વિસ્તર્યું, ન કર્યા સરખું તે ત્યાં કર્યું;
જ્યમ છે ત્યમનું ત્યમ છે જાણ, સમજે સાન અખા નિર્વાણ. (૨૫૬)

• પ્રતીતિ અંગ •

હરિ પામવા સહુ તપ કરે, અખો હરિમાં મહાલે ફરે;
મારે સમરસ સે'જ સંજોગ, સાવ સ્વતંતર પામ્યો ભોગ;
જેમ ભરસાગર તિમિંગલ રમે, હું હરિમાં તો દેહ કોણ દમે? (૨૫૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પેરે પેરે મેં જોયું મથી, જે હરિ વિના પદારથ નથી;
તો ઊઠ હાથનો હું જે ઘડ્યો, તે તે ક્યાં અળગો થઈ પડ્યો ?
એમ જોતાં હરિ લાગ્યો હાથ, ટળ્યો અખો ને એ રહી આથ. (૨૫૮)

ઉમેરણ ને ઉસરણ કર્મ, એ હરિમારગમાં જાણે શ્રમ;
શાથું તેને શામાં ભરું ? ક્યમ અખંડ બ્રહ્મની ખંડણા કરું ?
અખા એ ત્યાં છે અદબદ, અહંપણાની ચૂકી હદ. (૨૫૯)

અનુભવી જ્ઞાન ત્યાં એવું કથે, કર્મ ધર્મ ભાજી કરે જથે;
આતમતત્ત્વ માંહેથી ધરે, નામરૂપ કૂચા શું કરે ?
એમ અખા ત્યાં કીધી આથ, હવે કામ શું ઝાલે હાથ. (૨૬૦)

છાંછળમાંછળની નોહે વાત, એ તો રમવી ઘાત-અઘાત;
ખોવું મન ને લેવી વસ્ત, નાખ્ય નસંક જ્યમ લીધે નહિ અસ્ત;
કે તૂટે કે અડે ન વાડ, અખા હરિ અર્થે હડિયું કાઢ. (૨૬૧)

ક્યાંહા અવસર પામ્યો વળી, મોતીવેહે પરોવી વીજળી;
મરતે ત્યાંહાં સૌ કો મરે, પણ સૂરતે જે સ્વામી અર્થ કરે;
અખા પામું હરિ કે ખોઉં સંસાર; સર્વ નિગમુંકે પાહું બાર. (૨૬૨)

તપ તીરથ શાં વહે હથિયાર ? પુરુષ ચીથરાનો એ સંસાર;
તે ઉપર આયુધ શાં વહે, મારીશ કેને, તે તું કહે;
પેસે ખેતરમાં ઘાલી હામ, ભ્રમ નશો અખા રૂપ નામ ? (૨૬૩)

• ખળજ્ઞાની અંગ •

જ્ઞાન કથી શું સાધું ઘાડ, જો અંતરે અવિદ્યાએ વેધ્યાં હાડ ?
અનુભવ કરે ત્યારે એક આતમા, મુખ નિંદા દીસે નહિ ક્ષમા;
અખો કથ્યું પણ ન લહ્યું જ્ઞાન, શું ગુરુ આગળ માંડ્યા'તા કાન ? (૨૬૪)

ભલો કહાવ્યો પણ ભલપણ ક્યહાં ? જેમ ગોરખ હીડે ગોધણમહાં;
વેષ પેર્યે વિટલતા વધી, વંઠ્યું દૂધ થયું નહિ દધિ;
કવિતા થયે ન કાઢ્યું કર્મ, અખા ન સમજે મૂળગો મર્મ. (૨૬૫)

મહાપુરુષ કહાવે ને માંહે મા બળી, વેષ પહેર્યો પણ ટેવ ન ટળી;
સ્તુતિનિંદા અદેખાઈ આધ્ય, પે'રે સાંગ પણ વાધી વ્યાધ્ય;
અખાકૃપા વિના જીવકબુધી, જ્યમ પાક્યું ઈન્દ્રવારણું તે કટુતા વધી. (૨૬૬)

કથા સુણી શ્રોતા શું ખટ્યો ? જો ગુણ ગાઈને ગાનારો વટ્યો ?
થયા ગયા તે પોથે લખ્યા, પણ વણથયાની લહો પરખ્યા;
વણ થયો વ્યગત સર્વે કરે, તેને લહે અખા અર્થ સહે. (૨૬૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બાણવેંઝાને સૌ કો મુહે, પણ બાણાવળીને કોઈક જુએ;
શ્રોતા વક્તા વેંઝુ બાણ, ટળે બે ને રહે નિરવાણ;
નામ રૂપ વંચક ને સભા, અખા સહુ વહે કાળની પ્રભા. (૨૬૮)

સાચો જૂઠાના ગુણ ગાય, પણ જૂઠે સાચા નવ લે'વાય;
દર્પણ તો મુખસુખને ગ્રહે, પ્રતિબિંબ તે કેમ બિંબને લહે?
આદર્શસ્થાની જે નામરૂપ, અખા તે શું લહે સત્ય હરિભૂપ? (૨૬૯)

અખે વિચાર વિચાર્યો ખરો, જે વાંક સર્વ આપણમાં ભર્યો;
બુદ્ધિવોણો જીવ લહી નવ શકે, પછી જકત દોષ કાઢી મુખ બકે;
સદ્ગુરુ જો ઉઘાડે બાર, તો અખા હરિ દીસે સંસાર. (૨૭૦)

કામ ક્રોધ ત્યાંહાં જક્ત આચરે, તે દેખી જીવનિંદા કરે;
એ તો પાંચે રૂપે માયા રમે, કળ ભરાવી ભવમાં ભમે;
વિચાર વિચારી હરિને જાણ, નિંદા કર્યે આ છે હાણ. (૨૭૧)

ઊંચ નીચ દેખે તે ભર્મ, ભરમે થાપ્યાં કર્તા કર્મ;
વળી ડાહ્યો ભ્રમ કહે કર્તા રહી, પણ વસ્તુ વિચાર ગયો વીસરી;
ભરમ કરમ નહિ કરતા કો, અખા પોત વિચારી જો. (૨૭૨)

શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, વ્યસને જીવ પમાડ્યો ધંધ;
ત્યારે લોભ મોહ પાંચે થયા છતા, પ્રાયે પ્રકૃતિ ઉદરમાં હતા;
તેણે મોહ્યો જીવ રોગીલો થયો, ત્યારે અખા વસ્તુ વિચાર જ ગયો. (૨૭૩)

વર્ણધર્મ તું રહે મૂળગે જેણે, સર્વ પડે ત્યાંહાં વગે;
જાત વિચારે તે આતમા, અને આશ્રમ તો તારો તુજમાં;
તેં જાણ્યો છે તે નોહે ધર્મ, અખા કુસકા કૂટ્યે શર્મ. (૨૭૪)

ધરે પિંડ કાંઈ એકતા કરે, તેમાં જીવ આપોપું ધરે;
જડ દેહ સંગે જડતા ગ્રે, અને ચૈતન્યનો પક્ષ મૂકી દ્યે;
અખા કુબુધ્યપરિચે પિંડ, પણ આતમપરિચે છે અખંડ. (૨૭૫)

શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, પંચભૂતનો એ સંબંધ,
પ્રાયે પ્રકૃતિનો છે સંસાર, વિચરે ભૂત ધરે અવતાર;
અખા તન તાપસી જુએ, કાં જીવપણે જનમારો ખુએ? (૨૭૬)

જ્ઞાની સુર સૌ કો' થઈ ફરે, પણ સુભટ તે જે અવસરે મરે;
સુખે ઘેર બેઠા સૌ જાણ, પણ વીર તે જે થોભે ઘમસાણ;
અખા કથણીથી અનુભવ તે અલગ, જેમ ઊંચા વડે આકાશે સલગ. (૨૭૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રપંચ આધારે પરબ્રહ્મને કથે, મહી વિના પાણી જેમ મથે;
શ્રમ કરે પણ ન આવે સાર, જેમ નપુંસક વહે હથિયાર;
એમ અખા નોહે સદજ્ઞાન, માદક કેમ કરે જળપાન? (૨૭૮)

કર્મ ધર્મ એ ભર્મને ભલાં, એકે ન રહે એકએકલાં;
કર્મ ત્યાં ભર્મ ત્યાં કર્મ, જયમ બુધ્યેવોણી ધેનુ ચાટે ચર્મ;
વસ્તુવિચાર પશુને કશ્યો, અખા ભર્મે ભર્મ અભ્યસ્યો. (૨૭૯)

મરતું દીસે તે નોહે મર્ત્ય, ચાલે સચરાચર કાળનું કૃત્ય
જેમ વે'તું કરવત કાટે ગાર, તેમ શનૈઃ શનૈઃ મરે સંસાર;
તો અખા પરને ક્યાં રુએ? આપ વિચારી શે નવ જુએ? (૨૮૦)

નહિ ઊપજ ને નહિ ત્યાં વરો, ક્યાં આકાશને ભેળું કરો?
એ ભર્મે ભ્રમ માન્યો ઊપન્યો, પ્રાયઃ સુવર્ણ ને ક્યાંયો વનો?
અખો નહિ તે કેને કવે, નહિ માપ માપણહાર મૂવે. (૨૮૧)

• જડભક્તિ અંગ •

પંડ પખાળે પૂજે પાણ, મનમાં જાણે હું તે જાણ;
આપે આતમ બહારે ભમે, મૂરખ સામું માંડી નમે;
ડાહ્યો પંડિત થઈ જે આદરે, તે અખા ધાર્યું કેમ કરે? (૨૮૨)

ગુણ જોઈએ તો ગુરુને શોધ, જે ગુરુ આપે તત્ત્વનો બોધ;
પરને વળગ્યો હીંડે અંધ, આંખ્યાળો નવ વળગે ખંધ;
સદ્ગુરુ વિના ગળે બાંધી શલા, એમ અખા ભર્મ્યા ભલભલા. (૨૮૩)

હરિ કહે છે તે ક્યાંહાં વસે? તેને જાણ, કાયા કાં કસે?
બ્રહ્મજ્ઞાનમાં સર્વે વળે, જેમ બહુ મહોર સોને એકલે;
તૃણ માર્યે કેમ પાડો મરે? એમ અખા સૌ સાધન કરે. (૨૮૪)

ગુણ ગાવા તે ગુણીનું કર્મ, ધારણા ધ્યાન યોગીનું ધર્મ;
ભક્તિ વૈરાગ્ય વૈષ્ણવ કહે કથી, પણ વસ્તુપણામાં કર્તવ્ય નથી;
અખા પરપંચ હોય વિધવિધે, જ્ઞાન પીધું સાધકે જે કહી દીધું સિદ્ધ. (૨૮૫)

સૂઝ માંહી સાધન તે કશું? તેજમાં રૂપ કાંઈ વાસો વશું;
જેમ મીનને તરવું તે સહેજ, પંખી જેમ આકાશે રહે જ;
તેમ જ્ઞાતાને સાધન તે સૂઝ, એમ અખા સાને કરી બૂઝ? (૨૮૬)

બોલે ચાલે તે હરિ વડે, પશુ પથ્થરને લાગી પડે;
કોઈ પત્ર સેવે, કોને વસ્ત્ર પૂજ્ય, એમ ગઈ આતમની સૂઝ્ય;
મોડભર્યા માને નહિ વાત, અખા અણજાણે આતમઘાત. (૨૮૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિમાં રહે તે ગુણ શું ગાય? પાપી પાવન થાવા જાય;
કુંવારી લે વરનું નામ, પણ સદા સોહાગણ સંગે સ્વામ;
પોતે પોતાનો કરવો સાદ, એ તો અખા ઘેલાનો વાદ. (૨૮૮)

હરિ મળે જન રસબસ થાય, જે અળગો તે લેવા જાય;
કાં ઈતરશું કહેતો ફરે, કહોને, વ્યંડળ કોને વરે?
દ્વૈત નહિ ત્યાં રીત જ કશી? એમ અખા જોજો અભ્યસી. (૨૮૯)

કરતા કોણ ને સાધન કશું, સુણી માની મન કરવા ધશું;
વાતે વાત વધ્યો વિસ્તાર, જેમ ધુંવાડો થયો નવસાર;
અખા વિચારી જોતા ફોક, જેમ ઊંડો કૂવો તે ફાટી બોખ. (૨૯૦)

ઊંઘ્યો કહે ઊંઘ્યો સાંભળે, તેણે જડપણું બેનું નવ ટળે;
જેમ ચિત્રામણના દીવા વડે, ક્યમ રાતી અંધાની દષ્ટે પડે;
શું સાંભળે ને અખો શું કહે? જો માયા લાલચથી બીહે. (૨૯૧)

પ્રપંચપારે રહે છે રામ, સદા સર્વદા ન્યારું ધામ;
તે વડે ચાલે આ સંસાર, આગમાપાઈ તે નિરધાર;
અખે રામ ઓળખિયો તેહ, ઉદર આભ્યંતર નાવે જેહ. (૨૯૨)

શબ્દજાળ કરમના ગ્રંથ, એમાં સાર ન લાધે અંત્ય;
સાચું સાધન જે કો કરો, વાગવિલાસ સકળ પરહરો;
શબ્દાતીતને જાણે જેહ, અખા સાચું સાધન એહ. (૨૯૩)

સાચું સાધન શુદ્ધ વિચારે, જે હું મારાનો કાઢે પાર;
એ મકી અન્ય સાધન કરે, જેમ ભ્રમરોગી વિજયા વાવરે;
નિજ આગમ જાણ્યા વના ભર્મ, અખા નહિ છૂટે કરતાં કર્મ. (૨૯૪)

શબ્દજાળ માયાનું કૂડ, ત્યાં નરપશુ પડે મતિ મૂઢ;
શણગાર વાણી સૌ ગાય, ત્યાં મોહ્યા જીવ સાંભળવા જાય.
અખા શું વાંચ્યું સમજ્યો કશું? જેમ આંખનું કાજળ ગાલે ઘસ્યું. (૨૯૫)

અજ્ઞાનીને ઊંટ બચક્યું, ઝાલ્યું મૂકે નહિ મુખ થકું;
અખા અણજાણે પેઠું કાન, ચાલ્યો પંથ દરશનને માન;
કેને કર્તા ન જાણ્યો જડે, વઢે ઢીંકે ને કટારી કડે. (૨૯૬)

ભણે ગણે શી સીધી વાત, અવળાં પડ પળ્યાં વળી સાત;
ઊંચ નીચ રૂસલમાં હતાં, અખા થાપીને કીધાં છતાં;
પાંડિત્ય કરતાં લાગ્યું પાપ, પાઈ દૂધ ઉછેર્યો સાંપ. (૨૯૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શું સમજ્યો ગુરુશરણે જઈ, જો ભ્રાંત્ય છોત્ય ઘર વાંસે રહી?
અજ્ઞાન તો રચે નવ ગયું, વાધ્યો ભર્મ એ અદકું થયું;
અખા હલાવ્યો ઠાલો હલ્યો, એ સગુરાથી નગુરો ભલો. (૨૯૮)

પ્રાપત્ય રામ કહે તે ગુરુ, બીજા ગુરુ તે લાગ્યાં વરુ;
ધન હરે પણ ધોખો નહિ હરે, સંબંધ સંસાર સાચો કરે;
અખા શું સમજ્યો ગુરુ કરી, સચરાચર દીઠા નહિ હરિ? (૨૯૯)

કર્મ કરી શું હરખે હળ્યા,' એ તો દામ લેખે ઉપલ્યા;
જેને લેખે જીવ જ ટળે, તે સમજતાં નામું વળે;
તત્ત્વજ્ઞાન વિણ બીજું જે અખા, તે રમવું જ્યમ કાચ કાંચકા. (૩૦૦)

કહે અખો મુજ આવે હસું, એ ક્યાંથું ટીખળ મનમાં વશું?
હિરણ્યગર્ભ હરિ આપોઆપ, ત્યાં દ્વૈત અચાનક લાગ્યું પાપ;
કોણ સુણે ને અખા કોણ કહે, હરિની વાત તો એહ જ લહે. (૩૦૧)

હું તું થઈ બોલ્યા એ ખરું, તે હું જ નહિ તો શું ઉચરું?
જેમ મૌઆરમાં વાજે સાદ, એકલો ગારુડી પૂરે નાદ;
એહ અખા એવો શો ભેદ, તો હું શો ને શો વિધિનિષેધ? (૩૦૨)

આપેઆપમાં ઊઠી બલા, એક કે' રામ ને એક કે' અલ્લા;
અલ્લા રામ તે કેનું નામ, કોણ સાંભળે તે નિજ ધામ?
કહે અખો ઉપજાવ્યો કલો, કળકળે બાળ રમે એકલો. (૩૦૩)

• સગુણભક્તિ અંગ •

સગુણભક્તિ મોતી ઘૂઘરી, મનમોહન દીસે તે ખરી;
અંતરતાપ ક્ષુધા નવ શમે, સામા મનોરથ પેરે દમે;
અખા સમજ એ દેહવહેવાર, જન્મમરણ ન ટળે સંસાર. (૩૦૪)

પડતું સુવર્ણને બીજું મન, તેનું ધોવું-ધાવું તે નોહે જતન;
જો મર્મખાર અગ્નિને મળે, તો થાય ચૌધું મન પાછું વળે;
મનની કીધી સર્વ ઉપાધ, મનાતીત અખા આરાધ. (૩૦૫)

અણજાણ્યે જ્યાં ગુરુ કરી પડે, ભ્રાત્ય પટોળેથી કેમ ખડે?
અવળા શબ્દ પેઠા કાનમાં, વાધ્યો રોગ નાવે માનમાં;
અખા આતમવિણ અવળી વજા, ફરે કાજી પણ ન ફરે કજા. (૩૦૬)

બહુવિધ છે શાસ્ત્રનું જાળ, ઊર્ણનાભ મૂકે નિજ લાળ;
જીવબુધ્યે કરી ગૂંથ્યા ગ્રંથ, મમતે સહુ વધારે પંથ;
પણ જ્ઞાન તો છે આતમસૂઝ, અખા અનુભવ હોય તો બૂઝ. (૩૦૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મુક્તિ ભક્તિ બે વાંછે ભર્મ, પણ બેઉથી અળગો આતમધર્મ;
જીવ થઈ થાપે ભક્તિ ભગવંત, જીવ થઈ મુક્તિ મન માને જંત;
એ તો તેમનું તેમ છે અખા, દ્વૈત વિના નોહે પખપખા. (૩૦૮)

આત્મલક્ષમાં નહિ પાર-આપ, વણસંતાને કેનો બાપ?
વણજોનારે દર્પણ જથા, બિંબિપ્રતિબિંબની કોણ કહે કથા?
અખા દ્વૈત થયે ઉપાધ, તન મન વિના એ સાધન સાધ. (૩૦૯)

• દંભભક્તિ અંગ •

જો હરિમાર્ગે ચાલે જંત, વેશ અભિમાન શું કાઢ્યા દંત?
જેમતેમ પંથ કાપ્યા શું કામ, તો આવે હરિરૂપી ગામ;
અખા મોહ્યો પંથે ભમ્યો, વાદ કરતાં આયુ નિર્ગમ્યો. (૩૧૦)

કાં વેશ તણું રાખે અભિમાન? સામું તેણે થાયે જાન;
સંસારી મળ ધોવા કાજ, સાબૂ મેલને દીજે વાજ;
અખા તેહે મળ જો નવ નીકળે, તો મેલું તે કઈ પેરે ટળે? (૩૧૧)

નિવૃત્ય પ્રવૃત્ય સમણાનું ધન, ઊંઘ્યો નર તેનું કરે જતન;
જાગ્યે રૂડું કૂડું ટળે, જ્ઞાની તે છે પાછો વળે,
અખા પ્રપંચ નહિ પરમાણ, ઠાલો શું થઈ બેસે જાણ? (૩૧૨)

તપતીરથ દેહ દમવા કાજ, જાણી ઉન્મત્ત આવે વાજ;
ફળ સંભળાવી કીધું ખરું, પણ હરિ મળવાનું કારણ પહરું;
અખા એ સર્વ મનનો તોર, કોડી વટાવ્યે નાવે મહોર. (૩૧૩)

હરિ જાણી જે તે હરિ વડે, ત્યાં મન જ નથી જે આગળ પડે;
બીજાં કર્મ મનથી નીપજે, મનસૂબો તેનો જે વિજે;
અખા તે માટે રહી ચેત, જ્યાં રહીને નિગમ કહે નેત. (૩૧૪)

અખા તે જ નર ચેત્યો ખરો, જે ચાલ્યો માથાઊફરો;
ઊઠ હાથમાં સૌ કો રમે, જાગજોગ એટલામાં ભમે;
મુક્તિ ચતુર્ધા એટલા લગે, પણ પદ રહી જોતાં પડશે વગે. (૩૧૫)

અણલિંગી મોટો ઉપદેશ, જે ઇચ્છે અજ વિષ્ણુ મહેશ;
લિંગચતુષ્ટ્યથી પર યથા, જ્યાં ન મળે જકત સંબંધી કથા;
અખા એ ત્યાંહાં ચિદ આકાશ, પણ પ્રાયે શબ્દે નોહે સમાસ. (૩૧૬)

ભક્તિ કરતાં ભરમે બૌ, પણ ભજનભેદ ન જાણે સૌ;
જ્યાં સૂચિ અગ્ર રહેવા નહિ ઠામ, એમ ભરી પૂરણ રહ્યો રામ;
ત્યાં તો કરતા દીસે ઘાત, તો એમ અખા કેમ ઘાતે વાત? (૩૧૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પહેલે ઓળખ્ય હરિ, પછે ભજે, કાં વહોરે જોયા વિના વજે?
ચૈતન્યબ્રહ્મ કહે વેદવાણ, તું તો માને પીતળ પા'ણ;
આતમની અવગણના કરે, અખા ભક્તિ કેમ પડશે વરે? (૩૧૮)

જ્ઞાન વિના ભક્તિ તે અશી, ભસતે શ્વાને જેમ ઊઠે ભશી;
લહારે લહાર જેમ ચાલ્યે શોર, ત્યાં કોણ દીઠો'તો ચોર?
જે જેણે દીઠું-સાંભળ્યું, અખા તે તે વળણે વળ્યું. (૩૧૯)

જેવી શાસ્ત્ર-સંત વાણી વદે, તેવું નરને આવે હૃદે;
હું-મમતા દેહ જો ઓળખાય, સર્વાવાસ હરિ ત્યારે જણાય;
સચરાચર જાણ્યા વિણ હરિ, અખા દ્રોહબુદ્ધિ જ્યાંત્યાં કરી. (૩૨૦)

જ્ઞાન વિના ભક્તિ નવ થાય, જેમ ચક્ષહીણો જ્યાં ત્યાં અથડાય:
તે માટે જ્ઞાની ગુરુ કરો, હરિ દેખાડે સભરો ભર્યો;
ગુરુ જ અખા નવ જાણે રામ, તે શિષ્યને શું આપે નામ? (૩૨૧)

જોતાં વિચારી સ્વે નિજધામ, ઉપાધ્ય આવવા નો'તું ઠામ;
આવી અચાનક ઊઠી બલા, સુખી દુઃખી નર ભૂંડા ભલા;
પંડિત જાણ થાપે જીવ કર્મ, અખે માયાનો પ્રીછ્યો મર્મ. (૩૨૨)

નિજ શક્તિએ કર્યું આકાશ, તત્ત્વેતત્ત્વ હતો પરકાશ;
અંશેઅંશ ભૂતિક પિંડ થયા, સત્તાબળ વડે ચાલી ગયા;
જેમ ખડક્યાં પાત્ર અગ્નિથી ઉષ્ણ, એમ અખા બળ વ્યાપ્યું વિષ્ણ. (૩૨૩)

પાત્રમાત્રમાં હોય વરાળ, પિંડ સાથે હોય મનની જાળ;
મનને જોઈએ સર્વે વિષે, પણ મૂળ અગ્નિને નવ તે લખે;
વિષે મન તે આ સંસાર, અખો એ વિધ્યે કાઢ્યો પાર. (૩૨૪)

મુજ જોતાં એ મન સુખી દુઃખી, પણ મનાતીત ન શકે પારખી;
મનના માર્યા જાયે એહ, એમ સમજણ નહિ સમજે તેહ;
ચૌદ લોકરૂપે મન થયું, અખા મનાતીત જેમનું તેમ રહ્યું. (૩૨૫)

પ્રપંચપાર પરમેશ્વર રહે, કાં ગુણનાં કૃતને સાચાં કહે?
ગુણ તે જાય રહે, મરે અવતરે તેને સત્ય જાણે તે ફેરા ફરે;
ગુણપારે જેનો અધ્યાસ, અખા તે ન્યોહે સ્વામી દાસ. (૩૨૬)

અખે જગતથી અવળું કર્યું, જીવન મૂકી મૃત્યક આદર્યું,
મૃત્યક સમું મીઠું કાંઈ નથી, સારમાંથી સાર કાઢ્યું મથી;
પ્રત્યક્ષ પરોક્ષ જીવતાને ભે, પણ અખા મૂવો તે નિરભર રે. (૩૨૭)

રામનામ પ્રીછે ગુણ ઘણો, જેમ અમૃતમાં ગુણ પીધા તણો;
વણસમજ્યો સૂડો નિત્ય કહે, સામું કઠપંજરમાં રહે;
ક્યાં પૂજ્યો ગાયો પરીક્ષતે, અખા મુક્તિ પામ્યો પ્રીછતે. (૩૨૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

• આત્મલક્ષ અંગ •

આકાશ આઘેરી જાણી વસ્ત, ત્યાં નહિ મળે ઉદય ને અસ્ત;
ઉદય અસ્ત તો જ્યાં આકાર, તે જાણો સઘળો સંસાર;
તે સંસારસ્થાને છે શૂન્ય, આંહી અખા રાખી જો મુન્ય. (૩૨૯)

જે આકારને માને સત્ય, તે શૂન્યવાદી તેમાં નહિ વ્યત્ત;
આકાર નિરાકારને જે કહે નથી, મિથ્યાં વાદ કરતા મરે બે મથી;
શૂન્યવાદી એ બેનું નામ, અખા બેથી પર હરિનું ધામ. (૩૩૦)

ગુણવાદી ગુણને કહે હરિ, તે માયારચિત જાયે ઊસરી;
તે માટે ગુણ ને સ્થળ શૂન્ય, ખટદર્શન મત પાપ ને પુણ્ય;
કૂટજ્ઞાની કહે સત્ય આકાશ, અખા એહ મિથ્યા અધ્યાસ. (૩૩૧)

વસ્તુને ઉપમા છે શૂન્ય તણી, તે માટે વસ્તુ તે શૂન્ય જ ગણી;
તે માટે શૂન્યવાદી નામ, તેણે સમ્યક ન લહ્યું મૂળગું ધામ;
તે માટે તે વા અખા, પ્રપંચપાર નવ ગયા લખા. (૩૩૨)

અત્ય ઘણો આઘો પરમેશ, મન તણો ત્યાં નોહે પરવેશ;
અમન તે નર આઘેરો જાય, ત્યાંહાં શબ્દ પહોંચે નહિ કાંય;
સહુ ઉપાસે મનની વૃત્ય, અખા ન લાધે હરિની નર્ત્ય. (૩૩૩)

શૂન્યવાદી શૂન્ય કૂચા ભખે, પણ શૂન્યતત્ત્વને નવ ઓળખે;
સાકારી આકારને ગાય, તે ત્યાં ફાળે ફીટી જાય;
તે માટે તત્ત્વદર્શી ખરો, અખા જેહ સર્વ ઊફરો. (૩૩૪)

સાચો અંતર્યામી ગોર, બીજો ગુરુ બાજીગર મોર;
તેનો અર્થ કહેવા શોભવા, સંસારીનું મન લોભવા;
પણ રીધ આવે જેમ રૂપા વડે, તેમ અખા આતમથી આતમ જડે. (૩૩૫)

શી પેર પરપંચ બેસે ઘાટ, જેનું મૂળ મિથ્યા છે નાટ;
જગત થયું તે ગુણ વડે, ત્રણ ગુણને તે માયા ઘડે;
તે માયા તો નહિ પરમાણ, તો અખા શું થાયે જાણ? (૩૩૬)

ઊંઘ્યા બરલે પંડિત કવિ, જે મનની વૃત્ય રહ્યા અનુભવી;
એક એકનું બોલ્યું નવ મળે, ખટ્દર્શન જૂજવાં આફળે;
સૌને હું-મારાનો થાપ, અખા ન સમજે આપે આપ. (૩૩૭)

દષ્ટ પદારથ થાયે ફોક, ચર અચર ને ચૌદે લોક;
ગૂંથે ગ્રંથ વાંચે સાંભળે, તે ત્યાં કાળે સઘળા ટળે;
અખો શો રાખે નિરધાર, જે બોલું તે થાય સંસાર. (૩૩૮)

મનવા કરતાં મન શું અખે, પ્રપંચ દીઠો ચૈતન્ય વિષે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિર્મળ દર્પણ હોય અતિસાર, તેમાં ભાસે બહુ આકાર;
જ્યમ તે ત્યમ જાણે આતમા, તે નર કહીએ સર્વોત્તમા. (૩૩૯)

આતમ સમજ્યો તે નર જતિ, શું થયું ધોળાં ભગુવાં વંતી?
બોડે, તોડે, જોડે વાળ, એ તો સર્વ ઉપલ્યો જંજાળ;
પ્રીછીને સંકોડે વ્યાપ, તો અખા રહે આપે આપ. (૩૪૦)

વણસમજે દાવાગીર ઘણા, વેશ વખાણે આપઆપણા;
ટળવું ઘટે ત્યાં સામો થાય, વણસમજે એમ વાંકો જાય;
પહેર્યો વેશ ને વાધી ટેક, એમ અખા ક્યમ થાયે એક ? (૩૪૧)

અખો શું કવિતાપણું કરે, જો વાત કશી ન પહોંચે શરે?
કે લેવું કે મૂકવું કહે, તે તો ત્યાંહ અહહેરું રહે;
એવું કવતાં આવે લાજ, સમજ્યા સરખો છે મહારાજ. (૩૪૨)

ઉકેલ પડે તે જોડ્યું ખરું, જેણે જીવપણું જાયે હરું;
બાકી સઘળો મોહ જોડાય, મનનું ગમતું સૌ કો ગાય;
અખા અર્થ સહિત કહે જો સાત, નાચે પૂત તવ લાજે માત. (૩૪૩)

આપ ઈચ્છાએં સગુણ જ થયો, ત્યાં શિખામણ દેવા ગયો?
પસર્યું પોતે તે અકસ્માત, પછી કાળકર્મ શિર મૂકી વાત;
અખા તે ઈચ્છા છે સદા, પણ જક્ત સત્ય માનજે જદા. (૩૪૪)

જક્તભાવ નહિ જ્યાં લેશ, ત્યાં સત્ય મિથ્યાનો શો ઉપદેશ?
કેનાં જન્મ કર્મ રૂપ, નામ, સીમ કશી જ્યાં ન મળે ગામ?
અખા નહિ જ્યાં પ્રાયે પિંડ, એ તો જેમનું તેમ અખંડ. (૩૪૫)

કૈવલ્યને કો કેમ કરી કવે? પોતે પોતાને શું સૂચવે.?
દ્વૈત વિના નહિ બેસે ઘાટ, એકલો ત્યાં નવ બોલે નાટ;
અખા લક્ષ સહિત જે દ્વૈત, તે કહેતે કવતે છે અદ્વૈત. (૩૪૬)

કો એક સત્ય થાપે સંસાર, કો એક સત્ય કહે નિરાકાર;
બેના થાપણહારા ટળે, જ્યમ છે ત્યમ તાં કો નવ કળે;
અખે મૂળ વિચાર્યું આપ, થાપણહારનો રાખ્યો થાપ. (૩૪૭)

સગુણ નિર્ગુણ કથવો રહ્યો, બાંધ્યોરૂંધ્યો સ્વામી લહ્યો;
સદા હરિ બોલતો ચાલતો, ખાતો પીતો ને મહાલતો;
અખો કહે વેદાંતનો સાર, કૈવલ્ય બ્રહ્મ પ્રભાઆકાર. (૩૪૮)

જોગ ધ્યાન તપ તીરથ ત્યાગ, ભક્તિ કર્મ ને વૃક્ષ વૈરાગ,
વિષે વર્ત્યે નાનાવિધ ભોગ, ચાલ્યો જાય છે ચેતનજોગ;
અખા સર્વ સ્વામીના રંગ, સદા સર્વદા આપ અભંગ. (૩૪૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અખા જોતાં ત્યાં વસ્તુ વડે, બીજું આપોપું નવ જડે;
એમ જોતાં કોણ કેને ભજે ? ત્યાં પામણહાર ન લાધે રજે;
અદબદ સ્વામી અટલ અનાદ, ને સમજ્યા વિના સઘળો વાદ. (૩૫૦)

હાથપગંવાળો સુંદરશ્યામ, એવો અટકળ્યો લોકે રામ;
એવા પ્રભુ તણા અમે દાસ, જેનો હશે વૈકુંઠમાં વાસ;
ક્યારેક તે લે અવતાર, તો એમ અખા કેમ પામે પાર ? (૩૫૧)

સકળ ચરણ શિર કર અવેવ, સકળ શબ્દ બોલે જે દેવ;
તેમાં ઊગી નીકળ્યું સૌ, નિત્ય ક્ષરે વાધે બૌ;
કેમ કહું કો કાળે અવતાર, જો તે વડે ચાલે સંસાર ? (૩૫૨)

કદળીસ્તાંભ ઘણાં પડ વળે, વચમાંથી લુંબો નીકળે,
જકત કાતરો કેળ મહાભૂત જે વડે રંભા તે અદ્ભુત;
અખા અરૂપી ઊગ્યો જોઈ, પૂર્વપક્ષ ન કરશો કોઈ. (૩૫૩)

એમ અખાને હરિ ત્યાં જડ્યો, કાંઈ ક્લેશ કરવો નવ પડ્યો;
ત્યાં લગે ધૂપ, પૂજ, પખાલ, જ્યાં નહિ લાધી હરિની ભાળ;
અજ્ઞાન હુસને રૂસલમાંય, અળગા અળગા સૌ કો ધાય. (૩૫૪)

તરણા ઓથે ડુંગર રહે, એવો ઉખાણો સરવે કહે;
તરણું તો જીવનો અહંકાર, તે પાછળ રહ્યો કરતાર;
અખા અહંકારનો વધાર્યો ગમે, તે માટે જીવ ભાવમાં ભમે. (૩૫૫)

કર્મઘેન એવું શું સદા, સુખમાંથી આવે આપદા;
જેમ વગડામાં કીજે તાપણું, તેણે સૂઝે ન સૂઝે-થોડુંઘણું;
કર્મ તણી એવી ચકચૂધ, અખા ન ભાગે મનની રૂંધ. (૩૫૬)

• જ્ઞાનદગ્ધ અંગ •

જ્ઞાનદગ્ધ તે બળ્યા ઓગણા, કથતા વધતા દીસે ઘણા;
વાવ્યા ન ઊગે અન્ન ન થાય, તેમ બ્રહ્મ કર્મ બેઉથા જાય;
કહે અખો નર વંઠ્યા શરે, નર નારીની નિંદા કરે. (૩૫૭)

બ્રહ્મકર્મ ઊભેથા ભ્રષ્ટ, જેમ અધછેદ્યા કુકકુટને કષ્ટ;
સંપરદા શુદ્ધ ન આવ્યું જ્ઞાન, મનમાં તે જ્ઞાનીનું માન;
કહે અખો નર મુકતો ફરે, નગરછૂટી ધેનુ ઓખર કરે ? (૩૫૮)

દોષદૃષ્ટ દુર્મત નવ ટળી, તો શું સાધ્યું કથા સાંભળી ?
ગુરુવચન પાળે તે સંત, ઘાટ ઘણેરા કાઢે દંત;
કહે અખો હરિની નહિ મયા, સાંભળીને સામા શેઠ થયા. (૩૫૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એક સૂકું જ્ઞાન કથે દામણા, તે હરિ ફળ પામે વામણા;
કહે પાપપુણ્યના ભેદ અમો લહ્યા, જે હું, તું, તે, સમજી રહ્યા;
કહે, આપ્યે મૂક્યે વાધે માન, અખા એહ તે સૂકું જ્ઞાન. (૩૬૦)

સૂકું જ્ઞાન ને વ્યંડળમૂછ, કરપીધન કૂતરાંનું પૂછ;
એ ચારેથી અર્થ ન થાય, સામું એબ ઉઘાડે કાય;
અખા અમલ વિન હાકમ જશો, કથ્યું જ્ઞાન પણ હરિ નવ વસ્યો. (૩૬૧)

જ્ઞાનીનાં નોહે ટોળાટોળ, મુક્ત નોહે સર્વ ગજકપોલ;
શબ્દવેધ જોદ્ધા કો તંત, શંખ સકલ નોહે દક્ષણાવંત;
બહુમાં નીપજે કો એક જન, બાકી અખા રમાડે મન. (૩૬૨)

• વિભ્રમ અંગ •

કહોને ક્યાંહાં થઈ બેસે જંત, જાતાં સૌનો આવે અંત;
જેતું જેતું વાંચ્છે શર્ણ, તે ત્યાં સઘળા પામે મર્ણ;
જેમ નાળગોળે તુંબડીની આડ્ય, અખા એમ ન ભાગે મનની જાડ્ય. (૩૬૩)

ત્યારે મન પામ્યું નિજ ધ્યાન, જ્યારે થઈ રહ્યું સર્વ સમાન;
સત્યપુરી મધ્ય મારું આડ્ય, સર્વ સરખું જ્યારે ભાગી જાડ્ય;
જ્યમ કરી ક્વાથ રોગીને વિષે, અખા અરોગી સર્વે ભખે. (૩૬૪)

હૂંશે જીવ કર્માધીન થાય, જ્યમ વ્યસને વ્યસની માદક ખાય;
પોતે જોતાં પૂરણબ્રહ્મ ભાતે જોતાં સર્વે ચર્મ;
ચૌદે લોક અખા એક ઠાઠ, ત્યાં ઊંચનીચ તે મનનો ઘાટ. (૩૬૫)

અખા શોધી સળ બેસાર, સદ્ગુરુસંગે જોઈશ પાર;
ઈન્દ્રિગ્રાહ્ય પરમેશ્વર નથી, ભર્મે કોઈ ન મરશો મથી;
દષ્ટ પદારથ માન્યે સિધે, તારો સંકલ્પ જાણ તે વિધે. (૩૬૬)

સ્વે પરમેશ્વર વ્યાપી રહ્યો, અનંત કોટિરૂપે એક થયો;
જ્યમ જારછોડ સહિત પાનોઠ, ત્યમ એક બ્રહ્મ સઘળે આઠોઠ;
એમ જોતાં તું બીજો નથી, ફોકટ અખા તું ન મરીશ મથી. (૩૬૭)

મૂળ ડાળ પત્ર ફળ ફૂલ, સુવર્ણ ઝાડ જેમ એક જ મૂલ;
રૂપ રંગ શોભા એકાંત, તેમાં બીજું દેખે તે ભ્રાંત;
અન્ય નથી અખા કો કાળ, આપ આદ્યે દઈ એવું બાળ. (૩૬૮)

શ્વાન શ્વપચ ગોબ્રાહ્મણ જાય, રામથકી અળગો નહિ કોય;
તત્ત્વ એક ને ચૈતન્ય એક, નામ રૂપ ગુણ કર્મ અનેક;
આપે અખા ચલાવે ખેલ, એમ સમજે તો પડે ઉકેલ. (૩૬૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊંચ ખરા તે ઊંચ ન જાણ, નીચ તે નોહે નીચ નિર્વાણ;
ઊંચમાં રામ બમણો નથી ભર્યો, અને નીચ પિંડ ઠાલો નથી કર્યો;
કહે અખો રૂસલમાં બકે, જેમ છે તેમ જાઈ નવ શકે. (૩૭૦)

મૂલ સૂઝે જેને ઊપજે, તે નર કંઈ ભજે નવ તજે;
માલ જોઈને વહોરે ઘાટ, અધકું ન ગણે નખશિખના માટ;
અખો સઘળો મોહવ્યાપાર, જોતાં વસ્તુ વિચારે પાર. (૩૭૧)

એક જ્ઞાની ને બીજું નાવ, તર્યા તાર્યાનો બેઉને ભાવ;
ભૂપત ભિખારી ગર્દભ ગાય, ચૈતન્ય જાણી તાર્યે જાય;
આદ્યે અંત ન ગણે બેહ, અખા વસ્તુવિચારે રેહ. (૩૭૨)

સર્વાતીત સર્વરૂપે સદા, એવું ચૈતન્ય સમજો જદા;
તેમાં આવ્યાં ચૌદે લોક, અદકું ઓછું થઈ ગયું ફોક;
અખા મોટા તે અનુભવ વડે, હૈયે ઉપાધ કરવી નવ પડે. (૩૭૩)

કાં પરોક્ષ જુએ પરમેશ, તે રહેશે આપોપું શેષ;
ભવાંતરનો પડિયો ફેર, અહંભાવ મોટું અંધેર;
અહંબ્રહ્મ સત્ય માન્યો ભાવ, ત્યારે અખા સ્વતંતર ભાવ. (૩૭૪)

અહંબ્રહ્મ રોપી રહે થંભ, એ પ્રાયે પરમેશ્વર ઊગ્યો શંભ;
સદા સર્વદા ચાલ્યું જાય, તું અણછતો ઊભો શાને થાય?
અખા તપાસી જો તું તુંને, ન જડે બા'ર જે ભૂલ્યો કને. (૩૭૫)

વેદવચન માને સત્ય કરી, તો આપોપું સંભાળે ફરી;
એ મૂકીને થઈશ મા ભલો, તો વલોણો પડશે વલો;
નહિ પામો આતમનવનીત, અખા આમ્ય તું નિજ પરતીત. (૩૭૬)

પુણ્ય રાખ્યે નવ જાયે પાપ, અગ્નિ રાખ્યો તો રાખ્યો તાપ;
જોત કરે પણ લાગે ઝાળ, શોભે ત્યમ વધતી જંજાળ;
અખા તે માટે વસ્તુ વિચાર, જે હસતો રમતો પામે પાર. (૩૭૭)

વસ્તુ વિચારે એટલો લાભ, જ્યમ નિર્વિકાર સદા રહે આભ;
કોટિ બ્રહ્માંડ ઉદરમાં રમે, આપ આયાસ નહિ કો સમે;
અચવ્યો લક્ષ એવો છે સદા, અખા નોહે દ્વૈત આપદા. (૩૭૮)

સર્વે સુખની સીમા છે જ્ઞાન, જે સકલ તેજનું આલે ભાન;
રવિ રથ બેઠો જે નર ફરે, તેને તિમિર કેમ આવરે?
લક્ષાલક્ષ વિના જે લક્ષ, અખા ન મળે પક્ષાપક્ષ. (૩૭૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્યાં પ્રાણી ત્યાં છે પ્રાણેશ, અને તું જોતો હીંડે પરદેશ;
પે'લું ત્યાં એ વાંકું થયું, જે અખા આપોપું વીસરી ગયું;
વીસર્યું તો સંતને જઈ પૂછ, તોડે જોડે કાં ડાઢી મૂછ? (૩૮૦)

જીવ તણી છે અવળી સૂજ, ધાયે ધૂપે કે પાટલ પૂજ;
બાહ્ય કર્મ કરી ગૂંચાય, મતદર્શનના મળ બંધાય;
અખા ધોવો છે અહંતા કાટ, તે ત્યાં ભીડ્યાં કર્મકપાટ. (૩૮૧)

ખટદર્શન કરતા વિખવાદ, મધ્યે માયા પોષે સ્વાદ;
દાન દયા શીલ કહેતા જાય, કો મંત્ર જાપ, તીરથમહિમાય;
અખા બાળકની પેરે થયું, બોર સાટે ઘરાણું ગયું. (૩૮૨)

ખરાબ થયો જીવ વ્યસને કરી, કર્મ વહેર્યા ને ખોયા હરિ;
આગલ્યા ભાવ નિઃશ્રમ કરે, ધન-તન-મન ત્યાંહાં વાવરે;
મન જાણે એ હરિભજન, પણ વાધે વેળ અખા આવરતન. (૩૮૩)

અત્ય જૂની મહામોહની જાળ, કંઠે પડ્યા થયા બહુ કાળ;
અળગાં ઉપાસના, અળગા દેવ, હેમાત બાંધે અહમેવ;
અખા એહ મોટો ઉત્પાત ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત? (૩૮૪)

સાર હતું તે ક્યાંયે રહ્યું, વ્યસની મન કહીં વહી ગયું;
ચોર બોલાવ્યા સાથે ઘણા, તે ઠગતા જાય થઈ આપણા;
પરબ્રહ્મ મૂળગું ઘર અખા, તે કેમ પામે જેને એવા સખા? (૩૮૫)

કો કહે મોટો શિવદેવ, કો કહે વિષ્ણુ મોટો અવશ્યમેવ;
કો કહે આદ્ય ભવાની, સદા બુધ-કલ્કિના કરે વાયદા;
જૈન કર્મની સદા દે શીખ, યવન માને કલમે શરીફ;
અખા સૌ બાંધે બાકરી, કો ન જુએ હરિ પાછો ફરી. (૩૮૬)

ઘણા શબ્દ પડ્યા જે કાન, તેને તેનું લાગ્યું ધ્યાન;
કો રૂસલમાં પરવાહે વહ્યા, કોઈ શબ્દને ગ્રાહે ગ્રહ્યા;
એમ ગોથાં ખાયે સંસાર, અખા વિના વસ્તુવિચાર. (૩૮૭)

લોક ચૌદ ચૈતન્યનો ઠાઠ, નીપજતા જાયે ઘાટે ઘાટ;
સુર અસુર પશુ નર નાગ, સો'જે પડતા જાયે ભાગ;
પિંડ પે'લો ત્યાં નોતો જીવ, અખા પ્રવાહ છે એમ સદૈવ. (૩૮૮)

પ્રવાહ પુરાતન ચાલ્યો જાય, આગળ ન દીસે તે પાછળ ભુંસાય;
મોઢે ફૂલ ને પાછળ ડીંટ, ખપે ખરું ને રહે અનીઠ;
અખા જો બેસે એ ઘાટ, એ સમજ્યા વિના સર્વે અટાટ. (૩૮૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતામાંહે વિચ્ચે વીંચણું, તે જ સંભાળે ઘર આપણું;
થઈ ગયું કે વળી આગળ થશે, તેની વાત કરે સૌ રસે;
એમ ચાલ્યો અવળો સંસાર, અખા ઘરમાં ખોયો સાર. (૩૯૦)

વેલ દીસે દીસે પાન, દીસે ક્રિર્ણ ન દીસે ભાન;
પ્રવાહ ન દીસે દીસે તરંગ, તમ ચિદ્દ ન દીસે દીસે અંગ;
અખા દેખણહારો દ્વૈત, ટળતે રહે તે સર્વાતીત. (૩૯૧)

સર્વાતીતમાં ઉત્પત્તિ અંત, શેષનાગ વૈકુંઠ પર્યંત;
ચૈતન્ય કારણ કાર્યભૂત, જ્યમ પટ કાર્ય ને કારણ સૂત;
અખા જાણ અરૂપી વડે, તે જોતાં અનુભવ નીવડે. (૩૯૨)

એમ જાણ્યા વિના ઠાલા સૌ, ઘણાં આચર્ણ આચરે બૌ;
સર્વે સ્વપ્નતરના ભોગ, જપ તપ સંયમ સાધન જોગ;
કહે અખો જે ખરો જાગશે, તેને એવોં અનુભવ હશે. (૩૯૩)

લોહનો કીલ ને રૂપાના દેવ, એક દેરાસરમાં થાતી સેવ;
તેમાં આવી પારસ રહ્યો, ત્યારે સર્વ સાજ સોનાનો થયો;
ઉત્તમ મધ્યમ કર્મ જ્ઞાન જ વડે, અખા સર્વે હરિ નીવડે. (૩૯૪)

અખા સમસ્યા સરખી ખરી, જો સમજો તો નીપજે હરિ;
ઊંડા જળમાં રત્ન જ પડ્યું, કેમ ડૂબકી ખાય કને તુંબડું ?
છોડ તુંબીફળ જડશે રતન, અખા સમજ તે મોટું જતન. (૩૯૫)

ડહાપણ ભોળાપણ છાંડી રહે, આડ કરે હરિમારગ બે;
ભોળાંને અસૂજની આડ, વિચક્ષણ પડ્યો ચતુરાઈની ખાડ;
અખા તરવું તેને માથે ભાર, હીરા છાર બે નાખે પાર. (૩૯૬)

ઘણું પંડિત ડાહ્યા ગુણવાન, ન્યાયે પારખું સંગીત ગાન;
અષ્ટાવધાની પિંગળ કવિ, મંત્રભેદ ઔષધ અનુભવી;
અખા એટલે જો હરિ નવ ખટ્યો, તે ભોળપણથો આઘો શું વટ્યો. (૩૯૭)

જ્યમ શિલા એક ટાંકી ચીતરી, અણઘડી બીજી મેલે ભરી;
બેયે નાખી ઊંડા જળ વિષે, પણ સરખી બેઉ તરવા વિષે;
ત્યમ પંડિત મૂર્ખ સરખા નીવડે, અખા દ્વૈતને રૂપક ચડે. (૩૯૮)

ચતુર તે જે ચતુરાઈ વમે, વર્તનમાત્ર જગતમાં રમે;
લક્ષ સદા રહે ત્રિગુણાતીત, વહનિને લાગે નહિ શીત;
ભવજળથી કોરો નીસરે, અખા એવો ચતુર તે તરે. (૩૯૯)

અખા રામ સતંતર ભાળ્ય, જેણે જાય સર્વ જંજાળ;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊંઠ હાથનું ગણતાં આપ, તે નર જાણે નહિ અમાપ;
ઉત્પત્તિ ને લય કહેવા માત્ર, રામરસે ભરવાનું પાત્ર. (૪૦૦)

તે તારાની વિદ્યા સરે, સામે પ્રવાહે જે કોઈ તરે;
કર્મધર્મનો વહે છે પ્રવાહ, તેમાં તણાતા ઠોકે સૌ ખભા;
અખા જે બ્રહ્મ સામો જાય, તે ભક્તને ગીતા ગાય. (૪૦૧)

પરબ્રહ્મ પ્રાયે, પોતામાં વસે, સદ્ગુરુ ગમે તે જો અભ્યસે;
જ્યમ ત્રાંબા પિત્તળ નીપજે ધાત, તે પ્રત્યે છે સુવર્ણની જાત;
કાષ્ઠ પાષાણ ન થાયે હેમ, અખા જ્ઞાન વિના બીજું તે એમ. (૪૦૨)

તું તીરથ કાં સામું જુએ, કાં પોતાને પ્રતિબિંબ મુહે ?
એવી બુદ્ધિ જેણે આદરી, તેણે આપથી બીજો કીધો હરિ;
તું કલ્પદ્રુમ કાં કલ્પી રમે ? અખા એમ પ્રીછે અર્થ શમે. (૪૦૩)

• આત્મા અંગ •

તન તીરથ તું આતમદેવ, સદા સનાતન જાણો ભેવ;
અડસઠનું અધિદૈવત સદા, તે જાણે ટળે કોટિ આપદા;
તીરથ માર્જન કીધું અખે, જન્મમરણ નહિ તેને વિષે. (૪૦૪)

જમલો છે જોજે જગદીશ, તું પડછંદો ને તે ઈશ;
ઊલટ ભેદે પામેય રામ, જો તારું મૂળગું નિજ ધામ;
અખા અક્ષર તું ક્ષર વસ્તુ નોય, પ્રતીત તુંને જો તારી હોય. (૪૦૫)

સૂધું કહેતાં ન માનો દુઃખ, પણ વહેતે જળે ન દીસે મુખ;
ઠેરાણે ભાસે જેવું યથા, વણઠેકાણે પામ્યો વ્યથા;
જ્ઞાન એક સઘળે પિંડ વસે, અખા કૃત્યની પૂજા હશે. (૪૦૬)

અહંમાયા બહુ રૂપે કરી, આપોપે સહુએ આદરી;
કો કહે હું દેખું પંચરંગ, કો શેષશાયી દેખે સુચંગ;
કોને મુક્તાફળ દૃષ્ટે પડે, કો કહે મારે જ્યોતિ ઝળહળે;
એ મનના મતા સઘળે આદર્યા, અખેપદમાં સઘળા ખર્યા. (૪૦૭)

દીઠાને કાં વળગે ભૂર, વણદીઠું વેધે તે શૂર;
દૃષ્ટ પદારથ જૂઠો થશે, વૈકુંઠાદિ સર્વે જશે;
ધ્યાન ધરે દીસે જંજાળ, અખા નોહે એ હરિની ભાળ. (૪૦૮)

ધ્યાને દીસે તે જાગ્યે જાય, તો ખોટાનો શો કરો ઉપાય ?
ઈન્દ્રજાળની વિદ્યા કાં મુહે ? એ કર્તવ્ય છોકરાં જુએ;
ભમીશ મા એ દેખી ભાત, અખા કૃત્યરહિત છે વાત. (૪૦૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્તવ્ય સઘળું મનનું જાણ, ન ઊભ્યે ટળે નહિ તાણ;
મન ઊભ્યે ઊભો સંસાર, ફોકટ કેમ વહે છે ભાર?
અર્થ અખા તો થાયે ખરો, જો ઉપાય મન અમનનો કરો. (૪૧૦)

કલ્પે જલ્પે કથે જ્ઞાન, વળી નવરો થઈને બેસે ધ્યાન;
મર્કટ રાજ્ય બેસાર્યું જેમ, ફળ દીઠે વળી હૂ-તૂ તેમ;
અખા એમ નહિ રીઝે રામ, એ તો અંતરના સાક્ષીનું કામ. (૪૧૧)

નિગમે ગાયો સમ્યક્ નવ વહ્યો, નવ આવ્યો ને નવ તે ગયો;
સદા સનાતન છે અવિકાર, છતે અહંકારે ન લહે પાર;
અખા વસ્તુ સરીખો થાય, તો હીરે હીરો વેધાય. (૪૧૨)

વર્ણાશ્રમે શું વળગે અંધ? જાણે એ માયાનો ફંદ;
વહેરે વળગ્યો કો નવ તર્યો, નિજબળ આવ્યું તે ઊગર્યો;
હાડચર્મ કાં દેખે ભૂર, અખા બ્રહ્મ રહ્યો ભરપૂર. (૪૧૩)

અણછતો બોલ સૌ કોને ચડ્યો, પણ કોણ કહાંથોં અળગો નડ્યો?
પાંચ તણી સઘળી માંડણી, આપે બોલ માંહે ધણી;
આપોપાથી બુદ્ધ જ પડી, ત્યારે અખા દ્વૈતની કાલક ચડી. (૪૧૪)

જો પ્રીછીને હરિભક્તિ આદરે, તો અંતે પડે સહુ વરે;
હું તે કોણ હરિ શી વસ્તા, જે જાણી ગ્રહું જઈ હસ્ત;
એમ જાણી જપે મળે ભગવાન, નહિ તો અખાવર વિહોણી જાન. (૪૧૫)

સદ્વિચાર તે સાચી ભક્તિ, જેણે જીવ શિવની લહિયે વક્તિ;
જીવશિવ તણું લહ્યું હેત, તે પહોંચ્યો જ્યાં વેદ કહે નેત;
એમ ભક્તિ આવે કણ સડે, નહિ તો અખા જુગ જુગ રડવડે. (૪૧૬)

એક મૂળ મંત્ર સાંભળજો સત્ય, જેણે પદાર્થ લહિયે નિત્ય;
જીવ તણું જે જીવ જ પણું, અને ઐશ્વર્ય જે ઈશ્વર તણું;
એ બેના વિકાર જો તજે, તો શેષભાગ અખા નીપજે. (૪૧૭)

જીવપણું વિચાર જ લગે, સદગુરુ વચને પડશે વગે;
રજ્જુભુજંગ જેમ દીપ વડે ટળે, વણવિચારે ભર્મ જ ફળે;
ભર્મકર્મનો વ્યસની થયો, ત્યારે અખા ઈશ્વર સાક્ષી રહ્યો. (૪૧૮)

જીવ ટળવા સૌ જત્ન જ કરે, તેમ તેમ તે બહોળો વિસ્તરે;
જેમ મૂર્ખ ખસ ખણી નિગમે, તેમ તેમ તે ઘણું ઘણું દમે;
ઔષધે કંડુ થાયે શાંત, તેમ સદ્વિચારે અખા જીવ શાંત. (૪૧૯)

ભક્તિ જ્ઞાન કથે વૈરાગ્ય અને દેહદર્શન તે ન કરે ત્યાગ;
ત્યાં લગે એકે નવ ફળે, જેમ શુદ્ધ સુરો ઉપરથી બળે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેને અંતર અગ્નિ ન લાગે ક્યમે, ફોકટ દિન અખા નિગમે. (૪૨૦)

વિચારે ભક્તિ થાય વણ કરી, જ્ઞાન કથ્ય વિણ પામે હરિ;
વણત્યાગે જ ફળે વૈરાગ્ય, સદ્વિચાર જ્યારે આવ્યો ભાગ્ય;
હરિ જાણ્યા વિણ જે જે કરે, તેને અખા ક્લેશ ઊગરે. (૪૨૧)

તપ તીર્થ દાન વ્રત નેમ, ઘરબેઠાં તે પામે ખેમ;
સદ્વિચાર થડ જેણે ગ્રહ્યું, તેને શાખાપત્ર બારું નવ રહ્યું;
સદ્વિચાર વિણ કરે જે ઘણું, તે ધૂળ ઉપર અખા લીંપણું. (૪૨૨)

રહેણી વિના કહેણી જે કથે, મહી વિના પાણી જ્યમ મથે;
જેમ કોયલસુતને પાળે કાગ, વસંતઋતુએ ઊડે જાયે જાગ;
લક્ષ વિના કહેણી જોઈ અખે, ભક્તિ દંભ કુતર્ક જ્ઞાન લખે. (૪૨૩)

જ્ઞાન છે હરિનું નિજરૂપ, ચિહ્ન વિના કેમ કહિયે ભૂપ?
રાજપુત્ર દળણું નવ દળે, કાળ માયા જેને દ્વારે રળે;
શેષ શંકરનું જીવન જ્ઞાન, એવી નિધ ખોઈ અખા વિણસાન. (૪૨૪)

કુબુદ્ધિ કુતર્કને જ્ઞાન જ કહે, વિષય દંભને ભક્તિ કરી ગ્રહે;
ક્રોધી ક્રોધને કહે વૈરાગ, હંસઆસને બેસાર્યો કાગ;
ત્રણેને નાવ્યે અખા હરિ હાથ, જ્યમ રૂપાભરોંસે શીપની આથ. (૪૨૫)

જ્ઞાન તણો મહિમા અતિ ઘણો, તે જાણે જે વિરલો જણ્યો;
ધ્યેય ધ્યાતા તેણે પદ નથી, નિરાલંબ પદ એટલા વતી;
કથ્યા ભણ્યાનું નહિ ત્યાં કામ, જો પ્રીછે અખા નિજ ધામ. (૪૨૬)

ઊઠ હાથ તરુ ચંદન તણો, ઊગે વણવાવ્યો હોય નહિ ઘણો;
બ્રહ્મવેત્તાનું એ દૃષ્ટાંત કૃત્યરહિત જો હોયે મહાંત;
એક ચિહ્ન ન હોય તે વિષે, તે સરખો અખા તેને લખે. (૪૨૭)

છાયા તરુએ તરુ નવ ફરે, તેમ બ્રહ્મવેત્તા કાંઈએ નવ કરે;
કૃત્ય એક નોહે તે વિષે, અચિંત્ય તરુ કેરાં ફળ ભખે;
નિજપદ બેઠો રહે તે વીર, નિત્યાનંદ અખા છે ધીર. (૪૨૮)

જેમ કલ્પદ્રુમથી રધ્ય નીપજે, પોતે કાંઈ ભજે નવ તજે;
સામાનો સંકલ્પ જ ફળે, પોતાનો અનુભવ નવ ચળે;
વિદેહી તણી હોય એવી રીત, ગ્રહે અખા જો ઇચ્છે જીત. (૪૨૯)

બ્રહ્મરસ જેને ઘટ ઠરે, તે ત્રિલોકની સ્થિતિ નવ કરે;
નવ દીસે તેને પદ રે', દીસે તેનો આણે ખે;
થાતાં પે'લો જેવો હતો, તે એવો અખા છે છતો. (૪૩૦)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધ્યાતા ને ધ્યે જો બે રે', તે કૃત્ય ન ખૂટે ટળે ભે;
ધ્યાતા ધ્યેમય જ્યારે થાય, તો દ્વૈત ઉપાધ્ય સર્વે રહી જાય;
કથે રહે સ્વસ્વરૂપ જ વખે, તેને જ્ઞાનવંત અખા વેદ લખે. (૪૩૧)

• વેષવિચાર અંગ •

દર્શનવેશ તણી કહું વાત, પંથ પુરાતન સઘળી ઘાત;
સ્વ-ઈચ્છાએ અવધૂત જ રહ્યા, પછે ચાલ્યા આવવા તેના ગ્રહ્યા;
શિવે વેશ ધર્યો અભિનવો, તે પે'લો અખા કેણે અનુભવ્યો? (૪૩૨)

જેમ રાજવેશ ધરે નહિ રાજ, પંથ રહે કંઈ ન સરે કાજ;
અંત કારણ એનું કાંઈ નથી, નિરદાવે વર્તે તે જતિ;
સેજમાંહી મહાપુરુષ જ રહે, બાહ્યદૃષ્ટિ અખા વેશને ગ્રહે. (૪૩૩)

સેષ શંકર મુનિ જે પદ રમે, તે પદ પ્રીછ અખા કાં ભમે?
શુક મોટા કહાવ્યા જે વડે, રખે કબુધ તુંને આશા નડે!
જ્ઞાનભ્રષ્ટ તે આશા કરે, જેમ કણક સત્ત્વ અખા હિંગ રહે. (૪૩૪)

જીવ કલંક અખા ટાળ્યે ટળે, આશાએ જીવ ભ્રમમાં ભળે;
આશાવાન તણું નામ જીવ, પદ નૈરાશ બેઠો તે શિવ;
મરકટ મન તે આશા લગે, જો એ વિચારે અખા તું વગે. (૪૩૫)

જગત નામ જગદીશ જ તણું, જોયામાં કારણ છે ઘણું;
ચિત્ત સહિત જોતાં તો જકત, ચિત્તરહિત હરિ છે અવ્યક્ત;
જ્યમ શાર્દૂલ સુતમાતાને મળે, અન્ય અખા રિપુ જાણી પળે. (૪૩૬)

મોટું વૈગુણ્ય ચિત્તનું પડ્યું, વસ્તુ વિષે દ્વૈત પડ ચડ્યું;
તેણે પડે ભાત નાનાવિધ તણી, ચિત્ત ઉપાધ્ય વાધી અત્યંત ઘણી;
માદક પુરુષને ઘેલો કરે, સ્વસ્વરૂપ અખા તેને વીસરે. (૪૩૭)

ચિત્તશમ તે નિશ્ચળ મન થાય, નિશ્ચળ મન તે શિવ સદાય;
શિવ તણે પદદ્વૈત જ નથી, એ ચિત્ત ઉપાધ વાધી અણછતી;
ચિત્તકલ્પિત અખા અવતાર, એ સદ્‌શાસ્ત્ર જાણે નિરધાર. (૪૩૮)

વિષય માદક પુરુષે ભક્ષ કર્યો, ત્યારે બુધ્યનેત્રે ભર્મ જ સ્ફર્યો;
ભ્રમ પડતે હરિદૃષ્ટિ ગઈ, ત્યારે નેત્રે માયા આવી રઈ;
માયાબળ છે અખા પ્રચંડ, તેનાં દર્શન છતું પાખંડ. (૪૩૯)

સર્વ વિકાર એ મનનો જાણ, ચૌરાશી લક્ષ ને ચારે ખાણ;
દુષ્ટ પદારથ ચિત્તનો ઘડ્યો, ચિત્તવત્ એને ચિત્ત શું જડ્યો;
ચિત્તરૂપી રોગ મનનો થયો, અખા આપોપું ભૂલી ગયો. (૪૪૦)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મેલું મન તે સાચું ધર્યું, જઈ માયા કેરે ચિત્તે વર્યું;
માયા તણે ત્યાં બહુ વિસ્તાર, હરિને પરઠ્યા દશ અવતાર;
ચિત્ત અંગીકરતે ભ્રષ્ટ થયો, આખા દોષ હરિનો ગ્રહ્યો. (૪૪૧)

અખિલ બ્રહ્મનો શો અવતાર, એ ચિત્ત ઉપાધ્ય તણો વિસ્તાર;
જો કહી જાય તો ફરી અવતરે, વણસમજે દોષ સ્થાપન કરે;
ચિદ્ અર્ણવ સદા ભરપૂર, અખા ઉત્પત્ય લય લહરીપૂર. (૪૪૨)

ચિદાનંદ કેરાં સર્વ રૂપ, દુષ્ટ પ઼દારથ આપે ભૂપ;
અખિલ ભુવનમાં રહ્યો પરવરી, નિત્યાનંદ આપે કરે હરિ;
સદા સર્વજ્ઞ છે અવિનાશ, અખા નિરંતર અવિનાશ. (૪૪૩)

વણવિચારે વિશ્વનું ભાન, જ્યાંહાં લગે નવ કાઢ્યું માન;
વસ્તુવિચારે વિશ્વ જ નથી, તો હરિને કર્તા કહું શા વતી?
હરિ કર્તાને કહો શા તણો જો કલ્પિત ભર્મ અખા આપણો? (૪૪૪)

ગુરુ મહારે એ જ પ્રીછવ્યો, હરિ દેખાડ્યો તે અણચવ્યો;
વિશ્વ નિયંતા જો બે કહેવાય, તો અખંડ બ્રહ્મની ખંડણા થાય;
ગુરુ-ગોવિંદ જેને ત્યાં હશે, અખા આપોપું દેખાડશે. (૪૪૫)

સાચો ગુરુ કેને નવ ભજે, અને જૂઠે તો કોઈ નવ નીપજે;
જેમ રસાયન કેને નવ મળે, અને ધૂર્ત વિત્ત લઈને પળે;
એ બે બેની સદાયે ખોટ, અખા નહિ મળે કોટાનકોટ. (૪૪૬)

સાચો ગુરુ જાણજે જીુક્ત, જે કનકકામની નોહે આસક્ત;
બીજા સઘળા આળપંપાળ, જે ધનને અર્થે માંડે જાળ;
તેથી કહો શું નીપજે? અખા અંતર માયાને ભજે? (૪૪૭)

ગુરુશિષ્યની ત્યાં એવી વાત, શુદ્ધ પારસ ને સઘળી ધાત,
શુદ્ધ પારસને જે જે અડે, તે તે કંચન થઈ નીવડે;
તે આદર કેનો નવ કરે, સહજ ઐશ્વર્ય અખા તે ધરે. (૪૪૮)

સદ્ગુરુ શિષ્યને વચન કહે, અને જિજ્ઞાસુ શિષ્ય તત્ક્ષણ ગ્રહે;
જ્યમ મોરપત્ની પડતું બિંદુ ધરે તેનો તદ્વત, બરહી થઈ પરવરે;
પડ્યું ગ્રહે તેની થાયે ઢેલ, ગુરુ શિષ્યનો અખા આ ખેલ. (૪૪૯)

ગુરુશિષ્ય કેરી સંભાળ જીુક્ત, સ્વાંતબુંદે જેમ જામે શુક્ત;
જેવે આદરે કરીને ગ્રહે, તેવું મુક્તજ જામી રહે;
આદરવંતને વચન જ ઠરે, જો, અખા સદ્ગુરુ આદરે. (૪૫૦)

વળી ગુરુશિષ્યનો સાંભલ તંત્ર, જ્યમ એકે પહોરે મુદ્રા જંત્ર;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્તા ધર્તા હોય સાવધાન, ઊઠે મુદ્રા સઘળી સમાન;
ચિત્ત ચળે જો એકે તણું, મિથ્યા કર્મ હોય અખા ઘણું. (૪૫૧)

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, પદાર્થ એક ત્રણ નામવિભાગ;
તેને અણજાણ્યો કહે જૂજુવા, પણ સમજ્યાને તે એક જ હુવા;
અનુભવતો જાણી જે ભેદ, ભક્તિ જ્ઞાન અખા નિર્વેદ. (૪૫૨)

જકતભાવ હ્રદેથી ગયો, ત્યારે ત્યાં વૈરાગ્ય જ થયો;
જ્યાંહાં જુએ હરિ દૃષ્ટે પડે, ત્યારે ભક્તિ સરાડે ચડે;
દ્વૈતભાવ અખા જ્યારે ગયું, એ ત્રણ પ્રકારે જ્ઞાન જ થયું. (૪૫૩)

કો ભક્તિ કરે ને નિંદે જ્ઞાન, કો ભક્તિ નિંદી આણે અભિમાન;
વૈરાગી કહે જૂઠા બેહ, સાચો સંસાર મૂકી રેહ;
એ દ્વેષે હરિ કહીંયે રહી ગયો, અખા અહંકાર આગળ થયો. (૪૫૪)

હરિમય સર્વ દેખે તે ભક્ત, જ્ઞાન આપે છે અવ્યક્ત;
એમ અહર્નિશ મન જો વેધ્યું રહે, તો કોણ નિંદે તે કોને કહે ?
વણ પામ્યે બકવાદ જ કરે, ગળે ગર્જના અખા ઊગરે. (૪૫૫)

કુળવધૂ તે પરને નવ ભજે, ત્યમ સાધવી તે ત્યાંહાં નીપજે;
આપ છુપાડે પોતા તણું, ત્યમ કંથમાન હોયે ત્યાં ઘણું;
સુભક્તની ત્યાં એવી રીત, નમ્રપણે અખા છે જીત. (૪૫૬)

જ્ઞાનીને પર કોઈએ નથી, મન અમન થયું તે વતી;
ઉત્તમ મધ્યમ સઘળું ગયું, મન જાતે સર્વે લીન થયું;
ગત દિવસનું સ્વપ્ન જ જેમ, 'હું-તું' ભાવ અખા થયો તેમ. (૪૫૭)

• જીવ અંગ •

સ્થાવરજંગમ કેરી વાત, નિકટ દેખાડ્યું છે સાક્ષાત્;
પંચમહાભૂત તે સ્થાવર જાણ, જંગમ ચૈતન્ય એ વેદવાણ;
એક પિંડમાં વરતે બે, બુધ્યે અખા જોઈ લે. (૪૫૮)

સ્થાવરજંગમ કેરો ભેદ, બુધ્યમાને કહ્યું માને વેદ;
બહાર જોતાં નાવે, પાર, પંચભૂતમાંહે વિસ્તાર;
જંગમ પવન નીર ને તેજ, સ્થાવર અખા આકાશ મહીં એ જ. (૪૫૯)

પિંડને લેખે છે બ્રહ્માંડ, બ્રહ્મા આદ્યે કીટપતંગ;
પ્રાક્રમ વિષે અધિકું ન્યૂન હોય, કારણ પ્રત્યે સમતા સોય;
અખા એ અનુભવ હ્રદે રાખ, જેની ભાગવતગીતા પૂરે સાખ. (૪૬૦)

એમ જોતાં ભાસે નહિ ભિન્ન, માયાચિત્રથી ઊતરે મંન;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કારણ વેધી બુધ્ય જ રહે, કાર્ય કેરું ચિત્ત ન લહે;
ચિત્ત વિચિત્ર દષ્ટેથું ગયું, ત્યારે અખા ધામ મૂળગું રહ્યું. (૪૬૧)

મૂળગે પદ તો દ્વૈત જ નથી, સ્વપ્ન ઉપાધ્ય જાગ્રત નહિ રતી;
ઉત્તમ મધ્યમ કર્મકાંડ જોગ, નિદ્રાવાનને સઘળો ભોગ;
જાગ્યાને સ્વપ્નાનાં કૃત્ય, મૂળગી વૃત્યે અખા છે વૃત્ય. (૪૬૨)

આપ થાતે વ્યાપે સત્ય થયો, પછી વ્યાપે અપોપું ભૂલી ગયો;
ચતુર પુરુષ જેમ ગ્રથલ થયો, સ્વસ્વરૂપ તેને વીસરી ગયો;
અખા નિજ બુધ્યે અંગીકરે તો ગ્રથલપણું સમ્યક્ વીસરે. (૪૬૩)

ચિદ્ અર્ણવ કેરા બુદબુદા, ઊપજે ખપે સ્વભાવે સદા;
આસત્ય નાસત્ય એની ન કહેવાય, નરછાયા જેમ સાથે થાય;
સૂરજ-ધામ કેવાને, બે, એમ જીવ-શિવ અખા જોઈ લે. (૪૬૪)

નવ દીસે તેને સત્ય જાણ, દીસે તેને નાશ પ્રમાણ;
દષ્ટે પદારથ જૂઠો થાય, ઘાટદષ્ટ હેમે ઠેરાય;
પસર્યું આપ સચરાચર વખે, એમ જોતાં પદ પામ્યું અખે. (૪૬૫)

અણછતે છતાનો ભ્રમ, પણ બ્રહ્મવેત્તા જાણે એ મર્મ;
વાગ્વિલાસ તે સાચો થયો, પછી જૂઠે સાચું ભૂલી ગયો;
માયા ઈચ્છા નારદને થઈ, ત્યારે પુરુષબુધ્ય અખા ભૂલી ગઈ. (૪૬૬)

અણરૂપીનો પંચ અભાસ, પંચે પસર્યો સર્વાવાસ;
ઈન્દ્રજાળ વિદ્યાનું જાળ, દીસે સત્ય તે આળપંપાળ;
અણચવિયું આપોપું લખો, એટલા ઊફરું શું કહે અખો? (૪૬૭)

દશરથ પે'લો હતો જે રામ, નંદ વસુદેવ પે'લું કૃષ્ણનામ;
ચોવીશે તેમાંથી થાય, પણ તે કહીયે આવે નવ જાય;
અવિનાશી લેહે તે સંત, ત્યાં કારણ નહિ દર્શન ને પંથ. (૪૬૮)

દ્વૈતાભાસી તે નોહે સંત, જયમ બે બાનીના હસ્તીદંત;
મનમાં આશા માયા તણી, કીરત બહાર ચલાવે ઘણી;
બ્રહ્મભરોસે આવ્યો બ્રહ્મ અખા સરાડે ઊગર્યો શ્રમ. (૪૬૯)

અગમ પંથને તે જઈ નવ શકે, જૂઠું અન્ન નિછારે ભખે;
પરાધીન રહે દેહવાન, બુધ્યવોણાને નહિ ત્યાં સાન;
અખા અણજાણ્યું રહ્યું આપ, જન્મ ધરે સાથે પુણ્યપાપ. (૪૭૦)

જો ભૂંડા! તું છે ચિદ્અંશ, જોને વિચારી તારો વંશ;
તું રાજપુત્ર કાં દીનમાં ભળે? કાં વિચારવો'ણો ઘરઘર ફરે?
નિજપદ બેસ ટળી જો જંત, એમ અખા પદ પામ્યા સંત; (૪૭૧)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૃથ્વી અપ તેજ વાયુ આકાશ, એ જાણજો પોતે અવિનાશ;
હંસ ભખે કમળના તંત, તેમ આપ વિચાર કરે માહંત;
કલણારહિત કોઈ નિર્બંધ નર, આકારે અખા ગોવિંદ. (૪૭૨)

નિર્દ્વંદ્વી અંતર્ગત મુદા, કૃપાવાન ધીરજવંત સદા;
રાગ-વિરાગ નહિ તે વિષે, અહંકાર કો નવ લખે;
નિરાધાર અખો કે' વીર, જેને જગત તૃણવત્ સહિત શરીર. (૪૭૩)

બ્રહ્મવેત્તા રહે તુર્યાપાર, તો બાહ્યદૃષ્ટિ શો કરે નિર્ધાર?
ત્રણ અવસ્થા સૌને વિષે, તુર્યા ઉલ્લંઘીને કોણ લખે?
જેહ લખે તેવો તે થાય, જથારથ અખા રહીને જાય. (૪૭૪)

બ્રહ્મવેત્તાને જીવ નવ કળે, જ્યમ રાતદિવસ એકઠાં નવ મળે;
ત્યાં કલણ નહિ અને જીવ અચેત, શિવપદ બેઠાં સર્વ લે' હેત;
ઊંચે આસન બેસે જે કોય, નીચી ભૂમિકા દેખે સોય. (૪૭૫)

જગત દૃષ્ટિ તે ચર્મને વિષે, બોલનારને કો નવ લખે;
પાંચ તત્ત્વની ઓથે રહે, હાથોહાથ અખા બોલ દે;
દર્શ્યો હોય તો કહેજો હા, વણદર્શ્યા મન વાયો વા. (૪૭૬)

સુવર્ણાગર સોનીને ભોગ, બીજા લોકને ન મળે જોગ;
તે સઘળા જાણી મૂકી જાય, અનુભવ હોય તે કરે ઉપાય;
અણઆયાસે થાય એકભવી, રિદ્ધિ પામે અખા અવનવી. (૪૭૭)

અણપામી રિધ્યનું ઘર લહ્યું, ચિત્રવિચિત્ર જેને વિષે રહ્યું.
શુદ્ધબુધ્યે વિચાર જ કર્યો, બીજો ઉપાય નથી એ ઊફરો;
ઉત્તમ મધ્યમ સ્વપ્નનાં કૃત્ય, જાગ્યે અખા થાય સર્વે વ્યર્થ. (૪૭૮)

દેહ સૌ એની દૃષ્ટે પડે, દેહી કોઈ ન મીટે ચડે;
ભાત પડે છે જે પોત વખે, વચન ઘાટ ઘાલે પારખે;
કહેતામાં પ્રીછ જે સાન, અખા અગમનું આવે માન. (૪૭૯)

બીજે ઉપાયે હરિ નવ મળે, જો કોટિ જન્મ લગે આફળે;
જ્યમ કમળ ઉપર જળઝાકળ પડે, ત્યમ ત્યમ તે સૂકે કે સડે;
જેથી ઊપન્યો તે જો હજૂર, બીજે ઉપાય અખા પડે દૂર. (૪૮૦)

જેને તું જાણે આકાશ, તે તું જ વિચારી જોને પાસ;
તે નોહે ખૂણેખાંચરે, પ્રત્યક્ષ મુખે મુખ વાતો કરે;
જ્યમ સંકલ્પ ચડ્યા ન દીસે દેહ, ત્યમ અખા રહ્યો છે તેહ. (૪૮૧)

ભોજ કાજ ઉદ્યમ કાં કરે? તુજને ભોગ ખોળતો ફરે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વણવાંછો આવે જેમ રોગ, એણે લેખે જાણે ભોગ;
કિરતારે કીધો તુજ કાજ, નવ નવ મૂકે અખા મહારાજ. (૪૮૨)

અખા કાં લેવાને ધસે, અવધવોણો કેમ આવશે ?
કાળે દ્રુમ વણવાંછ્યાં ફળે, રત વિના ફળ શોધ્યાં નવ મળે;
જેમ મૂર્ખ સૂર્યને લેવા જાય, તે વા'ણે ઉદે આફણિયે થાય. (૪૮૩)

એમ જાણી ધીરજ મન ધરે, અજગરવૃત્ય મહાપુરુષ આદરે;
જો જાણે માથે કિરતાર, ફોકટ હું થઈ કાં વહે ભાર ?
ચક્રચૂડામણ તારો તાત, ધીરજ ધરે અખા સાક્ષાત્. (૪૮૪)

આહાર આશાએ જીવ સૌ થાય, આશાએ દેવ ક્ષીરસાગર જાય;
આશાએ તપિયા દેહને દમે, આશાએ વ્રત તીર્થ સૌ ભમે;
રાયરંગ આશાના દાસ, આશા અખા માયાનો પાસ. (૪૮૫)

જ્યારે પદ બેસે નૈરાશ, ત્યારે સ્વેજ્યોત હોય પ્રકાશ;
કૃતકૃત્ય કહીએ મહાપુરુષ જેનો આશપાશ ગયો અમૃખ;
જેમ વાદળ ટળ્યો નિરાળો સૂર, અખા પ્રકાશ તો આશા દૂર. (૪૮૬)

જીવ શિવમાં અંતર કાંઈ નથી, જેમ રૂપું તરુઉ કહાવે જળવતી;
જળ નાસે રૂપું જ્યમ સત, ત્યમ આશા ઘટે, શિવ અવ્યક્ત;
સદ્વિચારે આશા જાય, અનાયાસે અખાં વસ્તુ થાય. (૪૮૭)

સદ્વિચાર વડે હરિ મળે, બીજે ઉપાયે ક્લેશ નવ ટળે;
જેમ જેમ તેનો કરે ઉપાય, તેમ જીવપણું તે જાહું થાય;
જ્યારે પદ બેસે નૈરાશ, ત્યારે સ્વે અખા સચરાચર વાસ. (૪૮૮)

• દશવિધ જ્ઞાની અંગ •

દશવિધ જ્ઞાની લક્ષણ લક્ષ, તેનાં કહું આચરણ મુખ્ય;
નામ એક પણ લક્ષણ જૂજવાં, જ્યમ પૃથ્વી એક ને ભિન્ન ભિન્ન કૂવા;
કૂપ કૂપ જૂજવા નીરસ્વાદ, એમ અખા મન વર તણિયા વાદ. (૪૮૭)

શુષ્કજ્ઞાની કહાવે કેટલા, જ્ઞાનદગ્ધ જોતાં એકલા;
કો વિતંડા કહાવે નરા, જ્ઞાનખલ કેટલાએક ખરા;
નિંદકજ્ઞાની નીપજે ઘણા, કો ભ્રમજ્ઞાની અખા મન તણા. (૪૯૦)

હઠજ્ઞાની ઘણા મન વિષે, શઠજ્ઞાની સૂધું નવ લખે;
શૂન્યવાદી તે નવમો જાણ, શુદ્ધજ્ઞાની દશમો પરમાણ;
એ દશે નામ જ્ઞાનીનાં કહ્યાં, હવે લક્ષણ કહું અખા જે રહ્યાં. (૪૯૧)

શુષ્ક જ્ઞાની નીરસ હોય હદે, વાણીખાણી લૂખું વદે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હીસે નહિ તે સર્વાવાસ, ચેતન જાણી નોહે ઉલ્લાસ;
એ લક્ષણ શુષ્ક જ્ઞાનીતણું, જ્ઞાનદગ્ધ અખા હવે ભણું. (૪૯૨)

જ્ઞાનદગ્ધ હોયે અધબળ્યો, સંતસમાગમે રહે તે મળ્યો;
બાહ્ય કર્મે ઝરલાણી મત્ય, માંહે આપોપું અહંતા સત્ય;
અનુભવ અંકુર ન ફૂટે ત્યાંય, જેમાં અખા દગ્ધ છે પ્રાય. (૪૯૩)

વિતંડ નર હોયે તે અશો, પોતાને નિશ્ચય નહિ કશો;
વાદ કર્યો ઉપર બહુ હામ, લક્ષ વિના વિદ્યાની મામ;
ક્લેશ કરતાં કાપે કાળ, અખે વિતંડની કાઢી ભાળ. (૪૯૪)

જ્ઞાનખળને ખળતાનો થાપ, કુટિલ જુક્તિ ઊપજે બહુ આપ;
જ્ઞાનવચનને આગળ કરે, ઓથે રહી વિક્રમ આચરે;
વંદે ખરો પણ ખળતા કાજ, અખા તે સરખો અંતર બાહ્ય. (૪૯૫)

હવે નિંદક જ્ઞાની કહિયે સોય, પે'લું દોષનું દર્શન હોય;
સંતસમાગમ માંહે તે ફરે, લાંછન જોઈ હૃદયે ધરે;
આત્મજ્ઞાન તણી કરે વાત, પણ નિંદકની અખા એવી ઘાત. (૪૯૬)

ભમ જ્ઞાનીને અંતર ભર્મ, વદે વસ્તુ પણ ન સમજે મર્મ;
અંતર અન્ય ઉપાસન કરે અને કરતાહરતા આપ ઉચ્ચરે;
અખા ન સમજે સાંગઉપાંગ, ભ્રમે ન ટળે વાસનાલિંગ. (૪૯૭)

હઠજ્ઞાની સિધ્યને વસ્તુ લખે, કહે બ્રહ્મજ્ઞાન નોહે સિદ્ધિ પખે;
કહે ચૈતન્યે ભર્યું બ્રહ્માંડ, પણ સિધ્ય વિના તે કાચો પિંડ;
અખા લક્ષ હઠજ્ઞાની તણો, જહાં સિધ્ય ત્યાંહાં પૂર્ણ બ્રહ્મ ગણ્યો. (૪૯૮)

શઠજ્ઞાની તે ગ્રંથ બહુ સુણે, બહુ વાંચે બહુ પાઠે ભણે;
ગ્રંથપ્રતીતે માને વાત, પણ સમ્યક્ ભાસે નહિ સાક્ષાત્;
શઠપણે ન ટળે ચકચૂંધ, અખા અંતરથી ન ટળે રૂંધ. (૪૯૯)

શૂન્યવાદીને શૂન્યેશૂન્ય વિશ્વ નહિ ને નહિ પાપપુણ્ય;
ઉત્પત્તિ નહિ ને નહિ સમાસ, સ્વૃપર નહિ નહિ સ્વામી-દાસ;
એમ વરતે શૂન્યવાદી ખરો, પણ અખા ન ચાલે શૂન્ય ઊફરો. (૫૦૦)

શુદ્ધજ્ઞાની તે રૂપ અરૂપ, મહાનિધ આશે છે તદ્રૂપ;
સર્વ સહિત છે સર્વાતીત, જે પોષક આદ્યે ઉદ્ગીત;
અખા અનિર્વચની તે આપ, લક્ષ લાગે તે લહે અમાપ. (૫૦૧)

દશ પ્રકારના જ્ઞાની લખ્યા, પણ નવનો લક્ષ દશમા વિણ મથ્યા;
નવેનો લક્ષ ત્યારે શુદ્ધ થાય, જ્યારે અનુભવ દશમા ઘેર જાય;
અખા જે છે સદા અવાચ્ય, જો સમઝે તો સમઝી રાખ્ય. (૫૦૨)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

• વેદ અંગ •

વેદ વિચારી જોયો બ્રહ્મ, વિશ્વ તે શું ને કેનો કર્યો મર્મ;
વિચાર કરતાં બેહું ઘાટ, એમ ચાલ્યો જાય રાત મિથ્યા ઠાઠ;
સત ચેતન ને મિથ્યા માય, અખા એમ દીઠો પરવાહ. (૫૦૩)

ઠેરાવીને લખિયો લેખ, પંચભૂત ને તેનું શેષ;
તત્ત્વે તત્ત્વની ઊપજ ગણી, માંય, ચેતનતા ચૈતન્ય તણી;
લક્ષ ચોરાશી બીબે ભાત, એ અખા વેદના મનની વાત. (૫૦૪)

પ્રવાહ ચાલ્યો જાય એણે મર્મ, જીવાપત્તિ આળેખ્યાં કર્મ;
તેર કાંડ ધૂમમારગ લખ્યો, છેલ્લી વારે અર્ચ્ય ઓળખ્યો;
ઊપન્યા કેરો કીધો નિષેધ, અખા ઉપનિષદમાંથું વેદ. (૫૦૫)

નેતિ નેતિનો એહ જ અર્થ, ઊપન્યું ગયું તે જાણ્યું વ્યર્થ;
શેષ લહી કહ્યું નેતિ નેત, હાથ ખંખેર્યા એણે હેત;
અખા ચૌદમું પ્રીછ્યા પખે, જીવ ગૂંથાણો તેરને વિષે. (૫૦૬)

તેર કાંડ માયાનું જાળ, કર્મફળ ને જીવ ઈશ્વર કાળ;
એ સર્વ ઘાટ બેસાર્યું વેદ, ત્રિપદ, કલ્પી કીધો ભેદ;
અખા ખટકે નહિ જે તેર, તે ચૌદ બોલી ચાલ્યો સુસેર. (૫૦૭)

વેદની જુક્તિ પુરાણે ગ્રહી, તેણે ઈશ્વરપદ રાખ્યું સહી;
મોટાં ચરિત્ર ત્યાં ઈશ્વર કહ્યાં, સાધારણ તે જીવમાં ગયાં;
સામર્થ્ય દેખી બાંધ્યું માન, અખા એ પુરાણતણું નિદાન. (૫૦૮)

વેદનો લક્ષ તે કૈવલ્ય રહ્યો અને ઈશ્વરલક્ષ તે પુરાણે ગ્રહ્યો;
તે ઈશ્વરના ચોવીસ અવતાર, તે માંહે વળી સારઉદ્ધાર.
તેને સ્થળ વળી પ્રતિમા કરી, એમ અખા માયા વિસ્તરી. (૫૦૯)

ચારે જુગનું એ વર્તમાન, પરંપરા જોતાં અનુમાન;
જ્ઞાની તણી નિરંતર સૂજ્ય, પ્રવાહ પડે કર્મ પ્રતિમા પૂજ્ય;
અખા ન ટળે દેહઅધ્યાસ, સ્વર્ગ-મૃત્યુ પાતાળે વાસ. (૫૧૦)

છે પોતે પરમેશ્વર આપ, રાખ્યો ત્યારે દ્વૈતનો થાપ;
એ આશ્ચર્ય તે કોનું કહ્યું, જો પોતા સરખું સૌને લહ્યું ?
અખા વિચાર્યા સરખી વાત, પૂછ્યું ત્યાં પરતંતર ઘાત. (૫૧૧)

જ્યાં જેમ થાય તેમ સે'જે થાય, પણ કર્તવ્યને શિર તે દેવાય;
અટક્યું ન રહે કાંઈ કાજ, આગળ આગળથો થાયે સાજ;
કરણહાર ન દીસે કોય, અખા સૌએ કર્તા હોય. (૫૧૨)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અખા પરમેશ્વર જોતાં અશો, કહ્યો ન જાયે કોણ કશો;
કોણ કળે ને કેને કળે, જો એકવડે સઘળા ચળવળે ?
જેમ મેઘ બહુ બિંદે કરી, પણ બિંદુ મેઘને જોયે કેમ ફરી ? (૫૧૩)

માંહે બહાર ન જાયે કહ્યો, બાંધ્યો રુંધ્યો પોતે લહ્યો;
સે'જે સહજ ફૂલ્યું આકાશ, ઊપજ સાથે અખા સમાસ;
આગળ સગુણ નીપજતું જાય, પાછળ નિર્ગુણ થઈ ભુસાય; (૫૧૪)

પ્રત્યક્ષ પ્રમાણ ચાલ્યું જાય સદા, કોઈ સંભાળી જુએ જદા;
નિર્વેવીના સર્વ અવેવ, મહાનિધમાંથી સર્વ ભેલ;
રમી રમી પાછો રસ થાય,અખો રામ એવાને ગાય છે. (૫૧૫)

જે ઊપજે તે પાછું વળે, ચૌદ લોક લોકપાળે ટળે;
સૂનું ન રહે ફીટ્યા માટ, તેમનું તેમ બેઠું રહે ઘાટ;
દૃષ્ટ પદાર્થ તે દૃષ્ટમાન, અખા ત્યમનું ત્યમ નિદાન. (૫૧૬)

એમ જોતાં અખો તે કશો, બાંધ્યા મેઘમાં એક બુંદ જ શો;
ફોરાનું તે શું પરમાણ, સાવ નીરતર પાણી જાણ;
જેમ છે તેમ તે છે નિદાન, અળગું જાણવું એહ જ જાન. (૫૧૭)

અખે રામ એવો ઓળખ્યો, કાગળ મેશે ન જાયે લખ્યો:
ફરતે બેઠો તે નવ મળે, નખશિખ લગે તે ચળવળે;
સેજે સેજ ઘલાણી હામ, અખા નિરંતર ફાવ્યો રામ. (૫૧૮)

વસ્તે અસ્ત પામ્યું મન જદા, દરિદ્ર હો કે હો સંપદા;
દરિદ્ર ન વધે ન સુખનું માન, જ્યારે પામ્યું મૂળ નિધાન;
આદ્યે કર્મ ક્રિયે જીવ થયા, કારણ આદ્ય શાના પર ઠર્યા ? (૫૧૯)

અખા વિચાર્યે બેઠું ઘાટ, આપે આપ ચૈતન્યનો ઠાઠ;
પંડિત જાણ કહો એ મર્મ, અણજાણે શું સાધન ધર્મ ?
એ વક્ત કરે તે વક્તા ખરો, અખા અણજાણે ભૂલા ફરો. (૫૨૦)

કરતો રહે તો ખૂટે કર્મ, એ આત્મા જાણ્યાનો મર્મ;
જો તું જીવ તો કર્તા હરિ, જો તું શિવ તો વસ્તુ ખરી;
અખા એમ જાણે તે આપોઆપ, ગીતા વિશે હરિ રાખ્યો થાપ. (૫૨૧)

ગીતાને અધ્યાય સાતમે, ભક્ત ચાર કહ્યા તે સમે;
તેમાં ત્રણ તણો હરિ કહે હું ભૂપ, પણ જ્ઞાતા તે મારું નિજ રૂપ;
કાર્ય પ્રત્યે બહાર રમું, અખા અંત્યે ત્યાં વીસમું. (૫૨૨)

સાને સમજે તે નર ખરો, ભણ્યે ગણ્યે માણ્યો આફરો;
ભણ્યા ભવ ભમતા ભવમાંય, ભાત ઊભાત વચ્ચે ન રહેવાય;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રઢથી વાત કરે હરિ તણી, અખા અક્ષરમત નહિ આપની. (૫૨૩)

જે વિરલા રસિયા હરિ તણા, કેસરીસિંહ દીસે નહિ ઘણા;
સુભટ સૈન્યમધ્યે વિચાર, તેમ માળામુદ્રા સારોદ્ધાર;
જ્યમ અન્ય પંખી અતિ ઊંચો ચડે, અખા અનલદર્શન નવ કરે. (૫૨૪)

અખા અક્ષરપદ તું ત્યાં રમે, જ્યાં ચવે નહિ ત્યાં વીસમે;
નિત્ય નિવેદન એહ જ જાણ, આતમ તત્ત્વ સઘળે પરમાણ;
ત્યારે સર્વ પડે પાધરું, જયારે હુંપણાનું આવે સરુ. (૫૨૫)

ઓળખ આપ હવડાં હરિ મળે, જો બાહ્યથકો અંતર્ગત વળે;
અનવેવ્યત્રોકે હરિ ભાળ, તુષને ત્યાગી રહે તે શાળ;
અક્ષર આપ અવસ્થા ફરે, અખા તું જ આદ્યે મધ્યે સરે. (૫૨૬)

પહેલી હરિશું લાગી પ્રીત, તેણે ભાંગી લૌકિક રીત;
એમ કરતાં સગપણ નીકળ્યું, તેણે ત્યાં કાંઈ કહેવું ટળ્યું;
સ્વામી-સેવક પ્રીતે હુતો ભાવ, સગપણ અખા સતંતર સાવ. (૫૨૭)

માતા તન સઘળો સંસાર, પિતાપુત્રનો એક નિરધાર;
પિતાપુત્રને શરીર જ નથી, ભાસે તે ભ્રમની મોરથી;
માતા તનને ધ્યાતાધ્યે, પિતાપુત્ર અખા નિસ્પ્રે. (૫૨૮)

કાંઈ ન જાણ્યે જાણ્યો રામ, જાણપણે ભૂલ્યો નિજ ધામ;
જ્યમજ્યમ અદકું જાણતો જાય, ત્યમત્યમ હુંના મળ બંધાય;
યદ્યપિ કથે જો બ્રહ્મજ્ઞાન, તોય અખા નહિ મૂકે માન. (૫૨૯)

જાણ થાય બહુ વિદ્યા વડે તેમ તેમ આવરણ અદકાં ચડે;
નિત્ય ધોતાં પટ રાતું થાય, પાણીનું પડ ચઢતું જાય;
મૂળગું પટ જોતાં તે મેલ, અખા અણલિંગીપણું અલેલ. (૫૩૦)

નિજપણું ભૂલ્યે કરી જીવ, ભૂલ ટળી તો સદાયે શિવ;
તે શિવ તો પોતે છે સદા, ત્યાં વિદ્યાના મળ નોહે કદા;
અખા વસ્તુ તો સે'જે સે'જ, જીવ રે'તો પ્રાયે મળ રે'જ. (૫૩૧)

સમજ્યો નર શો બાંધે ઘાટ, આપાપાર ટળી ગયો છે નાટ;
અકસ્માત ઊપન્યો વિચાર, સત્તાનિત્ય બાંધ્યો સંસાર;
અનંત બ્રહ્માંડનો દ્રષ્ટા આપ, અખો કહે શરીર આદ્યે દઈ વ્યાપ. (૫૩૨)

અખા વિચાર્યા સરખી વાત, વિચાર વિના તે થાયે ઉત્પાત;
વેદ ચાર બ્રહ્માના કહ્યા, સ્મૃતિ પુરાણ ઋષિ ઉચ્ચર્યા;
ચવ્યો-પદારથ સર્વે કહ્યો, પણ અચવ્યો ત્યાં અંભોગત્વ રહ્યો. (૫૩૩)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે રહ્યો વ્યાપી વિસ્તરી, તેની તો કથા નવ કરી;
ધર્મે કર્મે લાગ્યાં બહુ લોક, પણ સોદો ન થયો રોકારોક;
નગદ માલ ઉધારે પડ્યો, એમ અખા જીવ રડવડ્યો. (૫૩૪)

ઈહાં અખા કોઈ શું કરે? જો માયા આડી પરિયંચ ધરે!
જેમ અશ્વ અશ્વની ભોગવે, નેત્રપટ બાંધ્યો સંગવે;
પટ છોડી દેખાડે તૂરી, અખા એહવી નીપજ ખરી. (૫૩૫)

એણી પેરે એ ત્યાંહાં થાય, જે વડે પ્રવાળ ચાલ્યો જાય;
તેનો કોઈ ન જાણે મર્મ, દેખે જીવ ને જીવનાં કર્મ;
અદૃષ્ટ પદાર્થ થાય દૃષ્ટમાન, અખા સમજે તો સમજે સાન. (૫૩૬)

અમૂર્તિની મૂર્તિ આ સહુ, અણનામીનાં નામ જ બહુ;
અકર્તા કર્મ સર્વે કરે, અનિર્વચની વચન ઉચ્ચરે;
અખા એમ ખરારે માન, બીજી વાત ન ઘાલીશ કાન. (૫૩૭)

પરબ્રહ્મ જોવાને મન, બહુ ભાતનાં કરે જતન;
પૂતળી કેમ જુએ ચક્ષ, જો દેખણહાર પૂતળી છે મુખ્ય;
દર્પણ માંડી જોવા જોય, તે તો અખા નિજ છાયા પ્રાય. (૫૩૮)

રૂપધારી રામ જોવા કાજ્ય, શરીરકૃત્ય કરતાં બહુ બાજ્ય;
ધ્યે-ધાતા થઈ આવે સે'જ, એ તો ચેતનમાં ગુણ છે જ;
જીવ બ્રહ્મને હાથે સાહે, એહ અખા હોયે નહિ પ્રાયે. (૫૩૯)

વિચાર અણલિંગી ક્યમ ઊપજે, જ્યમ કો નરને મહેલા ભજે;
ગ્રથલ થઈ જાએ તેની વૃત્ય, કેમ કેવલપણું પામે તુર્ત્ય;
ભાવના ફેર પડે છે મન, અખા નહિ કો સાક્ષી અન્ય. (૫૪૦)

પ્રાયે સર્વ ચૈતન્યનો ઠાઠ, પણ સત્ય મિથ્યારૂપે આઠકાઠ;
શેષનાગ વૈકુંઠ પર્યંત, જ્યમ મણિગણ બહુ ને એક જ તંત;
દેવ નર નાગ રૂપ સિદ્ધમાં ફેર, સમજે અખા ટળે અંધેર. (૫૪૧)

સર્વે એ કારજનાં રૂપ, પણ કારણ સમજવું તે જ અનુપ;
કારજ કીટ પતંગ બ્રહ્માય, કારણ વડે સૌ ચાલ્યું જાય;
જે ઘટ અખા કારણ ઉલ્લસે, તે નર સ્વે થઈને વિલસે. (૫૪૨)

લોક ચૌદ હીરાની ખાણ, ઓપાણો તે થયો નિરવાણ;
વણઓપાણે સૌ કાકરાં જાત વિષે સર્વે આકરા;
જે ઘટ હવો પોતપ્રકાશ, તે અખા નોહે સ્વામી-દાસ. (૫૪૩)

આડ્ય અવિદ્યા સૌને વિષે, તેણે આપોનું નવ ઓળખે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભરમે દેહઅધ્યાસી થયો, કર્મ કરી ચૌદ લોકે વહ્યો;
તેહ ભૂલ ટાળવા માટ, અખા ભક્તિ ઘાલી છે ઘાટ. (૫૪૪)

જાણ્યું જીવ નવધા આદરે, ભક્તિરસે કર્મરસ વીસરે;
ઈશ્વર સાથે રત બંધાય, તો કાંઈ સુરત ચેતનમય થાય;
ત્યાં સગુણ ભક્તિ ગાયો સાકાર, અખા મંડાણો મોહવ્યાપાર. (૫૪૫)

ભક્તિ દેખાડી એટલા માટ, કર્મઘેનમાં પાડી વાટ;
જાણ્યું સૂધે મારગ જશે, સર્વાવાસ હરિને જાણશે;
અખા અવતારી ધ્યેયને બકે, તો પોતાનાથી છૂટી ક્યમ શકે? (૫૪૬)

સર્વાવાસ જાણ્યા વિણ રામ, અખા થયું નથી કેનું કામ;
બીજી ભક્તિ તે મોહનો ઘાટ, રાજમારગમાં પડે છે વાટ;
પુષ્પિત વાણી તે મેવાસ, સુખ સરખું પણ મહા આયાસ. (૫૪૭)

એક વસ્તુવિચાર વિચાર્યો મને, પારબ્રહ્મ જાણવો જને;
આપ આદ્યે દઈ ચૌદે લોક, પંચભૂત કેરો સૌ થોક;
લોકલોક પ્રત્યે લોકપાળ; એવું ધામ અખા વિશાળ. (૫૪૮)

વૈકુંઠ આંદ્યે ઊંચા માળ, નીચા જોતાં આદિ પાતાળ;
તેમાં બલિયાની બલિયા બહુ, એક અધિપતિ ને પ્રજા સહુ;
અખા જોતો એક માંડણી, પણ મહાકારણ તે અળગો ઘણી. (૫૪૯)

તે મહાનિધ સઘળે પોખાય, અવિરત પ્રવાહ ચાલ્યો જાય;
વિષ્ણુ બ્રહ્મા શિવ ને શેષનાગ, ઐશ્વર્ય અદકા ઓછા ભાગ;
ત્રિગુણાતીત વડે એ સહુ, અખા સમજે તો વારુ બહુ. (૫૫૦)

લોક ચૌદ ત્રણ ગુણના કર્યા, અષ્ટાદશ વર્ણે આવર્યા;
એણે લેખે બહુ બ્રહ્માંડ, બ્રહ્માંડ બ્રહ્માંડે બહુ વિધિ માંડ;
લૌકિક લેખું એ ત્યાં કહ્યું, અખા અલૌકિક અળગું રહ્યું. (૫૫૧)

જ્યમ ચિતારો ચિત્રશાળા કરે, અનંત ભાતનાં રૂપ ચીતરે;
અનંત આવેવ ભાવ ભેદ નામ, જાતો ચિતારાનાં કામ;
દીઠી સુણી ભાત બહુ લખે, અખા ન નીપજે જાયા પખે. (૫૫૨)

એ ચિતારાની પેરે નથી, સર્વ કાઢ્યું આપમાંહીથી;
રૂપે રૂપ સંચાર્યું આપ, તેણે ચૌદે વ્યાપ્યો વ્યાપ;
કળ ભરાવી ચૈતન્ય વિખે, તે માટે નાટક છે અખે. (૫૫૩)

અદ્‌ભૂત કળ ચિતારા તણી, આપે આપની નીપજ ઘણી;
બીબે બીબું ભરાતું જાય, ચૌદ લોકની નીપજ થાય;
થાય ભાત પણ સામર્થ્ય પોત, એમ અખા જોજો ઓતપ્રોત. (૫૫૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અરૂપી રૂપે, બહુ થયો, સ્વસ્વરૂપે જ્યમનો ત્યમ રહ્યો;
જ્યમ અગ્નિથી દીપક થાય, પછે દીવે દીવા ચાલ્યા જાય;
હુતાશન ત્યમનો ત્યમ અખે, એમ હાણવૃધ્ય નહિ ચૈતન્ય વિષે. (૫૫૫)

નાટકનો એમ નીપજે ભેદ; હું નથી કહેતો કહે છે ભેદ;
જેને સ્વસ્વરૂપ પામ્યાનો અર્થ, માયામોહ કરવો હોયે વ્યર્થ;
પ્રગટ પ્રમાણ કહે છે અખો, જાણો તે એ પેરે લખો. (૫૫૬)

સુખિયા દુખિયા દીસે બહુ, પણ માયાના કીધા છે સહુ;
સુખિયા પલકે દુખિયા થાય, ધન તન લજ્જા ફીટી જાય;
રંક હોય તે થાયે રાય, અખા એ માયામહિમાય. (૫૫૭)

માયાના મર્કટ બહુ લોક, પલકે સુખ ને પલકે શોક;
કપિને જેમ શણગાર્યો નટે, ભીખ મગાવે રહ્યો ચૌવટે;
અખા લે સર્વે ઉદાલ્ય, કંઠ દોરડી, પૂછે કાળ કાળ. (૫૫૮)

પલકે રિધસિધ આવે ઘણી, જીવ જાણે હું સૌનો ધણી;
જ્યમ વરઘોડે મળ્યા બહુ વના, પલકેક રહીને થાયે ફના;
અખા માયા કરે ફજેત, ખાતાં ખાંડ ને ચાવતાં રેત. (૫૫૯)

બાળકપે ઘરડો અસંન, જેણે સત્ય માન્યું શમણાનું ધંન;
બાળક રમતને માને ફોક, ઘરડો સત્ય માને હર્ષશોક;
પશુ મૂવો કો ભૂત ન થાય, માણસ અખા અવગત કહેવાય! (૫૬૦)

પંચ ઈન્દ્રિયનું અતિશય જ્ઞાન, એ માણસને આપ્યું માન;
સામુનો તેનો ચડ્યો અહંકાર, કર્યાં મૂક્યાંનો રાખે ભાર;
અવળી સૂઝ અખા જીવની, અંતર માયા નહિ પીવની. (૫૬૧)

કાંઈ ન દીસે જીવને હાથ; થઈ બેસે તે સૌનો નાથ;
ધન તન દોલત ઊડી જાય, રહ્યો રૂએ પણ કાંઈ ન રખાય;
મરડે મૂછ પણ માંહે કિલબ, અખા એહનું લક્ષણ જીવ. (૫૬૨)

નાટક ચાલે માયા તણું, સકલ જીવ શણગાર્યાં ઘણું;
કાળ ફેરવે ચૌદ ચૌવટે, એકને આપે એનું ઝટે;
અખા વગૂવે માયા કાળ, જાણ પંડિત શ્રીવંત ભૂપાળ. (૫૬૩)

બાળક જ્યમ રમાડે શ્વાન, દૂર થકી દેખાડે ધાન;
પૂંછ હલાવે ચાટે લાળ, ઊંચું કરી ભરાવે ફાળ;
લલચાવ્યો દેશાંતર જાય, અખા એમ રમાડે માય. (૫૬૪)

આશા જનને બહુ પરભવે, દેવ આગળ જઈ દુઃખ દાખવે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દશે આંગળાં મુખમાં ધરે, દીનવચને નેત્રો નીર ભરે;
ત્યાંથી ટાંક ન પામે ધૂળ, અખા લાલચે ન મળે મૂળ. (૫૬૫)

કહે અમને કોણ શકે છેતરી, એવું બાંધે બિરદ આકરી;
ક્ષણેક્ષણે લૂંટાતો જાય, ધન તન રજજન સૌને ખાય;
છાનો નહિ પ્રગટ ઠગે કાળ, પંડિત જાણ શ્રીવંત ભૂપાળ. (૫૬૬)

ઝૂંટી લે રાજાનાં રાજ, તપસીનાં તપ કરે અકાજ;
શ્રીવંત કેરા ધનને હરે, પંડિતની વિદ્યા ભક્ષ જ કરે;
યુવતીનાં યૌવન હરે કાળ, તોયે અખા નવ જાગે બાળ. (૫૬૭)

જ્યમ કાગળમાંથી જાય કપૂર, ત્યમ સોખે સૌને એનું નૂર;
ગર્વ ગાહુવા મોહકમ જાણ, સૌને પીલે એકે ઘાણ;
ખોખાં કરી નાંખે તત્કાળ, અખા એવો કરડો કાળ. (૫૬૮)

ઘોડાપૂર આવે જ્યમ નદી, ત્યમ ક્ષણમાં સંપત દીસે વધી;
પળમાં તેનો થાય વરો, જેવો છાશ તણો આફરો;
એમ સંસાર આવે ને જાય, અખા તેહને ક્યાં પ્રતિવાય? (૫૬૯)

સહિત દેશ વૈકુંઠ ગયા રામ, કુળ લઈ કૃષ્ણ પોંચ્યા નિજ ધામ;
તો પ્રાકૃત જીવ તણી શી વાત? એ તો મોટે ઠામે ઘાલ્યો ઘાટ;
થયો પદારથ ટાળે કાળ, વળગ અખા નિર્ગુણની ચાલ. (૫૭૦)

પુણ્યપાપ લખિયાં ઋષિજને, જેણે જેવું માન્યું મને;
બ્રાહ્મણ કહે સત્ય કરવા યજ્ઞ, પશુવધ કીધે હોય પુણ્ય;
જૈન કહે એ હિંસા પાપ, અખા ધર્મ પણ જૂજવા થાપ. (૫૭૧)

લખ્યા પ્રમાણે સૌ કો વદે, ધર્મ રાખવા સૌનું હૃદે;
બોલ્યું ન મળે કેનું એક, આપઆપણી રાખે ટેક;
જાંગડ રાખી સૌ આચરે, અખા સૌ કો વદતા મરે. (૫૭૨)

મનીશપેં દેવ ઉત્તમ લખે, ત્યાંહાં મદ્ય માસને એ ભખે;
તેને માથે ન ગણે પાપ, બલિ આપીને સૌ કહે બાપ;
અખા ઘેન એ ચાલ્યું જાય, રામ જાણે નિસ્તારો થાય! (૫૭૩)

બહુ સામર્થ્ય હોય છે જ્યહાં, બુધ્યનું બળ નહિ ચાલે ત્યહાં;
દેવી દેવ રાક્ષસ સિદ્ધિવંત, તેનાં ચરિત્ર ન સમજે જંત;
તેને શિર ન ગણાયે પાપ, અખા બુધ્ય પ્રમાણે લગણ આલાપ. (૫૭૪)

બુધ્ય પ્રમાણે લખીલખી ગયા, બુધ્ય પ્રમાણે વાંચ્યે રહ્યા;
બુધ્ય પ્રમાણે સૌ સાંભળે, બુદ્ધયાતીતથી સૌ ચળવળે;
તેને અખા સમજે તે કોય, જે પરાતીતથી પોષણ હોય. (૫૭૫)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે અરૂપ અગ્નિ રહે ચકમક વિષે, તે પ્રગટ થયા પછી સૌ લખે;
રૂપ ધરી બહુ પ્રાક્રમ કરે, બુધ્યવિલાસ સૌ કો આદરે;
પણ પ્રગટ્યાને કાળની દધા, અરૂપ અખા સદોદિત સદા. (૫૭૬)

અરૂપી અગોચરથો બળ કરે, દ્રુમ વિષે જેમ નીર પરવરે;
થડ મૂળ શાખા પત્ર ફૂલ, રગરગે નીર ચડ્યું અમૂલ;
પાણી સદા અખા અવિનાશ, પણ થૈ આવ્યું તે થાયે નાશ. (૫૭૭)

ફળ જોવા હીંડે નીરને, પણ ક્યમ દેખે અંતરશીહરને ?
ફળસ્થાનિક દોહાદિક રૂપ, અને જળસ્થાનની તે વસ્ત અરૂપ;
અખા જોતાં સર્વે રામ, પણ ઊપન્યું તેટલે રૂપનામ. (૫૭૮)

અખા એમ ધરી જો ધ્યાન, આફણિયે જડશે સ્વસ્થાન;
બીજું તે મનની શોચના, અંતરજાડ્ય ન ટળે શોચના;
પરાપાર પ્રાણેશ્વર નાથ, નહિ સમજે તે ઘસશે હાથ. (૫૭૯)

પિંડ શોધે પ્રાણેશ્વર જડે, બીજું તેને રૂપક ચડે;
પ્રત્યક્ષ સિદ્ધ સેવક બહુ સ્વાદ, પરોક્ષ ઉમેદ કરે બહુ વાદ;
ગળી ચોપડી સઘળી વાત, લૂખો રામ અખા સાક્ષાત્. (૫૮૦)

રામ નોહે પ્રત્યક્ષ પરોક્ષ, સ્વયં રહેશે આપોપું શોષ;
ત્રિગુણ ધુમાડે આંખ બહુ ભરી, ચૌદે લોક રહ્યો આવરી.
આતમ અખા સદોદિત સદા, એ તો જીવને ત્રિગુણની લાગી દધા. (૫૮૧)

સૂઝ પડી તે સમજે સાર, અન્ય કલ્પે ઉપલો વહેવાર;
વાદળ ખોખું શોષે નીર, કાદવમાંથી પીએ હીર;
એમ પ્રપંચ પરમેશ્વર લહે, અખો દેખી ચાખી કહે. (૫૮૨)

સ્વામી અખાનો સઘળે મળે, લોક ચૌદે તેમાં આફળે;
બ્રહ્મા આયુષ પંથમાં જાય, તોયે રામકૂપ પૂરું ન મપાય;
એવું અદબદ એળે જડ્યું, તે માંહેલું સર્વે ઘાટે ઘટ્યું. (૫૮૩)

અખા અદ્‌ભુત મોટી વાત, પ્રાકૃત જીવ કહે ઉત્પાત;
ભવ્ય જીવ કહે એ ભલું, સિંહનું બાળ રમે એકલું;
કેશરી-કેરી મોટી ફાળ, પ્રાકૃત જીવ બિયે શિયાળ. (૫૮૪)

પ્રાયે પરમેશ્વર છે મનાતીત, પાણીથી અળગેરું શીત;
શીત યોગે જેમ નીર જમાય, તે ઉફર સૌ હીંડી જાય;
વસ્તુ વડે એમ જાણો મન, એમ અખા સમજે હરિજન. (૫૮૫)

જળ જામે ને જળ વીઘરે, તે બાધી અવની પરવરે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હિમ ન દીસે તેમાં રંચ, ત્યમ એ જાણો મનના સંચ;
ત્યાંહાં હિમ તેમ ઈહ્યાં રામ, અખા મન સત્તાનાં કામ. (૫૮૬)

અખા લાઘવ સમજ્યા માંહે, જો અંતર્યામી થાયે સાહે;
સામો હોય તો સાહે હાથ, પોતે પોતામાં લેહવો નાથ;
છે હુમાયુ પંખીની પઠે, કોપ હેતુવાદ કરશો મા હઠે. (૫૮૭)

અગ્નિકાષ્ઠ મેલીને પંખ, ઉપર ઉડ્ડી નાખે નસંક;
નિજ ઇચ્છાએ બાળે કાય, સ્વાંતબિંદ ફરી પરગટ થાય;
એમ અખા હોય બ્રહ્મ વિચાર, ઉત્પત્યલય-ઈહાં હું-તું સંસાર. (૫૮૮)

અખે વિચાર્યું મનને સાથ, જે કાંઈ ન દીદે તારે હાથ;
તો ફાંસું શીદ રાખે મામ? કશું ન નીપજે તો શું કામ?
શરીર તારું તારે વશ નહિ, તો બહાર બળ દેખાડે કહીં? (૫૮૯)

ઈન્દ્રી વણસે વણસે કાય, ગમે નહિ, વાળ ધોળા થાય;
સ્વર્ગ સુધી તે ઘાલે હામ, અને પોતાનું ન સચાયે ચામ;
ફોકટ ગાડાં લૂંટી પઠ્યે, અખા કોય ન પાડે ભડ્યે. (૫૯૦)

અખા ઈચ્છે જો આતમભોગ, નિવૃત્તિ વિના તે ન મળે જોગ;
કથે જ્ઞાન પણ બાંધ્યો વાગ, તેણે મુક્ત ન પામે જાગ્ય;
મૂએ મુક્ત હશે તેમ હશે, જીવતે વાઘ તો પાંજર વસે. (૫૯૧)

છટા શા પણ બાધા નેટ, જેમ શકરાને દોરો પેટ;
ઊડે ખરો પણ આઘો નવ જાય, પેટે બાંધ્યો દોરો તણાય;
અખા એમ છે નિવૃત્તિ વિના, જીવને તે ન ટળે બેમના. (૫૯૨)

અજ્ઞાનીથી જ્ઞાની ભલો, જે મન વડે ચુકાવ્યો કલો;
પણ વર્તવા પ્રવૃત્તિમાં ધાંખ, જેમ પોપટને કાઢી છે પાંખ;
કદાચ અખા તે ઊડી જાય, પાછો તેને પ્રવૃત્તિ સાય. (૫૯૩)

● અજ્ઞાન અંગ ●

અજ્ઞાને જે પહેરે વેષ, બહાર નીકલે દેખાદેખ;
જેમ વાઘ ગૌધણ હળ્યો, વર્તે તે માંહે રહી ભળ્યો;
તેને આમિષનો આહાર, પ્રસંગે મળે આકા પ્રતીકાર. (૫૯૪)

પ્રવૃત્તિ નિવૃત્તિની અળગી વાત, વિચાર વિના નવ આવે ધાત;
જેમ કો ભાડે રથ બેઠો જાય, બળદ મરે કે રથ કટકા થાય;
નહિ ચિંતા. તેને પ્રતીકાર, અખા જેને સત્ય વિચાર. (૫૯૫)

પ્રવૃત્તિ નિવૃત્તિને બેઠો વરી, જેમ વેશ્યા રાગી ઘરૂણી કરી;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રસંગે મળે કરતી તે કરે, વિચાર વિના સૌ એમ આચરે;
મન ઇન્દ્રિય ત્યાં ન કરે કહ્યું, અખા એમ એકવાહ્યું વહ્યું. (૫૯૬)

યથારથ વર્તે તો જ્ઞાન, જેમ કો રંક થયો રાજાન;
જેમ કરતો ત્યમ વળતું કરે, જૂઠું છળ વિક્રમ આચરે;
અખા કરી ન જાણ્યું રાજ, શું થયું જો પામ્યો સાજ? (૫૯૭)

જો અખા ઓળખે આતમા, તો સર્વ વાતની ભાગે તમા;
કરે લાલચ લોભ જૂઠો પ્રતિકાર, સૂર્યધામમાં નોહે અંધકાર;
શીખી સાંભળી વાતો કરે, પોતે અગ્નિ ક્યમ ટાઢે મરે? (૫૯૮)

જ્ઞાન તણો સત્ય ઉપદેશ, ત્યાં તો જૂઠું ન રહે લેશ;
સાચી કથણી કથતા જાય, ઉદર અર્થે કરે અન્યાય;
કહે અખો એનું શું ભણ્યું, ગુંજાતાપ વાનરતાપણું. (૫૯૯)

જ્યારે જ્ઞાનનો ઊગ્યો રવિ, રાત્ય ગઈ રત પ્રગટી નવી;
કૃત્ય જાણે અંધારાં તણાં, જે મોહનિશામાં કરતો ઘણાં;
અખા નોહે દરિદ્રની વાત, અમૃતભોગ કે લાંઘણ સાત. (૬૦૦)

આતમનું તે કરે અકાજ, સંસારની તે રાખે લાજ;
દેહસુખને આત્મસુખ કહે, જેમાંનું કાંઈ એ નવ રહે;
જીવને મરતે છે જે વડે, એક સત્ય વાક્યે તે શું ત્રૂટ પડે. (૬૦૧)

ધન આયુ વિદ્યા બળ, રૂપ, સુરચાતુરી ન્યાય સિદ્ધ ભૂપ;
જ્ઞાન ભક્તિ વિવેક વૈરાગ્ય, ચોરી વ્રત તીરથ તપ ત્યાગ;
અખો કહે સર્વે અજમાલ્ય, જોતાં આપે આપનો માલ. (૬૦૨)

જીવજીવને રહે અનુમાન, જ્યમ તાણ્યું ધનુષ આવી રહે કાન;
જે જે દ્વારમાં જીવ ભળે, તેહ જ રૂપી કળણમાં કળે;
મૂલગું અખા અદબદ છે ઓજ, સમજે તો સમજી લે ચોજ. (૬૦૩)

જેને નથી રૂપ ગુણ નામ, જોતાં તેનાં સઘળાં કામ;
પસર્યું આપ વિચિત્રતા ભાત, વેદે કહી એ મુખની વાત;
બહુ મુખનો મોટો મહારાજ, તો અખો શું કહે તેનાં કાજ? (૬૦૪)

પ્રણવપ્રકારે ઘાલ્યો ઘાટ, એકવાહી દેખાડી વાટ;
જે છે તે ત્યાં અસંખ્યાત, શબ્દે કહીએ શબ્દની વાત;
જે છે તેને અખો કેમ કહે? તેની વાત તો તેહ જ લહે. (૬૦૫)

કહે અખો મૂકી નિઃશ્વાસ, હું તો છું તારો આભાસ;
તારી વાત કરે છે તું, ઓછાંયો મધ્યવર્તી હું;
બહુ તેજ મધ્યે હું રહ્યો, ત્યારે શેષ ઓછાંયો ગયો. (૬૦૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અખા સઘળો વસ્તુ વિનોદ, હાંસી હો કે તત્ત્વાવબોધ;
પોતાની ઠગ પોતા સાથ, ઈચ્છા અમલ ખાધો તેં હાથ;
તારું ઘેલપણ તે તે હું, સાજો તે ત્યાં તુંનો તું. (૬૦૭)

એમ અખા સહિયારી વૃત્ય, હાથોહાથ દીસે છે તુર્ત;
નટ તણી હાલે આંગળી, હું હાલું જાણે પૂતળી;
તેનો બોલ પોતે નટ કહે, ઊંડે વિચારે અમથું રહે. (૬૦૮)

• મુક્તિ અંગ •

મુક્તિ પામવા મુખ્ય વૈરાગ્ય, જો બેઉ પાસેથી છૂટે રાગ;
ધ્યેધ્યાતાથી આઘો વટે, તે અનુભવતાં ચોકચોવટે;
બીજી અખા રસાળી વાત, સર્વાતીત નોહે સાક્ષાત્; (૬૦૯)

જે કીજે તે સર્વે રાગ, રાગ વિના નવ ઊપડે પાગ;
રાગ જે વારે પાછો વળે, તે વારે નિજ આતમને મળે;
દષ્ટ પદારથ શું વૈરાગ, ત્યારે અખા જડે તુજ ત્યાગ. (૬૧૦)

જન જાણે છે જે વૈરાગ, તે ત્યાં સામો ઊપજે રાગ;
વૈરાગ્ય હોય ત્યાં નહિ દ્વેષ, તે ત્યાં સામો વાધે ક્લેશ;
આપોઆપનો થાયે ત્યાગ, ત્યારે અખા સાચો વૈરાગ. (૬૧૧)

જેહ વડે તપ તીરથ કરે, વિષયભોગ કે સુખ આદરે;
જેણે કરી નીપજે બહુ કામ, તે શોધી કાઢવો ઠામ;
તે વિણ જાણો રાગ વિરાગ, અખા ઊછળી ભાંગવો પાગ. (૬૧૨)

જ્યમ ત્યમ કરી સમજવો મર્મ, હું તે શું ચૈતન્ય કે ચર્મ?
એ સમજવું પહેલું જને, પછે ઘેર રહેજે કે જાજે વને;
એ સમજ્યા વિણ ગૃહસ્થ અતીત, વરવિહવા વણ ગાવાં ગીત. (૬૧૩)

સમજણમાં નથી રાગ વિરાગ, જ્યમ વાયુ હીંડે વિના પરાગ;
લોક ચૌદ લગી વાપરે, સમજણથી અર્થ સઘળો સરે;
અખા રામ નથી ઘેર કે વને. જ્યાં મળે ત્યાં પોતા કને. (૬૧૪)

પાદુ-પાણ્ય, નેત્ર, મુખ, નાક, સકળ અંગનો કરજો તાક;
એમાંનું એકે જો જાય, ધણી માટે જીવે ન રખાય;
અખા ન દીસે તારો લાગ, તો પર સાથે શો રાગવિરાગ? (૬૧૫)

વે'લ પિયારી બેઠો જન, હું જ ધણી એમ માને મન;
કાળ સદા ખેડે સારથિ, બેઠો ફરે અવિનાશી રથી;
અખા એમ જાણે સઘળી મંડ, લેવું-મૂકવું ટળે પાખંડ. (૬૧૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગેબી નિપજ થઈ પિંડ તણી, ત્યારે તું ત્યાં નો'તો ધણી;
સેજે ઊપન્યું વંઠ્યું તન, ત્યારે કાંઈ ન ચાલ્યું મન;
વચ્ચે શીદ પાડે છે દાગ? અખા કશો તુજ રાગવિરાગ? (૬૧૭)

ઉપરછલો મારગ અખા, નહિ કો સાથી નહિ કો સખા;
ધણી થયામાં સઘળો ધંધ, જેમ રૂપ દેખે જનમઅંધ;
ગગનગામીને નહિ અટકાવ, ભૂવર્તીને બહુ ભેદભાવ. (૬૧૮)

ઊંઘ્યાને સ્વપ્નાંતર ઘણાં, ઉત્તમ મધ્યમ જે વેદે ભણ્યાં;
પણ જાગ્યા ઊંઘ્યાથી અળગું હ્રદે, ત્યાં અખો આરોપી વદે;
સમજ્યાને છે સરખું સદા, અણસમજ્યો ભોગવે આપદા. (૬૧૯)

અખા જે નર રહે અમન, તેશું કરવું સર્વ ગમન;
જ્યમ જિહ્વા પંચામૃત ખાય, ખાતી કરતી કહીં ન લેપાય;
વણખાધ્યે કર થાય ચીકણો, એવો ભેદ અણલિંગી તણો. (૬૨૦)

અખા અણલિંગી વાત અઘાત્ય, લિંગી નરને નહિ તે સાધ્ય;
સકળ લોક તે વૃક્ષ કરી કહે, પણ તે ન કહે જે બીજે રહે;
જોતાં સઘળો લક્ષમાં ફેર, લક્ષ ઉદ્યોત ને લક્ષ અંધેર. (૬૨૧)

સામો કો દુઃખદાતા નથી, જ્યમ તાળી ન પડે એકહથી;
સ્વપ્ને દીસે નર અનંત, જે જ્યમ અછતાં પ્રગટે જંત;
અખા વસ્તુપણે જાગશે, તેને એનો અનુભવ હશે. (૬૨૨)

અણછતો દ્વેષ ને અછતો રાગ, રાગદ્વેષ માયાનો ભાગ;
જે તજશે તે દ્વેષે કરી, જે ભજશે તે રાગ આદરી;
સ્વસ્વરૂપ ત્યાં બેઉને નથી, ગુરુલક્ષે અખા જો ઘેરથી; (૬૨૩)

પ્રવૃત્યનિવૃત્યના સઘળા વેશ, ભિક્ષુક કથા કે થા નરેશ;
રમત રમે છે માયા કાળ, મધ્ય અહંકાર વહે છે ગાળ;
મહાનિધિમાં રાજાની દ્દષ્ટ, અખા રમત પામે પુષ્ટ. (૬૨૪)

કારણ દૃષ્ટિ હોયે જંન, તેનો અનુભવ નોહે અસાંન;
દેખે કિરણ સરીખાં સૂર, જેનું વસ્તુ વિષે છે ઉર;
અખા ચક્ષુ આજે ગુરુદેવ, તે કાંઈ સમજે એનો ભેવ. (૬૨૫)

સમજ્યું તે અણસમજ્યું થાય, અણસમજ્યું સરખું સમજાય;
એની કોએ દે નહિ સાખ, અનુભવ જે ઊપન્યો તે દાખ;
નિજ ઘરવરતી જે કો હશે, અખા તે એહમાં પહોંચશે. (૬૨૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

• ફુટકળ અંગ •

તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં;
તીરથ ફરી ફરી થાક્યા ચર્ણ, તોયે ન પહોંચ્યો હરિને શર્ણ;
કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન. (૬૨૭)

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ;
પાણી દેખીને કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન;
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત? (૬૨૮)

મુક્તિબંધ પૂછે મતિમંગ, શોધી જોતાં સ્વે ગોવિંદ
પ્રાણ પિંડમાં હું કે હરિ, જો જુએ અખા નર્તા કરી;
બંધ મોક્ષ ન કરે ઉચ્ચાર, આકાશકુસુમનો નોહે હાર. (૬૨૯)

પિંડ જોતો કો મુક્તો નથી, ત્રિવિધ તાપ ભોગવે ઘેરથી;
સકળ જયારે ઇંદ્રીપેં છૂટ રમે, રાગદોષ કે એ નવ દમે;
સત્ય સંકલ્પ ને અમ્મર કાય, સર્વ રૂપ જાણે મહિમાય;
ત્યારે અખા મુમુક્ષુ શું મન, જાણે તો જાણી લે જંન. (૬૩૦)

જે ધરી આવ્યો ભૌતિક કાય, દેવ નર નાગ કહ્યો નવ જાય;
કાળસત્તામાં તે ત્યાં ખરો, એ તો મન કાઠો કાંકરો;
મન વચન કર્મ હરિમાં ઢોળ, અખો સમજ્યો અંશે સોળ. (૬૩૧)

ગહન ગતિ છે કાળ જ તણી, જેણે જે જે વાતો ભણી;
તે તેનાં પામ્યાં પરમાણ, પરછંદાની પેરે જાણ;
મહા દુર્ધર્ષ અગમ્ય અગાધ્ય, અખા જીવને નાવે સાધ્ય. (૬૩૨)

અનુભવી આગળ વાદ જ વદે, ઊંટ આગળ જયમ પાળો ખદે;
ઊંટ તણાં આઘાં મેલાણ, પાળાના તો છંડે પ્રાણ;
અખા અનુભવી ઈશ્વરરૂપ, સાગર આગળ શું કૂદે કૂપ? (૬૩૩)

આવી નગરમાં લાગી લાય, પંખીને શો ધોખો થાય?
ઊંદર બિચારા કરતા શોર, જેને નહિ ઊડવાનું જોર;
અખા જ્ઞાની ભવથી કેમ ડરે, જેની અનુભવપાંખ આકાશે ફરે? (૬૩૪)

જોજો રે મોટાના બોલ, ઊજડ ખેડે વાજ્યું ઢોલ;
અંધે અંધ અંધારે મળ્યા, જયમ તલમાં કોદરા ભળ્યા;
ન થાયે ઘે'સ કે ન થાય ઘાણી, કહે અખો એ વાતો અમે જાણી. (૬૩૫)

આંધળો સસરો તે સણગટ વહુ, એમ કથા સાંભળવા ચાલ્યું સહુ;
કહ્યું કાંઈ ને સમજ્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું;
ઊંડો કૂવો ને ફાટી બોખ, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક; (૬૩૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વ્યાસ વેશ્યાની એક જ પેર, વિદ્યા બેટી ઉછેરી ઘેર;
વ્યાસ કથા કરે ને રડે, જાણે જે દ્રવ્ય અદકેરું જડે;
જો જાણે વાંચ્યાની પેર, તો અખા કાં ન વાંચે પોતાને ઘેર? (૬૩૭)

ગજા પ્રમાણે પરમોદો જીવ, બંધનમાં રાખે સદૈવ;
સાચી વાતને સંત જ વદે, તેને મૂરખ ઊલટો નંદે;
અખા આંધળે લૂંટ્યો બજાર, મતિગુરુનો એવો વિચાર. (૬૩૮)

જગત પ્રમોદીને દાઝ નવ ટળે, કોવાડામાંથી કાઢ્યે જળે;
સમજુને છે સરખો ભાવ, તે ગુરુના મનમાં અભાવ;
એમ જાણીને રીસે બળે, અખા તે જ્ઞાનીની નિંદા કરે. (૬૩૯)

વિષયીજીવથી પ્રીત જ કરે, તત્ત્વદર્શી ઉપર અભાવ જ ધરે;
ખાનપાન વિષયાદિ ભોગ, તત્ત્વદર્શીને સર્વે રોગ;
અખા તે ગુરુના મનમાં ખરા, જીવ આવકાર દઈ બેસારે અરા. (૬૪૦)

ગુરુ થઈ બેઠો શેનો સાધ? સ્વામીપણાની વળગી વ્યાધ;
તે પીડાથી દુખિયો થયો, રોગી કરાર-અનુભવથી ગયો;
વાયકજાળમાં ઘૂંચવી મરે, અખા તે જ્ઞાનીનું કહ્યું કેમ કરે? (૬૪૧)

જ્ઞાનીને તો સર્વે ફોક, બ્રહ્માદિ લગી કલ્પ્યા લોક;
ત્રણ કાંડ બાળકની કાંડણી, તત્ત્વવેત્તાએ એવી ગણી;
તેની વાત ન જાણે ગૂઢ, અખા ગુરુ થઈ બેઠો મૂઢ. (૬૪૨)

સ્વામી થઈને બેઠો આપ, એ તો મનને વળગ્યું પાપ;
શિષ્ય-શાખાનો શિર પર ભાર, ઉપર ત્યાગ ને અંતર પ્યાર;
આસા રજ્જુને બાંધ્યો પાશ, અખા તે શું જાણે જ્ઞાનીની આશ? (૬૪૩)

જ્ઞાની ગુરુ ન થાયે કેનો, બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર તેનો?
અન્ય જીવની તેને શી પડી, જે તેને ઘેર નિત્ય કાઢે હડી?
સેજ સ્વભાવે વાત જ કરે, અખા ગુરુપણું મનમાં નવ ધરે. (૬૪૪)

ગુરુ થઈ મૂરખ જગમાં ફરે, બ્રહ્મવેત્તાની નિંદા કરે;
ભૂતકાળમાં જે થઈ ગયા, તેની મનમાં ઈચ્છે મયા;
અખા તે ક્યમ ભવની ટાળે વ્યથા, જે નિત્ય વાંચે મડદાંની કથા? (૬૪૫)

જે પગલાં અગ્નિમાં જળે, તેને શરણે કાળ ક્યમ ટળે?
જ્યમ પડતું પક્ષી રાકે આકાશ, એમ પગલો તે આપે વાસ;
નિ:પગલાંને શરણે જા, ત્યારે અખા ભવની છૂટે અજા. (૬૪૬)

ચરણશરણ તો ખોટી કરી, વણચરણાનો દીઠો હરિ;
ચરણ જળે કે ભૂમાં દાટ્ય, કે શ્વાન શિયાળિયાં કરડે કાટ;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેની શરણ અખો શું ગ્રહે? સમજે તે એવું લહે. (૬૪૭)

જોજો રે ભાઈ વાતનું મૂળ, પેટ ચોળી ઉપાયું શૂળ;
એક સમે ખર ભાડે ગયો, કાંદે દેખી ગળિયો થયો;
ખરે આપી તેજીને પેર, એવું જાણી અખા જુત્યો ઘેર. (૬૪૮)

કથા કરી તે શુકજી ખરી, પરીક્ષિતને મેળવ્યા હરિ;
શીખ થઈ ત્યારે આપ્યું શું? નગ્ન થઈ ગયા વનમાં પશુ;
નિસ્પ્રેહીની એવી કથા, અખા બીજી પેટ ભરવાની વ્યથા. (૬૪૯)

રઘુ જદુની વાત જ કહે, દત્ત ભરતનું ઓઠું લહે;
અજગરવરતી વનમાં પડ્યા, તે અહીંથી આવી ચડ્યા?
તેને પોતા સરખા કર્યા અખા ઘેરઘેર ઉપદેશ ન કહ્યા. (૬૫૦)

દેહાભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં વાધ્યું શેર;
ચર્ચા વદતાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો;
અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન મૂળગું તે ખોય. (૬૫૧)

સંસારિંગનું વહાણ જ કર્યું, મૃગતૃષ્ણામાં જઈને તર્યું.
વંજાસુત બે વહાણે ચડ્યા, ખપુષ્પનાં વસાણાં ભર્યાં;
જેવી શેખચલ્લીની કથા, અખા હમણાં તે આગળ એવા હતા. (૬૫૨)

જ્યાં જોઈએ ત્યાં કૂડેકૂડ, સામેસામાં બેઠાં ઘૂડ;
કો આવી વાત સૂરજની કરે, તે આગળ લઈ ચાંચ જ ધરે;
અમારે હજારવરસ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા ક્યાંથી થયા?
અખા મોટાની તો એવી જાણ, મૂકી હીરો ઉપાડ્યો પાણ. (૬૫૩)

નીલા વૃક્ષને ઓઠે રહે, જેમ પારધી પશુને ગ્રહે;
એમ હરિને ઓઠે ધૂતા ઘણા, ઉપાય કરે કનકકામની તણા;
અખા ગુરુ શું મૂકે પાર, જેના શિષ્ય ગર્દભ ને ગુરુ કુંભાર? (૬૫૪)

અંગ આળસ ને તપસી થયો, ઘર મેલીને વનમાં ગયો;
કામબાણ ન શક્યો જાળવી રડવડતી એક આણી નવી;
શ્વાન ભસાવે હીંડે છક્યો, અખા હગ્યો નહિ ને ઘેર નવ·રખ્યો. (૬૫૫)

ગોરીના ગોટીવડ ભાગ, માતા પાસે આજ્ઞા માગ;
બળદની તે કેમ થાય ગાય? મૂરખ મિથ્યા કરે ઉપાય;
જ્ઞાન વિના તે સાધન એવાં, અખા તેમાં નહિ લેવાદેવા; (૬૫૬)

સો અંધામાં કાણો રાવ, આંધળાને કાણા પર ભાવ;
સૌનાં નેત્રો ફૂટી ગયાં, ગુરુ આચારજ કાણા થયા;
શાસ્ત્ર તણી છે એક જ આંખ, અનુભવની ઊઘડી નહિ ઝાંખ. (૬૫૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મૂંડ મુડાવ્યું હરિને કાજ, લોક પૂજે ને કહે મહારાજ;
મનમાં જાણે હરિએ કૃપા કરી, માયામાં લપટાણો ફરી;
સૌને મન તે કરે કલ્યાણ, અખા એને હરિ મળવાની હાણ. (૬૫૮)

જ્ઞાતાનો એવો ઉપદેશ, પંચના ગુરુ તે સઘળો લેશ;
ઘરઘર માહાત્મ્ય વધારતા ફરે, દામચામનાં જતન જ કરે;
અખા તે જ્ઞાતાની નવ માને વાત, સાચું કહેતાં થીજે ગાત. (૬૫૯)

હરિને કાજે ઘાટ જ ઘડે, નિજ સ્વરૂપથી પાછો પડે;
પર્વત કહે હું પાણો લહું, એ જ આશ્ચર્ય તે કેને કહું ?
અખા થકી તે બીજો હરિ, જેમ પર્વતમાંથી પાણ જ ખરી. (૬૬૦)

જાણપણામાં જાડા થયા, ડહાપણ ડોળી રાબડ રહ્યા;
નીર હતું તે કીચમાં ગયું, આત્માથકી તે અળગું રહ્યું.
છે ઘણો નવ દીસે ચંદ, કહે અખો માયાનો ફંદ. (૬૬૧)

અનંત કલામાં અદકા ખરા, બ્રહ્મવેત્તા એ સૌથી પરા;
વેદ બ્રહ્માની પૂંજી હરિ, તેથી લક્ષ તજજ્ઞનો દૂરી;
ભૂતભવિષ્યને અજપાજાપ, અખો નહિ તો શેનો થાપ ? (૬૬૨)

વૈષ્ણવ ભેખ ધારીને ફરે, પરસાદટાણે પત્રાવળાં ભરે;
રાંધ્યાં ધાન વખાણતા જાય, જેમ પીરસે તેમ ઝાઝાં ખાય;
કીર્તન ગાઈને તોડ તોર, અકો કહે જુવાનીનું જોર. (૬૬૩)

જ્યારે મન પામ્યું નિજભાન, ત્યારે સર્વ થયું સમાન;
સપ્તાપુરી માંય મારુઆડ્ય, સર્વસ્ય હાયે ભાગી જાડ્ય;
જેમ કરી કવાથ રોગીને વિષે, પણ અખા અરોગી સર્વે ભખે. (૬૬૪)

કે આળસે કે ક્રોધે થયો, વાટે વેશ પહેરીને ગયો;
નહિ મહેનત વેઠે નહિ શાય; વંદે વિશ્વ એ ફળમહિમાય;
હરિને અર્થે એક વિચાર, અખા સમું પડે ત્યમ રહે સંસાર. (૬૬૫)

જાય સમૂળો સઘ સંસાર, કરતાં આત્મતત્ત્વ વિચાર;
અન્ય ઉપાય નથી એ જવા, સામા બંધ બંધાય નવા;
કર્મ કરતાં ન આવે છેક, અખા વિચાર ન મળે શેષ. (૬૬૬)

અખા વસ્તુ વિચાર બ્રહ્મ, અંતરભૂત જાણવાં કર્મ;
જેમ પ્રત્યક્ષ પોગર દીસે લોહમાંય, ગાળે ત્યારે ફાટી જાય;
પાછો વળી ઘડાયે ઘાટ, તેમનો તેમ પોગરનો ઠાઠ. (૬૬૭)

તે જ લોહનું જ્યારે દર્પણ કરે, શિકલ કરીને મશકલો ફરે;
તેજ નીકળે પોગર ઢંકાય, આપોપું દીસે તે માંય;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અખા જ્ઞાનની એવી પેર, કોટી જુગે કાં આજ આદેર. (૬૬૮)

લોહ ગળતે દીસે પોગળ ગળ્યા, ઘાટ થાતાં તે પાછા વળ્યાં;
અહંતારૂપા લોહ છે સદા, ઘાટ થયા વિના ન રહે કદા;
અખા અહંતા લોઢું માર, મર્યા પછી તે તરશે વાર. (૬૬૯)

જે જળમાં લોહ બૂડી જતું, તે ઉપર દીસે રમતું;
તેમ ભવસાગર હરિસાગર થયો, જ્યારે આપોપાનો ભાર જ ગયો;
અખા મધ્યથો જા તું ટળી, બંધ ને મોક્ષ કથીશ મા વળી. (૬૭૦)

અખા બ્રહ્મ છે બાધું નામ, તે મધ્યે અળગાં અળગાં ગામ;
જેમ બાંધું નામ જોતાં એક જ ઝાડ, વિગતો જોતાં ભાંગે જાડ્ય;
રંગ સ્વાદ પત્ર ફળ ફૂલ, સદ્‌ગુરુ મળે તો ભાંગે મૂલ. (૬૭૧)

જાગજોગ મંત્ર ફળ ને સિધ, એ બ્રહ્મ ઉદર માંહેલી રિધ;
અંશી નર ઊંઘ્યો આપમાંહે, સ્વપ્ન ભોગવે ત્રણ તાપ ત્યાંહે;
વિધિ સહિત પરબ્રહ્મને જાણ, ત્યારે અખા ટળે ભવ તાણ. (૬૭૨)

આત્મલક્ષમાં નહિ પર આપ, વણસંતાને કેનો બાપ?
વણ જોનારે દર્પણ જથા, બિંબ પ્રતિબિંબની કોણ કહે કથા?
અખા દ્વૈત થયે ઉપાધ, તન મન વિના એ સાધના સાધ. (૬૭૩)

બ્રહ્મજ્ઞાની બહુ ભેળા થઈ, બ્રહ્મના દેશની વાત જ કહી;
બ્રહ્મવિદ્યા રહી બ્રહ્મને દેશ, પોતામાં નવ આવ્યો લેશ;
થૈ થૈ વાતો સહુ કોઈ કહે, અખા અણચવ્યો કોક જ રહે. (૬૭૪)

અણચવિયાનાં એ એધાણ, જે સારાંમાઠાં ઝીલે બાણ;
અધ્યાત્મ ન જાણે આત્મા થકી, નોખોનોખો કહે છે બકી;
પોતે જાણે હું આત્મવેત્તા થયો, તે થાવામાં દેહભાગ જ રહ્યો. (૬૭૫)

પોતે ટળીને સઘળું પ્રીછ, વાટે ચાલતાં આંખ મ વીંચ;
અદ્વૈત દ્વૈતનાં કરે છે કામ, સગુણ નિર્ગુણ ધાર્યાં નામ;
સગુણ નિર્ગુણ એ બે છે જોગ, પોતે ટળશે તેને પડશે ભોગ. (૬૭૬)

પોતે ટાળ્યા તે પ્રીછ્યા જાણ, તેને શોભે સઘળી વાણ;
પોતે ટળ્યા વિના શા કામના? એ તો અકૃતે વધારી કામના;
કહે અખો કાં ફોકટ ફૂલ? ભણ્યાગણ્યા પણ ન ટળી ભૂલ. (૬૭૭)

ભણ્યાગણ્યા તો તે પરમાણ; જો જાણપણું ટાળીને જાણ;
મૂળસ્વરૂપે જે કોઈ થયો, તેને ભણ્યાનો સ્વભાવ ગયો;
અખા એમ સમજ્યા તે મહાંત, તેને સત્ ચિત્ આનંદ વદે વેદાંત. (૬૭૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વેદાંત વાત વિચારી અશી, ને શ્રોતા વક્તા સમજ્યા જશી;
વેદાંતવાચક મોટો ભેદ, આસુરીનો કર્યો ઉચ્છેદ;
દૈવી તો છે ધણીનું રૂપ, અખા આસુરી ઊંડો કૂપ. (૬૭૯)

આસુરી દૈવીને ગડબડ થઈ, દીસે દૈવી તેમાં આસુરી રહી;
માટે જ્ઞાની ટળતા ફરે, જેમ રૂડે ઘેર જાતાં શ્વાનથી ડરે;
અખા શ્વાન જો પરલે થાય, તે રૂઠાને ઘેર રૂડો જાય. (૬૮૦)

ઘર તો સઘળાં રૂડાં કર્યાં, ત્યાં આસુરીરૂપે ભસે કૂતરાં;
સમજુ ઘણા પણ શ્વાનનો સંગ, વણટેવે જેમ વણસે રંગ;
અખા આસુરી કૂતરાં જાણ, આશાની ભક્તિ મોટી હાણ. (૬૮૧)

નિરાશી ભક્તિ જે કોઈ કરે, તેનું સેજે કારજ સરે;
સ્વરૂપ તે અરૂપે અદ્વૈત થાય, દ્વૈતાદ્વૈતનો લેશ જ જાય;
આત્મઅનુભવે હોય પ્રકાશ, અખા અહંકાર તે પામે નાશ. (૬૮૨)

અહંકૃતિ તજી સ્મરણ કરો, મન કર્મ વચન હરિ વડે આદરો;
ગવરાવ્યા જશ હરિના ગાઓ, હરિના છો ને હરિના થાઓ;
અહંકૃતે અણછતા ન થયા, છતાં ધણીથી છેટા રહ્યા. (૬૮૩)

છતો ધણી તું છબીલો જાણ, જેની શોભે સઘળે વાણ;
છતો ધણી છે વાણીરહિત, છતાં ધણી છે શબ્દાતીત;
એમ વાચ્ય અવાચ્ય જેને સબળું ઠર્યું, અખા તેહનું કારજ સર્યું. (૬૮૪)

સાચો મારગ જે કોઈ લે, મિથ્યા મારગ મૂકી દે;
અટળ વસ્તુને અહોનિશ ધાય, ટળને બાંધણે બાંધ્યો નવ જાય;
ટળમાં રહે અટળશું પ્રીત, અખા એવા પુરુષની થાશે જીત. (૬૮૫)

જાણી વસ્તુને ઊપન્યો વૈરાગ્ય, અણછતું આવ્રણ ન પામે લાગ;
ઓળખ્યા ચોર ને સાવચેત થયા, વળતા તે તો કુશળ રહ્યા;
અચેતન ચોર લૂંટી ગયા ભાઈ, સાવચેતને ઘેર આનંદવધાઈ. (૬૮૬)

આનંદવધાઈ અનુભવથી થાય, અજ્ઞાનગાંઠો છૂટી જાય;
અનેક જુગનું આવ્રણ જેહ, જ્ઞાનવજ્રથી ભાગે તેહ;
ધનધન જ્ઞાનીજનનું ગાત્ર, જગત જાણ્યું જેણે તૃણ માત્ર. (૬૮૭)

જ્ઞાની તે જે કરે વિચાર, પરપંચ તજે ને સંગ્રહે સાર;
સફળ કામના સવળી કરે, વાસનાવપુ ઠેકાણે ઠરે;
ટાળે આપે ને ભાળે ઈશ, અખા એવા પુરુષને મળે જગદીશ. (૬૮૮)

મોટી તાણ છે પંથ જ તણી, નથી જૂજવા એક છે ધણી;
પોતાના ઈષ્ટની પાળવી ટેક, સકળ ઈષ્ટનો અધિપતિ એક;
જેમ રાજા એક ને પ્રજા જૂજવી, અખો એ રીતે જુએ અનુભવી. (૬૮૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાજાનું જેમ શહેર જ એક, પ્રજા જૂજવી વર્ણ વિવેક;
દંભી હોય તે રહ્યા ચડભડે, તેનું નામ તે ખરડે પડે;
સર્વેને મળતો થઈ જાય, અખા આખું શહેર તેના ગુણ ગાય. (૬૯૦)

એ દૃષ્ટાંત ન સમઝે કોય, સહુનું બળ સહુમાંહે હોય;
જ્ઞાની જ્ઞાને કરીને કહે, મતિયો મત ને મતમાં રહે;
જાવા દ્યો જાણે તેમ થાઓ, આપણ આપણા અવગુણ ગાઓ,
અવગુણ મ જાશો પ્રભુ મહારાજ, તમારા બાનાની તમને લાજ;
જેમ કોઈ કેના થઈને ફરે, તે તો તેની પક્ષ જ કરે;
તમે તમારા પ્રભુ કરો સાર, અખા કરું વિનંતી તજી અહંકાર. (૬૯૨)

અહંકાર તજીને આશે રહ્યો, મન કર્મ વચને તમારો થયો;
જેમ કાષ્ટની પૂતળી નાચે નરી, તે કળસૂતરે તમારે કરી;
વાજું વજાડો તો વાજે તદા, વણવજાડ્યું ને વાજે કદા. (૬૯૩)

વાજું હું તમો વજાવણહાર, તે વાજું શાણે ધરે અહંકાર?
તે જોતાં સર્વ તમારાં કામ, આ અછતાનું અછતું નામ;
ધનધન વાજું ધણીકર થવે, અખા આસુરીકર તવ અવળું લવે. (૬૯૪)

આસુરીના ફેરા ફરે છે જંત, તે નવ જાણે વસ્તુતંત;
મૂળ આસુરી ન ઓળખે અંધ, તો દૈવીનો ક્યાં મળે સંબંધ?
ચોર શાહની ચિંતા કરે, અખા વળતો શાહ ચોરથી ડરે. (૬૯૫)

ડર્યા શાહ તે પારે થયા, જખ મારીને ચોર જ રહ્યા;
કાઢી મૂક્યા ક્રોધ ને લોભ, સાથી કીધા શીળ સંતોષ;
જ્ઞાનેંદ્રિય કર્મેન્દ્રિય જેહ, સર્વે સવળી થઈ છે તેહ;
અંતઃકરણ કહિયે જે ચાર, થાય અહર્નિશ જ્ઞાનવિહાર. (૬૯૬)

જ્ઞાની વિહારી ગોપી જશા, તે જ જ્ઞાની જેને ગોપીની દશા;
ગોપી ભૂલી ઘર ને બાર, ગોપી ભૂલી કટમ પરિવાર;
પોતાની દેહ પણ ભૂલી ગઈ, અખા કામની કુળવંત થઈ. (૬૯૭)

પ્રસન્ન થઈ પ્રભુ પ્રેમે મળ્યો, જાગ જોગારથ કરવો ટળ્યો;
વિધિનિષેધ ને થાપઉથાપ, સંકલ્પવિકલ્પ ટળ્યો સંતાપ;
પ્રટ્યો ઉરમાં પ્રેમાનંદ, પિયે સુધારસ પ્રમાદવૃંદ;
સખી સમાગમ સદા નિજધામ, અખા અખેરસ તેનું નામ. (૬૯૮)

અખેરસની ચાલે છે નદી, તે બ્રહ્મવેત્તા પિયે ભગવદી;
આળપંપાળ જેને આળસ્યું, સમદૃષ્ટિ સમજ્યા તે સમું;
કંઈ કંઈ કહેણી કથતા ફરે, અખા બ્રહ્મવેત્તા ભાગ્યે નીસરે. (૬૯૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રહ્મવેત્તા કેમ દર્શે ભાઈ, જે બ્રહ્મકળામાં રહ્યા સમાઈ;
મેલી આંખે જે કોઈ ધાય, બ્રહ્મવેત્તા કેમ દર્શ્યા જાય?
અખા આંખ જો ઊપજે નવી, તો બ્રહ્મવેત્તા દર્શે અનુભવી. (૭૦૦)

મેલી આંખને બેસે મળો, કથાકીર્તન કરે થઈ ભલો;
પછી સામસામા થઈ કરે જવાબ, અહંકૃતિજ્ઞાને વાધે આપ;
કેટલાકને યુદ્ધકથાનું જોર અખા સિદ્ધાંત ન સમઝે કરે બકોર. (૭૦૧)

સમજુને સમજુનો સંગ, અણસમજુને આપે અંગ;
સમજુઅણસમજુ મરે ભેળા ભમે, ભેળા બેસે તે ભેળા જમે;
અણસમજુ તે આંધળા કૂવા સમજુ સજ્જન સરસો ગાઉ જુવા. (૭૦૨)

વસે વેગળા મર સમજુ સજ્જન, તોયે ત્યાંથી અર્પે મન;
પ્રપંચ રીતે ન રાચો ભાઈ, એવી પરાપરાની છે સગાઈ;
એમ અનુભવી અનુભવીતે લખે, અળગો રે' વીંધાણા પખે. (૭૦૩)

વ્રેહે વધ્યો તે જાણે આપ, સાજાને શો વ્રેહનો સંતાપ?
સજા તે સાજાને ગાય, વ્રેહની વેદના વેધ્યાને થાય;
સાજા તે શાકટને જાણ, વ્રેહનો વેધ્યો તે જ્ઞાની વખાણ. (૭૦૪)

શાકટને તો અનીતિ સાર, જેમ કાગને અશુભનો આહાર
તે તો તેનું માને સુખ, કાળો કાળનાં ભોગવે દુઃખ;
શાકટને લાગે સુધારસ બાણ, પણ જ્ઞાનીના તો વેધે પ્રાણ;
જ્ઞાની વજ્રને સુધા કરી ગણે, શાકટ તો સુધાને વિષ ભણે. (૭૦૫)

શાકટ જ્ઞાની બેઉ જાણવા માંય, અળગા કોઈ ન કે'શો ક્યાંય;
શાકટનો પ્રવૃત્તિ-પરિવાર, જ્ઞાનીનો તો નિવૃત્તિ-કુમાર;
એ બેઉને કરિયે એક, તો ગાદીએ બેસે જ્ઞાનવિવેક. (૭૦૬)

જ્ઞાની વિવેકી ઠેરાવ્ય રાય, ત્યારે આસુરીનાં થાણાં ઊઠી જાય;
અદલ થયું ત્યાર સવ્વા શેર, વિષ્ટિ કરતાં ચૂક્યું વેર;
આનંદ મંગળ ઓચ્છવ થાય, હરિના જન તે હરિજય ગાય. (૭૦૭)

હરિજન ગાય તે શું કહે, આપ ટાળી ભજનમાં રહે;
પછી અખા શે'રની શોભા નવી, જેમ વીતી રજની પ્રગટ્યો રવિ. (૭૦૮)

હું-હું રૂપી વીતે રાત, તેને ટાળતાં થાય પ્રભાત;
જેને પુરુષોત્તમ થાય પસાય, તેને સર્વે સઘળું થાય;
અખા વસ્તુ આફરડી નવ મળે, આરત રાખી ધણીને બળે. (૭૦૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આરત વિના ન ઊપજે હેત, આરત વિના પૂજારો પ્રેત,
પૂછલી ભેંસ ન માંડે પગ, જોર કરીને થાક્યા ઠગ;
ઉપાડે ઘણા પણ ઊભી ન થાય, અખા જોર કરનાર પાછા જાય. (૭૧૦)

નથી વાંક વિશ્વંભર તણો, જે કહિયે તે વાંક આપણો;
જેમ કોઈ ભોજન જમાડવા કરે, ત્યાં રિસાયો તે રીસે ફરે;
પૂર્ણાનંદ પીરસનારો રહે, અખા અભાગિયાને કોણ કહે? (૭૧૧)

પૂર્ણાનંદ તો પૂર્ણ દયાળ, સર્વ જીવની કરે સંભાળ;
દયા સારુ લે દશ અવતાર, અસુરનિકંદન ભક્તિ ઉદ્ધાર;
દયાએ કીધું ગીના ભાગવત, દયા કરી સરજાવ્યા સંત;
દયા સારુ દાખવ્યા ધર્મ, અખા હરિનો મોટો મર્મ. (૭૧૦)

આત્મઉપકાર કઈ પેરે કરે? કોણ ઉપકાર આત્મા ઠરે?
ભક્ત યથારથ જે કોઈ હોય, આત્મા સહિત સમર્પે સોય;
કરી સમરણ નર્મળો થાય, અખા ધણીના થકો ઠેરાય. (૭૧૩)

દેહકાળ દ્વૈતપદને નડે, જેમ સજીવન સાથે સજીવન લડે.
પણ જીવન્મૃત જે વિરલા મને, તેને તે સજીવન શું દમે?
જડચેતન તે શબની સમાન, અખા તે જ સજીવન જેને વસ્તુજ્ઞાન.
જગતપ્રપંચ એમ ચાલ્યો જાય, જીવપણે જીવે તે સજીવન કહેવાય,
જડવત્ જીવનો એવો મતો, જીવન્મૃત જ્ઞાન ગણવો અણછતો;
મૃતક જ્ઞાની તે સજીવન સહી, અખા જીવપણે જીવ તે જીવતો નહિ
મૂળ સ્વરૂપ કહ્યું નવ જાય, એક સ્વરૂપ તે કેમ કહેવાય?
પ્રભુ આકાશથી ઊંચા ઘણા, ઊંડાપણની નહિ કાંઈ મણા;
દશે દિશામાં વ્યાપક અનુપ, એ હદે થાય કેમ અકળ સ્વરૂપ?
પૂર્ણાનંદ કરી વિચાર, સ્વરૂપ ધારણ કર્યો ઉપકાર; (૭૧૬)

જેને જડ્યું તેને સમું ફળ્યું, જેમ બીબે રૂપ ઢળે વણઘડ્યું;
વણઘડ્યો જેમ ઊપજે ઘાટ, અહંકૃતજ્ઞાન એ મોટો ઉચાટ;
નિત્ય અનિત્ય સમજાયું ખરું, અખા પ્રપંચને મેલે પરું. (૭૧૭)

સમજુ સાખી અરધ ઓચરે, તેની તરોવડ શું પંડિત કરે?
પંડિતને પંડિતાઈનું જોર, પણ અંતઃકરણમાં અંધારું ઘોર;
અખા તે થકી પ્રાકૃત ભલા, જો આવે સમજ્યાની કળા. (૭૧૮)

શબરી સંસ્કૃત શું ભણી હતી ભાઈ, કયા વેદ વાંચ્યા કરમાબાઈ?
વ્યાધ તે શું ભણ્યો'તો વેદ, ગણકા શું સમઝતી ભેદ?
વળી શ્વપચની સમજ્યો રીત, અખા હરિ તેના જેની સાચી પ્રીત. (૭૧૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઝીણી માયા તે છાની છરી, મીઠી થઈને મારે ખરી;
વળગી પછી અળગી નવ થાય, જ્ઞાની પંડિતને માંહીથી ખાય;
પણ ઝીણો થઈને ઝીણી હણે, અખો સાચી પ્રીત તેની ગણે. (૭૨૦)

નાહ્યાધોયા ફરે ફૂટડા ખાઈ પીને થયા ખૂટડા;
જગત પ્રમોદે જાડા થઈ, પણ ઝીણી માયા તે માંહી રહી,
કાય કરે તે ઝીણીની પક્ષ, તે ઝીણી જાડાને કરશે ભક્ષ. (૭૨૧)

છતી આંખ ને જઈ આથડે, જેમ પતંગિયા દીવામાં પડે;
જો કદાપિ ઊપજે વૈરાગ્ય, તો મીઠી માંહીથી ન દિયે માગ;
કોઈ કમાય ને કોઈક ખાય, કહે અખો મૂઠી ક્યાંથી થાય? (૭૨૨)

મૂડી વણ કંઈ મહી મહીપતિ વહ્યા, મૂડી વણ કંઈ લોક જ રહ્યા;
મૂડી વણ કંઈ કહાવે મહંત, મૂડી વણ કંઈ ભેખ અનંત;
મૂડી વણ કંઈ ધનવંત ઘણા, હીરા માણેકની નહીં કંઈ મણા; (૭૨૩)

અખા રહેણી આંક લખ્યો નહિ એક, એમ એકડાવોણા મીંડાં અનેક
અનેકરૂપે માયા રમે, ત્યાં તેવી જ્યાં જેવું ગમે;
વળી જો કોઈને જ્ઞાન ઊપજે, તો જ્ઞાની થઈને ભેળી ભજે;
જે કર્મ હોય મૂકવા જોગ, અખા તેનો જ પડાવે ભોગ. (૭૨૪)

એવા માયાના ઘણા છે ઘાટ, જ્યાં જોઈએ ત્યાં માયાના હાટ;
હાટેહાટે વહોરતાં હોય, કોય ખાટે કોય મૂળગું ખોય;
ધન વો'રતિયા જેણે વસ્તુ જોઈ,અખા પ્રેમના પાત્ર વડા નરસોઈ;
મોહમાયા નરમાઈ ને શું કરે? બળતો અગ્નિ પણ જળમાં ઠરે. (૭૨૫)

તૃણ તરુવરને અગ્નિનો ભે, આકાશ દાઝ્યું તે કો નવ કહે;
એમ અલ્પ આનંદી અલ્પાય, અખા પ્રેમાનંદનો પ્રલે ન થાય;
પ્રેમાનંદની ભક્તિ આકરી, વસમી વાટ મહા ખરેખરી. (૭૨૬)

કામરહિત તે કામનો વેશ, તેનો જ્ઞાની પંડિતને લાગે દેશ;
પ્રેમાનંદી જ્યાં ગાય ને વાય, અલ્પાનંદીને અટપટું જણાય. (૭૨૭)

અલ્પાનંદી પોતાને પ્રેમાનંદી ભણે, જેમ વાંઝણીપુત્ર ખોળામાં ગણે;
વાંઝણીપુત્ર શોભા અભિમાન, પણ ઉદરમાં નથી ઊપજ્યું ગણે સંતાન
એમ અલ્પાનંદી પોતાને ગણે ભલ, અખા પ્રેમાનંદ નથી ઊપજ્યો પલ.
એમ ગાય વજાડે ગુણીજન ઘણા, રંગે રૂપાળા નહિ કાંઈ મણા;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કંઠે સૂર તાળી ને તાન, ગમે ગંધર્વને પાતરનું ગાન;
પણ અખા એ તો કસબણ કહેવાય, પતિવ્રતા પૂરવે તેમ ગાય. (૭૨૯)

પતિવ્રતા તે જે પિયુને ભજે; અનાયાસે અવરને તજે;
તેનાં વસ્ત્ર સાંધ્યાં જેમ તેમ, તેની બરાબરી વેશ્યા કરશે કેમ?
અખા પતિવ્રતા કરૂપણી હોય, પણ મોટો ગુણ માંહે પતિવ્રત જોય. (૭૩૦)

પતિવ્રતા તે જે સાચું વદે, સાચું બોલ્યું કેને ન સદે;
સાચું તો લીમડાનું પાન, તેમ કડવું લાગે સર્વે જ્ઞાન;
કડવે રોગ કાયાનો જાય, અખા મીઠાણે રોગ બમણો થાય. (૭૩૧)

રોગીને તો કડવું ઘટે, લીમડો પીધે રોગ માંહીથી મટે;
નિર્ગુણ લીમડો જો રોગ નિર્ગમે, તો સગુણ ભોજન સુખે જમે;
નિર્ગુણ થઈને સગુણમાં મળે, તો અખા દૂધમાં સાકર ભળે. (૭૩૨)

વિષય સગુણ તે વિષનું રૂપ, હરિલીલા સગુણ તે અમૃતરૂપ;
વિષ અમૃત જો ભેળાં થાય, તો વળતું સર્વે વિષ થઈ જાય;
નિર્વિષપણે કરે પ્રેમકલ્લોલ, અખા સર્વે મીઠું જેમ ઘી ને ગોળ. (૭૩૩)

નિર્વિષપણું તે સજીવનદશા, વિકાર સહિત તે મુડદા જશા;
મુડદાની આભડછેટ ઘણી, તે આભડછેટ કોઈએ નવ ગણી;
અડધી આભડછેટ જાવા જાય, પોતાની આભડછેટ પ્રલય ન થાય. (૭૩૪)

પોતાનું કોઈ ન જુએ મૂળ, કોણ છે જીવ ને કોણ છે સ્થૂળ?
કયો જીવનો કહિયે દેશ? ક્યાંથી આવી કર્યો પ્રવેશ?
જાતો ક્યાં તે સમાશે જઈ? અખા એ અજાણપ સર્વમાં રહી. (૭૩૫)

અજાણી વસ્તુ મહા અનૂપ, ધણીના અંશ તે ધણીનું રૂપ;
જેમ અર્ણવજળ રણમાં પરવરે, જામે ત્યારે નામ તેનું નોખું ઠરે;
તેમ ધણીના અંશમાં પરવાર્યા ભાઈ, આસુરી રણમાં રહી સમાઈ. (૭૩૬)

અજ્ઞાની કહે હરિ એમ કેમ હોય, નોખો નોખો ઘણું વગોય;
સુખિયો દુખિયો થઈને દળાય, એવી ગડબડ કેમ કળાય?
અખા તેહનો આ જ જવાબ, જે સુખદુ:ખથી હરિ અળગા આપ.
જેમ લૂણ આવી આંધણમાં ઊકળે, તો તે અર્ણવ તેથી શેને બળે?
તેમ સુખદુ:ખ સઘળા જીવને, તેમાંથી કાંઈ નથી શિવને;
લૂણ જળ થઈ જળમાં મળે, એમ સુખદુ:ખ અખા દાસ થયે ટળે.
લુણ તો જળમાં જઈ જળ થયું, ત્યારે લુણપણાનું નખોદ ગયું;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઘણા કહે જ્યોતમાં જ્યોત સમાઈ, એમ દાસનું નખોદ ન હોય ભાઈ;
જળનું લૂણ તે જળમાં ખપે, અકા હરિના દાસ તે હજૂરમાં જપે.
નકલ એમ ઉરમાં નહિ આણ, હરિજનરૂપ અસલ કરી જાણ;
એ દીઠે આપણો સરશે અર્થ, જોયા કરે મર જૂજવા ગ્રંથ;
થડથકી તો ડાળે ચડાય, અખા ડાળેથી થડે ઉતરાય. (૭૪૦)

થડને ગ્રહો એમ સઘળા કહે, પણ ડાળ વિના ફળ ક્યાંથી લહે ?
એકલું થડનું થડ જો હોત, તો કોણ કહેનાર ને કોણ આ જાત ?
અખા ડાળપત્ર પુષ્પળ થડમાં તેમ લીલા અવતાર નામ સર્વે અટલમાં.
ઉપમા સહિત છે આત્મા કથે, તે મહી વિના જેમ પાણી મથે;
પાણી વિના જે મહી ડોળવું, તે ભાંગે ઘણું પણ થાય ઘોળવું;
જુગતિ જાણ્યા વિના જો એકલું ધ્યાય, તો અખા એકલે નવનીત ન થાય.
તેમ આપ ટાળી જો જુગ આચરે, તો ગુણ વડે ગુણાતીતને વરે;
ગોરસ ને જળ ભેળાં મળે, મથે તો રૂપ મહી જળનું ટળે;
મથતાં માખણ થાય પ્રકાશ, અખા પછી તે પરઠી છાસ. (૭૪૩)

નવનીત કમાયો જુગતે કરી, જેમ દેહ આતમાવડિયે ઓળખ્યા હરિ;
તે વિવેકી સદ્‌ગુરુએ વલોવ્યું જદા, નવનીત નિહાળું પામ્યો તદા;
અનુભવ અગ્નિએ કીધું તૂપ, અખા ભાળ્ય એ બ્રહ્મસ્વરૂપ. (૭૪૪)

મન મૂકી જેણે ભક્તિ કરી, તેણે દીઠા નિરંતર હરિ;
પૈની પેરે ઘરમાં વસ્યો, તે શોકે ન રોયો ન હર્ષે હસ્યો;
અખા તે જ નર સુખિયો થયો, દ્વંદ્વાતીત નર સુખમાં રહ્યો. (૭૪૫)

આદિકર્મ કીધે જીવ થાય, જેને કારણ અહંતા પરઠાય;
પંડિત જાણે કવિનો મર્મ, અખો જાણે જીવ સાધે ધર્મ;
એ વિગત કરે તે વક્તા ખરો, અણજાણે ભૂલા કાં ફરો ? (૭૪૬)

(સમાપ્ત)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

NAVYUG PUSTAK BHANDAR

કિંમત : ૮૦.૦૦

ISBN 978-93-85268-09-0

9 789385 268090

Dr. Urmila Sharma Collection, Varanasi